કિં. ₹૨૦/-
પાના નં-૧

ફેબ્રુઆરી - માર્ચ
૨૦૧૬

સળંગ અંક : ૬૪
વર્ષ : ૧૧

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા





પ્રાકૃતિક રંગોની
પ્રયોગશીલ ચિત્રકાર
પ્રવિણા મહિચા

## નારી તારા નવલા રૂપ

ચિત્ર સૌજન્ય : સ્વ. તનસુખ મહિચા

અંજાર મહિલા મંડળ - દશાબ્દી વર્ષની ઉજવણી...૬ | પ્રવાસ - પંચમઢી...૨૧ | રસાસ્વાદ-તુલસીદાસજી...૨૬

KANSARA
Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૧ ● અંક : ૪

ફેબ્રુઆરી – માર્ચ '૧૬



**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૯૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૯૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઇન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૯૦૧૭૭૫૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com



છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-



**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**


## તંત્રી સ્થાનેથી

સમાજનો વિકાસ એ સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સંકળાયેલો હોય છે. કોઈ પણ સમાજની પ્રગતિશીલતાનો ખ્યાલ, તે સમાજમાં મહિલાઓની સ્થિતિ પરથી આવી શકે. આર્થિક અને સામાજીક ક્ષેત્રે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી પ્રગતિશીલ સમાજની ઓળખ બને છે. સમગ્ર દેશમાં મહિલા વિકાસ અને સશક્તિકરણની ખૂબ ચર્ચાઓ થાય છે પરંતુ હજુ ઘણા સમાજોમાં મહિલાઓની સ્થિતિ દયનીય રહેલ છે. સદ્‌ભાગ્યે આપણો સમાજ હંમેશાંથી પ્રગતિશીલ વિચારસરણી ધરાવે છે. સમયની સાથે આવતા પરિવર્તનોનો સ્વીકાર કરી આગળ વધી રહેલ છે. આથી જ સમાજ દહેજ પ્રથા જેવા દૂષણોથી દૂર રહેલ છે. સમાજમાં મહિલાઓની સ્થિતિ એકંદરે સારી કહી શકાય તેમ છે. ગત વર્ષમાં વિવિધ સ્થળોએ મહિલા મંડળોની પ્રવૃત્તિઓમાં થઈ રહેલ વધારો તેનું દ્યોતક છે.

તાજેતરમાં અંજારના મહિલા મંડળના દશાબ્દી વર્ષની ઉજવણીમાં સમસ્ત સમાજના મોભીઓની હાજરી સામાજીક કાર્યોમાં મહિલાઓની ભાગીદારીના સહર્ષ સ્વીકાર સાથે પ્રોત્સાહક અને પ્રેરણાદાયી બની રહેલ છે. 'જ્ઞાતિસેતુ'માં ગત અંકથી શરૂ થયેલ 'નારી તારા નવલાં રૂપ'માં સમાજની મહિલાઓ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં અપાયેલ યોગદાનને ઉજાગર કરવાની નેમ છે. આ અંકમાં પણ કલા, શિક્ષણ અને સેવા ક્ષેત્રોમાં ઉલ્લેખનીય યોગદાન આપતી મહિલાઓની નોંધ લેવામાં આવેલ છે.

હાલમાં આપણા સમાજના મુખ્ય વ્યવસાય એવા સોના ચાંદીના ધંધા રોજગાર સાથે સંકળાયેલ વર્ગ કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવેલ એક્સાઈઝ ડ્યુટીના પગલે 'ઈન્સ્પેક્ટર રાજ'ના ફરી આગમનના એંધાણથી વ્યથિત છે. હડતાળ અને સંઘર્ષના સમયમાં સંગઠિત શક્તિ ઉજાગર થાય છે. આ સમસ્યાનો, સવેળા સુખદ સમાધાન થાય તેવી આશા સહ...

**– અતુલ સોની**

# તત્ત્વદર્શન – પંચીકરણ (૨)

કુ. પ્રિન્સી સોની - નખત્રાણા

આદિના આરંભથી અનંતના અંત સુધીની સૌથી મોટી પ્રક્રિયા – મહત્વની પ્રક્રિયા એટલે પંચીકરણ. ગત અંકે કરેલ ચર્ચા મુજબ જળ, પૃથ્વી, અગ્નિ, વાયુ અને આકાશનું મિશ્રણ એટલે પંચીકરણ. આ એક અત્યંત સરળ પ્રક્રિયા છે.

આ પ્રક્રિયા સૌથી મોટી એટલા માટે છે કે, વિશ્વનો આધાર અથવા સર્જન પંચીકરણ પર આધારિત છે. અને મહત્વની એટલા માટે કે, જો પંચીકરણ સમજાઈ જાય તો, વ્યક્તિને એ બાબત સિદ્ધ થઈ જાય કે, આ શરીર-જેને આપણે પોતાનું ગણીએ છીએ, ઠાઠમાઠ ને કાલાવાલાં કરીએ છીએ, જેના સુખદુ:ખ કે સગાં સંબંધીઓને પોતાના ગણીએ છીએ - એ તો માત્ર જળ, પૃથ્વી, અગ્નિ, વાયુ અને આકાશનું બનેલ ખોળિયું છે. જેની અંદર અનાદિ, અનંત અને પરમતત્ત્વનું અંશ આત્મા વસે છે.

પંચીકરણની પ્રક્રિયા સમજાઈ ગયા બાદ વ્યક્તિને દઢપણે એ બાબત સમજાઈ જાય છે કે, જીવનમાં આવતા સુખ:દુખ શરીરના છે. કાયમ આગળ-પાછળ ફરતા સગાં-સંબંધીઓ શરીરના છે. જેની સજાવટ કે શણગાર પાછળ જિંદગીના આટલા કલાકો બેફામ વાપરી દઈએ છીએ તે તો માટીનો ઢગલો માત્ર છે. જેની સાહ્યબી માટે કાયમ પદ, પ્રતિષ્ઠા અને પૈસા પાછળ ગાંડાની જેમ દોટ મૂકીએ છીએ તે માત્ર હાડ-માંસનો આવરણ જ છે. જ્યારે વિખુટાં પડવાનો અવસર આવશે ત્યારે શરીર છોડતાં એક ક્ષણની પણ વાર નહિ લાગે. પછી તો બધું જ શરીરની સાથે રાખ થઈ જશે.

જેને હું મારૂં ગણું છું, તે બધું તો મારા શરીરનું છે. કાયમ ઝંખના કરૂં છું એ સુખ શરીરનું છે. મને અસહ્ય લાગતુ દુ:ખ મારૂં નથી, બલકે મારા શરીરનું છે. શરીરને લીધે જાગતી મારી પદ, પૈસા અને પ્રતિષ્ઠા માટેની લાલસા મને મોહજાળમાં ધકેલે છે. ઈશ્વરત્વ પ્રાપ્ત કરવાને બદલે અધ્યાત્મમાર્ગમાં બાધા બનીને ઊભી છે. આમ, હું કાંઈ શરીર નથી, હું એક આત્મા છું. હું એ વિરાટ તત્વનો અંશ છું, જેને જગત પરમાત્મા કહે છે.

આ બાબત મનમાં ઠસી ગઈ તો જીવનની કોઈપણ સ્થિતિમાં મન વિચલીત નહિ થાય. જીવનમાં સુખ:દુ:ખ તો આવ્યા કરશે, પણ તેની અસર મન પર નહિ પડે. કારણ કે, મનને અપરોક્ષ થઈ જશે કે, મારા જીવનમાં આવતા સુખ:દુ:ખ મારા નથી. મારા જીવનમાં બનતી દરેકે દરેક ઘટનાનો કર્તા-ભોક્તા મારૂં શરીર છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ ફક્ત તેને જોઉં છું, તેનો દૃષ્ટા છું.

આપણો જન્મ થયો તે દિવસથી જ આપણા શરીરને પોતાનો માનીએ છીએ. એટલે જીવનમાં શરીર દ્વારા થતી દરેક ક્રિયાઓ માટે "હું" શબ્દ વાપરીએ છીએ. "હું જમું છું," "હું જોઉં છું," "હું સાંભળું છું," "હું ચાલી રહ્યો છું" વગેરે વાક્યો આપણા રોજિંદા જીવન સાથે સંકળાયેલા છે.

હવે આ દરેક વાક્યોનું વિશ્લેષણ કરીએ તો, જમવાની ક્રિયામાં આપણું મોઢું અન્ન ગ્રહણ કરે છે, આપણા કાન શબ્દો સાંભળે છે, આપણી આંખ દૃષ્ટિ દ્વારા દશ્યો નિહાળે છે. જો કાન, નાક, આંખ, મોઢું, શરીર વગેરે આપણાં છે, તો આપણે કોણ? જીવનની ક્રિયાઓ માટે જે "હું" નો ઉપયોગ કરીએ છીએ એ "હું" એટલે કોણ? આ પ્રશ્નનો સીધો જવાબ છે "હું" એટલે આત્મા.

આપણે જન્મથી લઈ આજ સુધી શરીરને સર્વસ્વ માનીએ છીએ, એટલે શરીર અને આત્મા જુદા-જુદા છે, અથવા 'હું આત્મા છું' એ વાત ગળે ઉતરવી ખૂબ અઘરી બાબત છે. પણ જરા વિચારી જુઓ કે, આપણું શરીર જ સર્વસ્વ હોય તો આપણે એમ શા માટે કહીએ છીએ કે, "આ મારૂં શરીર છે." એમ શા માટે નથી કહેતા કે, "હું શરીર છું?".કારણ કે, જીવ ભલે અજ્ઞાનવશ પોતાને શરીર માનતો હોય, પણ તેનો અંત:કરણ ભલીભાંતિ જાણે છે કે, આત્મા અને શરીર ભિન્ન છે. કહેવાનું તાત્પર્ય એ જ છે કે, શરીર એક સાધન છે જે ક્રિયાઓ કરે છે અને આત્મા તે ક્રિયાઓનો પ્રકાશક છે. શરીર કમ્પ્યુટરનો હાર્ડવેર ભાગ છે, જે કમ્પ્યુટરને ઈનપુટ આપવામાં મદદરૂપ છે અને આત્મા સોફ્ટવેર છે. જે આપેલ ઈનપુટનું કોડિંગ કરી આઉટપુટ આપે છે.

હવે આત્મા અને શરીરને જુદા જાણવા માટે તે બંનેના લક્ષણો જાણવા પડશે. આ બંને તત્ત્વોને અલગ-અલગ રીતે સમજવા પડશે. આત્મા અને શરીર એકબીજાથી કઈ રીતે જુદા પડે છે તે સમજવા તફાવતના કારણો સમજવા પડશે.

સૌપ્રથમ આત્માના લક્ષણોની વાત કરીએ તો, આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, વૃદ્ધિલક્ષણ રહિત અનાદિ-સિદ્ધ, અનંત, અસંગ (જેને સંગદોષ લાગુ ન પડે તે), નિર્વિકાર, અક્રિય નિરાકાર, નિર્ગુણ, નિત્ય-પ્રત્યક્ષ, દેહત્રય, ત્રણ અવસ્થાનો સાક્ષી, પંચકોશાતીત, દૃષ્ટા અને સ્વયંજ્યોતિ સચ્ચિદાનંદરૂપ છે.

અનંત એટલે જેનો કોઈ અંત નથી. આત્મા કદાપિ જન્મ ધારણ કરતો નથી, જેથી તેનું મૃત્યુ પણ નથી. માટે તે અજન્મા અને નિત્ય છે. આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં હાજર રહે છે માટે તે સાશ્વત છે. આત્માને કોઈનો સંગદોષ લાગુ પડતો નથી, તેથી તે અસંગ અને નિર્વિકારી છે. તે પોતે ક્રિયા

કરતો નથી, તેથી નિર્ગુણ, નિત્ય-પ્રત્યક્ષ છે. પરંતુ ક્રિયા કરનાર શરીરને ક્રિયા કરવાના સ્રોત પૂરા પાડે છે, માટે તે અક્રિય પંચકોશાતીત છે. આત્માનો કોઈ આકાર નથી, માટે તે નિરાકાર છે. આત્મા સ્થુળ, સૂક્ષ્મ અને કારણ શરીરનો ઉર્જાસ્રોત દેહત્રય-સ્વયંજ્યોતિ સ્વરૂપ છે. આત્મા સત્સ્વરૂપ છે, તે ત્રણેય કાળમાં ત્રણેય અવસ્થાનો દૃષ્ટા-સાક્ષી છે અને આનંદ પ્રદાતા છે. માટે સચ્ચીદાનંદસ્વરૂપ પણ છે.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ – એ ત્રણ અવસ્થા તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળમાં આત્મા છે. માટે સત્ અને જાગ્રત આદિ ત્રણ અવસ્થાને જાણે છે, માટે ચિત્ત અને સદાકાળ આત્મા પરમ પ્રેમાસ્પદ સ્વરૂપ છે માટે આનંદ છે.

હવે પ્રશ્ન એ થાય કે, ત્રણેય અવસ્થામાં આત્મા સચ્ચિદાનંદરૂપ છે, તેનો અનુભવ સ્પષ્ટ રીતે કેમ સમજાય? તો એક વાત તો નિશ્ચિત છે કે, આત્મા શરીરની ત્રણેય અવસ્થામાં હાજર છે. જેમકે, જાગ્રત અવસ્થામાં (જાગતી વખતે) જે વ્યવહાર થાય તેનો આત્મા સાક્ષી છે. આમ તે સત્ સ્વરૂપ છે. આત્માને ત્રણેય અવસ્થાઓ દરમિયાન શબ્દ, સ્પર્શ, ગંધ, ગમન વગેરેનું ભાન થાય છે, માટે તે ચિત્ત સ્વરૂપ છે. તેમજ ત્રણેય અવસ્થા-કાળમાં આપણે તેને એટલે પોતાને પ્રેમ કરીએ છીએ. સ્ત્રી, પુરૂષ ઈન્દ્રિયો તથા પ્રાણથી પણ આપણને "હું" પ્રિય છે, માટે તે આનંદસ્વરૂપ પણ છે. આમ આત્મા અખંડ સત્-ચિત્ત-આનંદ (સચ્ચિદાનંદ) સ્વરૂપ છે.

સામાન્ય જ્ઞાનરૂપ આત્મા સમગ્ર જગતમાં અસ્તિ, ભાતી અને પ્રિયરૂપે વ્યાપક છે. હવે પાછો પ્રશ્ન એ થાય કે, અસ્તિ, ભાંતિ અને પ્રિય એટલે શું? તો અસ્તિ એટલે જેનું અસ્તિત્વ છે. ભ્રાંતિ એટલે જેનું અસ્તિત્વ છે તેનાં હોવાપણાનું આપણને ભાન થાય છે. અને પ્રિય એટલે જે આપણને આનંદ આપે છે.

જગતના ભૂત-ભૌતિક જેટલા પદાર્થો છે, તે સર્વ પદાર્થોમાં (૧) અસ્તિ, (૨) ભાંતિ, (૩) પ્રિય, (૪) નામ અને (૫) રૂપ – એ પાંચ અંશ પ્રતીત થાય છે.

ઉદા. (૧) એક માટીનો ઘડો છે. (૨) હવે એ ઘડાના હોવાપણાનું આપણને ભાન થાય છે. (૩) તે ઉપયોગી છે તેથી તેમાં પ્રિયતા ભાસે છે. (૪) તેનું "ઘટ્ટ" કે "માટલો" એવું નામ છે. (૫) તેનું મોઢું સાંકડું - પેટ મોટું એવું રૂપ છે.

તેજ રીતે જગતની તમામે તમામ ચીજવસ્તુમાં આ પાંચ અંશ જણાય છે.

તેમાં પહેલા ત્રણ અંશ અસ્તિ, ભ્રાંતિ અને પ્રિય એ બ્રહ્મસ્વરૂપ છે. અને બાકી બંને "નામ" તથા "રૂપ" એ કલ્પિત જગતનું રૂપ છે. તેથી મિથ્યા છે.

આમ, ત્રણેય અવસ્થાથી પર સચ્ચિદાનંદરૂપ આત્મા બહુવિધ લક્ષણરૂપ સર્વ જગતમાં વ્યાપ્ત છે.

આજ રીતે શરીરના પણ જુદા-જુદા લક્ષણો, ભોગ અને અવસ્થા છે, જેની ચર્ચા આવતા અંકે.

અસ્તુ. ■

## મોહમાયા

*આ સંસારમાં મોહમાયાના બંધનથી માણસ જકડાયેલો છે. મોહ માણસને મૂર્છિત કરી નાખે છે. જે વસ્તુમાં મોહ હોય તે સિવાય બીજું કશું દેખાતું નથી. મોહનો અર્થ એ છે કે આપણે આપણામાં નહીં પરંતુ બીજી કોઈ વસ્તુમાં જીવી રહ્યા છીએ. આપણે આપણો જીવ આપણામાંથી હટાવીને બીજે ક્યાંય રાખી દીધો છે. કોઈનો મોહ તિજોરીમાં છે, કોઈનો મોહ સ્ત્રીમાં છે, તો કોઈનો મોહ પદ પ્રતિષ્ઠામાં છે. જ્યાં જીવ ધબકવો જોઈએ ત્યાં ધબકતો નથી. કોઈ બીજી વસ્તુમાં ધબકે છે. મોહ અને આસક્તિ માણસને ગુલામ બનાવી નાખે છે. જ્યાં પણ જીવ રાખી દીધો હોય તેનો માણસ દાસ બની જશે. તે વસ્તુ તેના હાથમાંથી છીનવાઈ જશે તો શરીરમાંથી તેનો જાન ચાલ્યો જશે. મોહ પરતંત્રતા છે. આમાં બીજાને આધારે જીવવું પડે છે. મોહ છૂટી જાય તો માણસ પોતાની રીતે જીવી શકશે. તેને કોઈ વસ્તુ હોય કે ન હોય તેનો કશો ફરક પડશે નહીં. આ પછી સફળતા મળે કે નિષ્ફળતા, સુખ આવે કે દુઃખ કોઈ અંતર નહીં પડે. કોઈ વસ્તુ તેને ચલિત નહીં કરી શકે. કારણકે જીવનનું કેન્દ્ર હવે તેના પોતાનામાં છે. મોહ અને આસક્તિ માણસને દુઃખી કરે છે. મોટાભાગના દુઃખો આમાંથી ઉદ્‌ભવતા હોય છે. જેમાં આપણો જીવ હોય તેનું ભારે જતન કરવું પડે છે. આપણા સુખદુઃખનો તે આધાર બની જાય છે. મોહ છૂટી જાય છે ત્યારે માણસ ઉચ્ચ ગતિને પામે છે અને મોહ છીનવાઈ જાય છે ત્યારે માણસ ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. આપણે જે વસ્તુથી મોહિત છીએ તે વસ્તુ વહેલી કે મોડી હાથમાંથી છટકી જવાની છે. મોહનું કેન્દ્ર છીનવાઈ જાય, ખોવાઈ જાય, નષ્ટ થઈ જાય એ પહેલાં તેની પરની પક્કડ છોડી દેવી જોઈએ. તેનાથી મુક્ત થઈ જવું જોઈએ.*

*– સંકલિત*

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

મહામંડળની એક મિટીંગ કોટડા - જડોદર ખાતે સ્થાનિક સમાજની ઈચ્છા મુજબ ૧૩-૩-૨૦૧૬ના સવારે ૧૧ કલાકે મિટીંગ શરૂ કરવામાં આવી. જેમાં કોટડા જડોદરાના સમાજ પ્રમુખ શ્રી રમેશભાઈ કોટડિયાએ સૌને આવકાર્યા હતા. દર્શનાબેન ગુજરાતી દ્વારા સંચાલન સંભાળવામાં આવેલ. આશિષભાઈ દ્વારા ક્લાસિક પ્રાર્થના કરવામાં આવેલ. ત્યાર પછી દીપ પ્રાગટ્ય મહામંડળના તમામ હોદ્દેદારો અને પ્રમુખશ્રીનાં હસ્તે કરવામાં આવેલ. વિવિધ મિટીંગના અહેવાલનું વાંચન ચંદુભાઈ જે. ચનાણી દ્વારા કરવામાં આવી જેને બહાલી આપવામાં આવી.

કોટડા ઘટક દ્વારા માસ્ટર ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. જેમાં (૧) મનીષાબેન ભાઈલાલ બુધ્ધભટ્ટી, (૨) માલાબેન ત્રિભુવનભાઈ કટ્ટા, (૩) મયુરભાઈ રવિલાલનું સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ મિટીંગમાં નાણાંકીય સમિતિની રજુઆતને ધ્યાનમાં લઈ દરેક ઘટક પોતાના કારોબારી સભ્યો દીઠ રૂા. ૧૦૦૦/- મહામંડળને જમા કરાવશે તેવું જણાવ્યું હતું. મહામંડળ દ્વારા પેટ્રન સભ્યો કે જે લોકો દર વર્ષે મહામંડળને નિયમિત દાન આપે તેવી રજુઆતને ધ્યાનમાં લઈ વિવિધ દાન મળેલ હતા. (૧) ૧૧૦૦૦/- સોની પ્રભુદાસ ખેતશી ગુજરાતી, (૨) ૫,૦૦૦/- શ્રી ચંદ્રકાંત વેલજી કંસારા - ભચાઉ, (૩) ૫,૦૦૦/- શ્રી ગંગારામભાઈ કરશનદાસ હ. મધુસુદન જ્વેલર્સ - નખત્રાણા, (૪) ૨૧૦૦/- લખમશી ઈશ્વરલાલ કોટડિયા - નખાત્રાણા, (૫) ૫,૦૦૦/- પ્રકાશભાઈ ભગતલાલ બારમેડા - રાયપુર દ્વારા રકમ આપવામાં આવી હતી. આ ઉપરાંત મહામંડળને ૫૫૦૦/- કોટડા જડોદર જ્ઞાતિ તરફથી ૧૧૦૦/- મનીષાબેન બુધ્ધભટ્ટી, ૨૧૦૦/- સોની મણિલાલ ગોવિંદજી - નખત્રાણા, ૧૧૦૦/- સોની રમેશચંદ્ર રાઘવજી લાયચા, ૧૦૦૦/- કંસારા હેમેન્દ્રભાઈ મોહનલાલ ગુજરાતી દ્વારા મહામંડળને દાન મળેલ.

મહામંડળ દ્વારા મારવાડી સમાજને હળવા મળવા તેમજ તેમની સાથે સંબંધો આગળ વધારવા માટે વિવિધ સભ્યો દ્વારા ચર્ચા કરવામાં આવી. હેમેન્દ્રભાઈ કંસારા, લખમશીભાઈ કોટડિયા, ચમનભાઈ કંસારા, રમેશભાઈ લાયચા, ચેતનભાઈ આઈ. બારમેડા, શાંતિલાલ સોની, પ્રેમજીભાઈ સોલંકી, એકતાબેન કટ્ટા, પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, દિલીપભાઈ બગ્ગા વગેરે વક્તાઓએ હાલમાં મારવાડી સમાજ સાથે સંબંધો આગળ વધારવા તેવું સૂચન મૂક્યું હતું. જેમાં મુખ્ય સંયોજક નીતિનભાઈ હેડાઉની રાહબરી હેઠળ ૧૫ સભ્યોનાં નામ જોડવામાં આવ્યા હતા. આ સભ્યો મારવાડી સમાજ સાથે જયારે મિટીંગ હોય ત્યારે તે સભ્યો ત્યાં હાજર રહેશે તેવું નક્કી કરવામાં આવ્યું.

આ પ્રોગ્રામમાં ભુજના આગેવાન શ્રી દિલીપભાઈ બગ્ગા, સુનીલ કંસારા, હિતેશભાઈ પોમલ, અંજારથી ફોરમભાઈ પોમલ, માંડવીથી સુરેશભાઈ સોલંકી, પ્રવીણભાઈ સોલંકી, નખત્રાણાથી હીરાલાલભાઈ બગ્ગા, હેમેન્દ્રભાઈ કંસારા, મથલ ગામના અગ્રણી ખીમજીભાઈ વલમજી બારમેડા ઉપરાંત અમદાવાદ પ્રમુખશ્રી જયમીનભાઈ બારમેડા, મનુભાઈ કોટડિયા ઉપરાંત મહામંડળના હોદ્દેદારો હાજર રહ્યા હતા. પ્રભુદાસભાઈ ખેતશી મહામંડળના પ્રમુખશ્રીએ જણાવેલ કે જેટલો સમાજ વધુ સંગઠિત બને જેથી વધુ સમાજની એકતા કેળવાય.

આભારવિધિ ચંદુભાઈ ચનાણી દ્વારા કરવામાં આવેલ.

### હિમાલયનો રંગ

*કટક બટક પડતી કરાની વર્ષા*
*મંદ મંદ વાતો ઠંડો પવન*
*મોટા મોટા શિખરો*
*તેની વચ્ચે વિહરતો પવન*
*હિમાલયનું શિખર માઉન્ટ એવરેસ્ટ*
*હિમાલયનું યાત્રાધામ બદ્રીનાથ - કેદારનાથ*
*માનવીની અમર યાત્રાનું ધામ એવું*
*બરફની શિલાલેખથી શોભતું અમરનાથ*
*શિવજીનું નિવાસ સ્થાન*
*ભારતનું રક્ષા કવચ*
*ભારતની આન - બાન - શાન.*
*એવો છે હિમાલયનો રંગ હિમાલયની સંગ.*

**ધારા રવજીભાઈ બારમેડા - રવાપર**

*'જ્ઞાતિસેતુ' એ એક જ્ઞાન વિજ્ઞાનની ગંગા છે*
*જ્ઞાતિનો એક કલરફૂલ પતંગ છે*
*દરેક લેખકના વિચારોનો મહાસાગર છે*
*સમાજમાં કલ્યાણનો એક માર્ગ છે*
*જ્ઞાતિ માટે એક સંપૂર્ણ તમન્ના છે*
*કહી દો તમે તમારા મનમાં છે*
*યુવાનોને આગળ આવવાનું સાહસ છે*
*સમાજને એકત્રિત કરી દે એવી તાકાત છે*
*એક દશાબ્દી નહીં પણ હજાર હો*
*સમજામાં વહેતી નિર્મલ જલધારા હો...*

**શાંતાબેન બારમેડા - અંજાર**

# અંજાર ખાતે સમાજવાડીનું ભૂમિપૂજન



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજારની સમાજવાડીનું ભૂમિપૂજન શિવરાત્રીના રોજ કરવામાં આવ્યું. અંજારમાં ગંગા નાકા બસ સ્ટેશન પાસે ભૂકંપ અગાઉ કંસારા સોનીની નાત તરીકે ઓળખાતી સમાજવાડી આવેલ હતી. જે ભૂકંપમાં સંપૂર્ણ ધ્વંશ થયેલી. આ સમાજવાડીના પરિસરમાં જ માનકેશ્વર મહાદેવનું મંદિર આવેલ હતું. જેનો જીર્ણોધ્ધાર ૮ વર્ષ અગાઉ કરવામાં આવેલ.

ભૂકંપ બાદ હાલ સુધી ખુલ્લી રહેલી અને પાર્ટી પ્લોટ તરીકે ઉપયોગમાં લેવાતી આ કંસારા સોની નાતની જગ્યા પર અદ્યતન સમાજવાડીનું નિર્માણ કરવા માટે ટ્રસ્ટ તરફથી નક્કી કરવામાં આવેલ અને તેના અમલીકરણ રૂપે તા. ૭-૩-૨૦૧૬ – શિવરાત્રીના રોજ શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન – પાયાવિધિ કરવામાં આવેલ. આ અદ્યતન ભવન આશરે ૮૦થી ૯૦ લાખના ખર્ચે નિર્માણ થશે તેવું કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટના પ્રમુખશ્રીની યાદીમાં જણાવાયું છે. જે કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ તથા જ્ઞાતિ સભ્યોના સહકારથી - ડોનેશનથી નિર્માણ થશે.

સમાજવાડીના ભૂમિ પૂજનની વિધિ જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસે કરાવેલ હતી. જે જ્ઞાતિના મંત્રી શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગાના પરિવારના હસ્તે સંપન્ન થયેલ.

ભૂમિ પૂજનના આ કાર્યમાં મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજારના આગેવાનો શ્રી હરિલાલ લખમશી સોની, શ્રી સુરેશભાઈ રમણિકલાલ પોમલ, શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ, શ્રી સુરેશભાઈ વીસા પરમાર, શ્રી છગનલાલ હેડાઉ, શ્રી નવીનભાઈ સોની, શ્રી પ્રેમજીભાઈ ગાંગજીભાઈ, શ્રી મોહનલાલ રાઘવજી સોલંકી, શ્રી ચમનલાલ રાઘવજી સોલંકી, શ્રી નરેન્દ્ર વાલજીભાઈ બુધ્ધભટ્ટી, શ્રી વિનોદભાઈ મૈચા, શ્રી ઉત્તમભાઈ મૈચા, શ્રી હેમરાજભાઈ બુધ્ધભટ્ટી વગેરે તથા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં થયેલ. આ કાર્યને સફળ બનાવવા મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટના કારોબારી સભ્યો સર્વશ્રી ફોરમ પોમલ, કિરણભાઈ હેડાઉ, અનિલભાઈ બગ્ગા, પ્રકાશભાઈ સોની, શિવલાલ સોની, ઈશ્વરભાઈ બારમેડા, કિરણભાઈ સોલંકી, ભરતભાઈ સોલંકી, કિશોરભાઈ બુધ્ધભટ્ટી, શાંતિલાલ બુધ્ધભટ્ટી, શૈલેષ પોમલ, શશીકાંત બારમેડા, ભરતભાઈ બુધ્ધભટ્ટી, યુવક મંડળના સભ્યો સંદીપભાઈ બુધ્ધભટ્ટી, સતીષભાઈ બુધ્ધભટ્ટી, અમિતભાઈ બારમેડા વગેરે તથા મહિલા મંડળના સભ્યો પિંકીબેન કટ્ટા, અંજનાબેન પોમલ, હેમલતાબેન પોમલ, શાંતાબેન બારમેડા વગેરેએ જહેમત ઉઠાવી હતી. ■

## પોમલ માતાજી ટ્રસ્ટ - અંજાર દ્વારા પોમલ માતાજીનો પાટોત્સવ ઉજવાયો

અંજારના પોમલ માતાજી ટ્રસ્ટ દ્વારા પોમલ નુખના કુળદેવી વાંકોલ ચામુંડા માતાજીનો પાટોત્સવ ખૂબ જ આનંદ ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો.

હવેલી ફળીયા મધ્યે આવેલ માતાજીના મંદિરે હોમ-હવન વિધિપૂર્વક કરવામાં આવ્યા હતા. શ્રી જયેશ ઈશ્વરલાલ પોમલ (ભુજ) તેમજ કીર્તિભાઈ હીરજી પોમલ (ભુજ) એ હવનનો લાભ લીધો હતો. બપોરે ૧ વાગ્યા બાદ શ્રીફળ હોમવામાં આવ્યું હતું. હોમ-હવનની વિધિ જ્ઞાતિના ગોર પૂજ્યશ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ અને તેમના સુપુત્ર શ્રી દેવેનભાઈ વ્યાસ દ્વારા સંપન્ન કરાવવામાં આવી હતી.

કચ્છ અને રાજકોટ, જામનગર, અમદાવાદ, મુંબઈ વગેરે અનેક જગ્યાએ રહેતા પોમલ કુટુંબોએ પાટોત્સવ નિમિત્તે અંજાર પધારીને માતાજીના દર્શનનો લાભ લીધો હતો. બપોરે સૌએ ''મહાપ્રસાદ''નો આનંદ પણ લીધો. મહાપ્રસાદના દાતા શ્રી બિહારીલાલ રવજી પોમલ (ભીમાસર) તા. અંજાર રહ્યા હતા.

પાટોત્સવ અંતર્ગત યોજાયેલ વિવિધ કાર્યક્રમોથી ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત પોમલ નુખના ભાઈ-બહેનો એકબીજાને ઉત્સાહપૂર્વક મળતા હતા. લાગતું હતું કે જાણે ''ચલો બુલાવા આયા હૈ, માતાને બુલાયા હૈ...'' ખૂબ જ ઉમળકાથી સૌ કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મહિલા મંડળ - અંજાર

અંજના એન. પોમલ

## દશાબ્દી વર્ષની ઉજવણી

*અંજાર મહિલા મંડળની સ્થાપનાના દશાબ્દી વર્ષના પ્રારંભે યોજાયેલ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં સમસ્ત સમજાના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. એક દાયકાની સફરમાં જેમનો સતત સાથ અને પ્રોત્સાહન મળેલ છે તેવા સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' પરિવારને અને હાલમાં શરૂ થયેલ 'હેમલેખા'ને આ પ્રસંગે વિશેષ આમંત્રિત કરી એમનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, ઉપપ્રમુખ શ્રી હરિભાઈ વીશા પરમાર, ખજાનચી શ્રી ચંદુભાઈ ચનાણી, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ચેતનભાઈ બારમેડા, નાણાંકીય સમિતિના ચેરમેન શ્રી નીતિનભાઈ હેડાઉ, મહિલા સેલના ચેરપર્સન શ્રીમતી લતાબેન સોલંકી, કલા સંસ્કૃતિ સમિતિના ચેર પર્સન કુ. સુધા બુધ્ધભટ્ટી, ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગા, નખત્રાણા જ્ઞાતિ પ્રતિનિધિ શ્રી દિનેશભાઈ, અમદાવાદ જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડીયાળી, જ્ઞાતિસેતુ ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા, તંત્રી શ્રી અતુલ સોની, હેમલેખાના તંત્રી શ્રી શાંતિલાલ સોની વિશેષ ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કરેલ.*

અંજાર મહિલા મંડળની સ્થાપનાને તા. ૧૩-૨-૨૦૧૬ના રોજ ૯ વર્ષ પૂરા થયા. મંડળના સ્થાપના દિવસની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે. આ સાલ દસમા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે દશાબ્દી મહોત્સવ કાર્યક્રમ — ત્રણ દિવસનો રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિવસે વૃક્ષારોપણ તથા સરસ્વતી પૂજન, તા. ૧૩-૨ના મહામંડળ દ્વારા પર્લવર્ક પ્રોજેક્ટ તેમજ તા. ૧૪-૨ના એજયુકેટેડ લેડીઝ - જેન્ટ્સનો સન્માન કાર્યક્રમ તથા વેલેન્ટાઈન સ્પે. એન્ટરટેઈનમેન્ટ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

તા. ૧૨-૨ના વસંત પંચમીના વૃક્ષારોપણ કાર્યક્રમ જ્ઞાતિની સમાજવાડી મધ્યે કરવામાં આવ્યો હતો. તેની પૂજા પૂ. ગોરબાપાએ કરાવી હતી અને એ જ દિવસે સરસ્વતી પૂજા રાખવામાં આવી હતી. જેમાં દરેક વિદ્યાર્થીઓને સરસ્વતી યંત્ર આપવામાં આવ્યું હતું અને તેની પૂજા પૂ. દેવેનભાઈ ગોરે કરાવી હતી. તેમાં જ્ઞાતિના ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પૂ. દેવેનભાઈના કહેવા મુજબ વિદ્યાર્થીઓએ પૂજા કરાવેલ યંત્રને રોજ શ્રધ્ધાપૂર્વક પૂજા કરવાથી સરસ્વતીની કૃપા અવશ્ય મેળવી શકાય છે.

વૃક્ષારોપણ કાર્યક્રમના દાતા સ્મિતાબેન વીસા પરમાર હતા અને સરસ્વતી પૂજનના દાતા અંજનાબેન પોમલ, પીંકીબેન કટ્ટા, રીમાબેન પોમલ, જ્યોતિબેન બારમેડા તથા કુ. પૂજા બારમેડા હતા.

તા. ૧૩-૨ના અ.ભા. મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના કલા સાંસ્કૃતિક સમિતિના ચેરમેન કુ. સુધાબેન બુધ્ધભટ્ટી દ્વારા પર્લવર્ક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોતીના દાગીના બનાવતા શીખવાડવામાં આવ્યા હતા. તેમાં ૭૦ બહેનોએ ભાગ લીધો હતો. સુધાબેનને ભુજથી આવેલ મોનાબેન પોમલ, જીજ્ઞાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી તથા અંજારથી કુ. પૂજા બારમેડાએ સહયોગ આપ્યો હતો. જેમાં મોતીની માળા તથા બેંગલ્સ શીખવાડવામાં આવ્યા હતા.

તા. ૧૪-૨-૨૦૧૬ના રોજ આપણી જ્ઞાતિના ૪૫ વર્ષથી વધારે વયની શિક્ષિત મહિલાઓ તથા ૫૦ વર્ષથી વધારે વયના શિક્ષિત પુરુષોનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ. વિદ્યાર્થીઓને તો દર વર્ષે પ્રોત્સાહન આપવા માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ રાખવામાં આવતો જ હોય છે પણ ૫૦થી વધુ વયના શિક્ષિતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આજે તો ભણવા માટે ઘણી જ સગવડો, પારીવારિક સહયોગ તથા યોગ્ય માહોલ છે. પરંતુ તે સમયે આજના જેટલી સગવડો તથા પારિવારિક સહયોગ (ખાસ તો બહેનો માટે) હતા નહીં. તેવા માહોલમાં પણ તેઓએ ડિગ્રી હાંસલ કરી તે ગૌરવ સમાન છે. કાર્યક્રમ દરમ્યાન પ્રો. રસીકભાઈ મૈચાએ પોતાનું







મંતવ્ય રજૂ કર્યું હતું કે, અમને ઘણી જગ્યાએથી સન્માન પ્રાપ્ત થયું છે પણ આજે આપણા પરિવાર (સમાજમાંથી) સન્માનિત કરવામાં આવ્યા છે તેનું ગૌરવ અનુભવતા આભાર વ્યક્ત કર્યો હતો.

અંજાર જ્ઞાતિની ૩૭ સન્માનિત વ્યક્તિઓમાં ૮૨ વર્ષના સૌથી સીનીયર સરસ્વતીબેન સોલંકી. જેઓએ B.A., B.Ed. તથા P.T.C. ની ડિગ્રી મેળવેલ. મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત દરેક જ્ઞાતિજનોએ ઊભા થઈ (સ્ટેન્ડિંગ ઑવેશન) આપી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે બે મહિલાઓ – ઇંદુબેન રસીકભાઈ મૈચા તથા ભગવતીબેન હરિલાલ બારમેડાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ બંનેએ મેરેજ પછી પતિ તથા પરિવારના સહકારથી ડિગ્રી મેળવી હતી. મેરેજ પછી ડિગ્રી મેળવવી તે સરળ નથી હોતું. તે પણ એ સમયમાં! ત્યારે તો દીકરીઓને પણ ભણવા માટે અનુમતિ મળતી નહીં, તો વહુઓને અનુમતિ આપવી તે ધન્યતા જ કહેવાય! ઇંદુબેને લગ્ન બાદ B.A., B.Ed. તથા M.A. કર્યું હતું અને ભગવતીબેન, તો પોતાના લગ્ન થયા ત્યારે તેઓ ફક્ત ૪ ધોરણ સુધી જ ભણ્યા હતા. લગ્નબાદ તેઓએ B.A. તથા TCW (સીવણની ડિગ્રી) મેળવી હતી. તેઓની ઇચ્છા તો LL.B. થવાની હતી. સંજોગોવશાત નહોતા થઈ શક્યા.

જે વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમાંથી ૯૦% ઉપરાંત લોકો હાલમાં ૬૦ વર્ષથી વધારે વયના છે. તેમાંથી મોટાભાગના લોકો આજે પણ પ્રવૃત્તિથી જોડાયેલ છે. રસીકભાઈ મૈચા હાલમાં નેચર એન્ડ એડવેન્ચર ક્લબના પ્રમુખ છે. અરૂણભાઈ કંસારા મેનેજિંગ પાર્ટનર એસોસિએટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ઈશ્વરલાલભાઈ છત્રાળા બેંકના નિવૃત્ત અધિકારી છે. હેમલતાબેન પોમલ અંજાર નગરપાલિકાના કાઉન્સિલર છે. કાંતિલાલભાઈ કટ્ટા ૧૧-૧૨ના સ્ટુડન્ટ્સને ટ્યુશન કરાવે છે. તે સિવાય પણ મોટાભાગના લોકો પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. જ્યોતિબેન બારમેડા, દયાબેન ગુજરાતી તથા સ્મિતાબેન વીસાપરમાર મહિલા મંડળના સક્રિય સભ્ય છે.

એ જ દિવસે વેલેન્ટાઈન સ્પે. એન્ટરટેઈનમેન્ટ માટે પાવર કપલ ગેમ રાખવામાં આવી હતી. જેમાં દરેક કપલે, પૂછેલ પ્રશ્નોના જવાબ લખીને આપવાના હતા. જેમાં સૌથી વધુ જવાબ પતિ-પત્નીના સેમ (સરખા) હોવા જોઈએ. મતલબ કે બંનેના વિચારો એક જ હોય તેવા કપલને વીનર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેમાં પ્રથમ વિજેતા જીજ્ઞાબેન વિશાલ બારમેડા રહ્યા હતા અને દ્વિતીય વિજેતા ભદ્રાબેન પ્રશાંત બારમેડા રહ્યા હતા.

મહિલા મંડળના આ કાર્યક્રમમાં આપણી જ્ઞાતિના ૧૮ ઘટકો, અ.ભા. મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ, જ્ઞાતિસેતુ તથા હેમલેખા પરિવારને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. મહિલા મંડળના આમંત્રણને માન આપીને, તેઓ આ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા, તે બદલ મહિલા મંડળે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ, યુવક મંડળ તથા જ્ઞાતિ કારોબારીના તમામ સભ્યોએ ખૂબ જ જહેમત લીધી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. એકતા કટ્ટાએ કર્યું હતું અને પાવર કપલ (ગેમ શો)નું સંચાલન મહિલા મંડળના પ્રમુખ પિંકીબેન કટ્ટાએ કર્યું હતું. કાર્યક્રમનું ઉદ્‌બોધન સંબોધન મહિલા મંડળ પ્રમુખ પીંકીબેન કટ્ટા તેમજ જ્ઞાતિ પ્રમુખ ફોરમભાઈ પોમલે કર્યું હતું અને કાર્યક્રમના સમાપનમાં આવેલ મહાનુભાવો તથા ઉપસ્થિત જ્ઞાતિજનોની આભારવિધિ મહિલા મંડળના મંત્રી અંજનાબેન પોમલ તથા અંજાર જ્ઞાતિના મંત્રી અનિલભાઈ બગ્ગાએ કરી હતી. ■

# ભુજ જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

લતાબેન સોલંકી

## વાનગી હરીફાઈ



શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - ભુજ દ્વારા બહેનો માટે તા. ૨૬-૧-૨૦૧૬ના રોજ લગ્નવાડી મુકામે શિયાળુ મીઠાઈ તેમજ સલાડ ડેકોરેશનની વાનગી હરીફાઈ યોજવામાં આવી હતી.

શિયાળો એટલે સ્વાસ્થ્ય બનાવવાની મોસમ અને સ્વાસ્થ્ય મેળવવા શિયાળામાં કુદરતે પુષ્કળ લીલા શાકભાજી, ફળની ભેટ આપી છે. શિયાળામાં વસાણાયુક્ત શિયાળુ પાક ભોજનમાં લઈ આખા વરસની શક્તિ મેળવી શકાય છે. સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા વાનગી હરીફાઈ યોજવામાં આવેલ. જેમાં લીલા શાકભાજી, ફળ ફળાદીનો શ્રેષ્ઠ ઉપયોગ કરી 'સલાડ ડેકોરેશન' અને વસાણાયુક્ત શિયાળુ પાક... શિયાળુ મીઠાઈ વિ. જેવી વાનગીઓ રજૂ થઈ.



વાનગી હરીફાઈમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લઈ પોતાની પાક કલાને ઉજાગર કરી હતી. જ્ઞાતિપ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાએ બહેનોને બિરદાવતાં કહ્યું હતું કે મહિલા મંડળે બહેનો માટે એક પ્લેટફોર્મ ઊભું કરી પોતાની પાક કલાને સમાજ સામે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. તો સામા પક્ષે બહેનો કેવળ સ્પર્ધામાં ભાગ લઈ સંતોષ ન માને પરંતુ ટી.વી. અને અન્ય માધ્યમો દ્વારા પોતાની પાક કલાને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી પોતાની પાક કલાથી આર્થિક ઉપાર્જન પણ કરી શકે.

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ બહેનોને મહિલા મંડળ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રગતિના પંથે આગળ આવવા પ્રોત્સાહિત કર્યા હતા. સુધા બુધ્ધભટ્ટી અને જયશ્રીબેન બુધ્ધભટ્ટીએ ચેરપર્સન તરીકે સેવા આપી હતી. મીનાબેન દેસાઈ અને ભારતીબેન શર્માએ જજ તરીકે સેવા આપી હતી.

સલાડ ડેકોરેશનમાં પ્રથમ ક્રમાંકે આશનાબેન બારમેડા તથા દ્વિતીય ક્રમાંકે દિપાલી ડી. બુધ્ધભટ્ટી વિજેતા રહ્યા હતા. શિયાળ વસાણા પાકમાં પ્રથમ ક્રમાંકે જયશ્રીબેન પરમાર, દ્વિતીય ક્રમાંકે ભામિનીબેન બારમેડા વિજેતા રહ્યા હતા.

ભારતીબેન ગુજરાતી, રીટાબેન બારમેડા, દેવીકા બીજલાણી અને ભાવિનીબેન પોલમને આશ્વાસન ઇનામ, જેષ્ઠાબેન બારમેડા તરફથી આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધા બુધ્ધભટ્ટીએ કર્યું હતું. આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ કારોબારી સભ્યોએ સહયોગ આપ્યો હતો.

★

## હેલ્ધી બેબી કોન્ટેસ્ટ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા હેલ્ધી બેબી કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ. ''સ્વસ્થ બાળક - સ્વસ્થ સમાજ''ના સુત્રને સાકાર કરવાના ઉદ્દેશ સાથે આ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં માતા સાથે બાળકો આવ્યા હતા.

ડૉ. પ્રદીપભાઈ આસનાની બાળકોના ડૉક્ટર સાહેબે માનદ્ સેવા આપી હતી. બાળકોને તપાસી, તેમની રસી મૂકવાની ફાઈલ ચેક કરી માતાઓને બાળકોના સ્વાસ્થ્ય વિશે જણાવ્યું હતું. સાથે સાથે માતાઓને સ્પર્ધામાં ભાગ લઈ જાગૃત માતા હોવાના અભિનંદન પાઠવ્યા હતા. શોભનાબેને (મિડવાઈફ) બહેનોને બાળકોને અપાતી રસી વિશે જાણકારી આપી હતી અને સમયસર રસી મૂકાવવાની અપીલ કરી હતી. આ ઉપરાંત બાળકોને દાંત આવે ત્યારે કેવી તકેદારી રાખવી

## મહિલા મંડળ - ભુજ

અંજના એન. પોમલ

જોઈએ એ વિશે નિષ્ણાત ડૉક્ટર દ્વારા સમજણ આપવામાં આવેલ.

શ્રી મા.કં. સોની જ્ઞાતિના પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાએ મહિલા મંડળના આયોજનને બિરદાવતા કહ્યું હતું કે સ્વસ્થ બાળક, સ્વસ્થ સમાજ, સ્વસ્થ રાષ્ટ્રના સુત્રને સાકાર કરવા દર વરસે આવા સરસ કાર્યક્રમોનું આયોજન ખૂબ જ જરૂરી છે. આવા હેલ્થના કાર્યક્રમોથી જાગૃતિ આવશે અને બાળક સ્વસ્થ હશે તો ભણીગણી દેશ દુનિયામાં પોતાનું આગવું સ્થાન બનાવી શકશે. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેને માતાઓને અભિનંદન આપતા કહ્યું હતું કે આજના બાળકો દેશના ભવિષ્યના નાગરિકો છે. તેઓનું સ્વાસ્થ્ય સારૂં હશે તો આપણો દેશ સ્વસ્થ રાષ્ટ્ર તરીકે આગવી ઓળખ મેળવશે. તેમણે માનદ્ સેવા આપવા બદલ, ડૉક્ટર સાહેબની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

બાળકો માટે સ્પર્ધા રાખવામાં આવેલ. ગોઠણિયા ભરતા બાળકો ૦ થી ૧ વર્ષ માટે સ્પર્ધા, ૧થી ૨ વર્ષના બાળકો માટે ચાલવાની સ્પર્ધા, ૨ થી ૩ વર્ષના બાળકો માટે દોડવાની સ્પર્ધા રાખવામાં આવેલ. દોડની સ્પર્ધા સમયે હોલમાં અદ્‌ભુત માહોલ રચાયો હતો. તાળીઓના ગડગડાટથી હોલ ગુંજતો હતો.

૦ થી ૧ વર્ષમાં પ્રથમ હિમાનીશ સંજોય બરૂઇ, દ્વિતીય ચીન્ટુ સીમોન બુધ્ધભટ્ટી, ૧ થી ૨ વર્ષમાં પ્રથમ પલ્કીન જીગર બારમેડા, દ્વિતીય શિવમ પરેશ પરમાર, ૨ થી ૩ વર્ષમાં પ્રથમ ધ્યાન જય બારમેડા, દ્વિતીય પાર્થ જયવર્ધન પોમલ વિજેતા થયા હતા. ગોઠણભેર ચાલવામાં પ્રત્યુષા સમીર છત્રાળા, પગે ચાલવામાં નીલ પરેશભાઈ ચૌહાણ, દોડવામાં પરમ શીતલભાઈ બુધ્ધભટ્ટી વિજેતા થયા હતા.

સમગ્ર કાર્યક્રમના દાતાશ્રી સ્વ. મગનભાઈ વેલજીભાઈ ચનાણી રહ્યા હતા. ડૉ. સાહેબ આસનાની, ડૉ. સાકરિયા, શોભનાબેન, રંભાબેન, જયશ્રીબેન ચનાણી, કાંતિભાઈ સોનીનું મહિલા મંડળ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી કાંતિભાઈ કાર્યક્રમ ગોઠવી આપવામાં વિશેષ મદદરૂપ થયા હતા. મીનાબેન દેસાઈ દ્વારા પણ પ્રથમ આવનાર બાળકોને પુરસ્કાર અપાયા હતા.

જેષ્ઠાબેન બારમેડા, કીમબેન છત્રાળા, રીટાબેન બુધ્ધભટ્ટીએ ચેરપર્સન તરીકે સેવાઓ આપી હતી. મહિલા મંડળના અરૂણાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન ચનાણી, જયશ્રીબેન છત્રાળા, શીતલબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતીએ વ્યવસ્થા સંભાળી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી લતાબેન આઈ. સોલંકીએ કર્યું હતું. જેષ્ઠાબેન બારમેડાએ આભારવિધિ કરી હતી. ■

## અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા સેલ

*લતાબેન સોલંકી - ભુજ*

### મેરેજ બ્યુરો

- **રજીસ્ટ્રેશન નં.-૧૭૮ :** યુવક, અટક બુધ્ધભટ્ટી, ઉંમર ૨૬, ઊંચાઈ ૫'૪", વજન ૭૦ કિ.ગ્રા., વ્યવસાય : ફરસાણનો વેપાર, માસિક આવક રૂા. ૨૦,૦૦૦/-. અત્યારની સ્થિતિ : કુંવારા. મંગળ છે.
- **રજીસ્ટ્રેશન નં.-૧૭૯ :** યુવક, અટક બુધ્ધભટ્ટી, ઉંમર ૨૬, ઊંચાઈ ૫'૫", વજન ૫૫ કિ.ગ્રા., વ્યવસાય : સોના-ચાંદી સેલ્સમેન, માસિક આવક રૂા. ૧૫,૦૦૦/-. અત્યારની સ્થિતિ : કુંવારા.
- **રજીસ્ટ્રેશન નં.-૧૮૦ :** યુવક, અટક પુઆર, ઉંમર ૨૮, ઊંચાઈ ૫'૯", વજન ૭૮ કિ.ગ્રા., વ્યવસાય : વાસણનો ધંધો, માસિક આવક રૂા. ૧૫,૦૦૦/-. અત્યારની સ્થિતિ : કુંવારા. મંગળ છે.
- **રજીસ્ટ્રેશન નં.-૧૮૧ :** યુવક, અટક છત્રાળા, ઉંમર ૩૦, ઊંચાઈ ૫'૩", વજન ૬૫ કિ.ગ્રા., વ્યવસાય : ફરસાણની દુકાન. માસિક આવક રૂા. ૩૫થી ૪૦ હજાર. અત્યારની સ્થિતિ : કુંવારા. મંગળ છે.
- **રજીસ્ટ્રેશન નં.-૧૮૨ :** યુવક, અટક બુધ્ધભટ્ટી, ઉંમર ૩૮, ઊંચાઈ ૫'૭", વજન ૬૫ કિ.ગ્રા., વ્યવસાય : ઓટો બ્રોકર. માસિક આવક રૂા. ૩૫,૦૦૦/-. અત્યારની સ્થિતિ : કુંવારા.

# રાયપુર : શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવનો સમારોહ

*માડી તારા મંદિરીયામાં ઘંટારવ વાગે*
*ઊંચા ઊંચા ડુંગરિયામાં માડી તું વિરાજે...*

'જય માતાજી'ના નાદ સાથે રાયપુરના સમાજ ભવનમાં શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવના ભવ્ય સમારોહનું ભક્તિભાવપૂર્વક આયોજન થયું.

શ્રી મારૂ કંસારા સોની સમાજ જ્ઞાતિ ભવન - રાયપુરમાં તા. ૨૩-૧-૨૦૧૬, શનિવારના રોજ શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવનું આયોજન શ્રી કૌશિકભાઈ કટ્ટાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. પાટોત્સવ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની આરતી, પૂજન, હવન અને મહા પ્રસાદીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. માતાજીના જયકારની સાથે ભજન મંડળી દ્વારા ભક્તિભાવપૂર્વક ભજનો ગવાયા. મહિલા મંડળ દ્વારા રાસ ગરબાઓની પ્રસ્તુતિ આ કાર્યક્રમનું પ્રમુખ આકર્ષણ હતું. શ્રીમતી ઉર્મિલાબેન પોમલની દેખરેખ હેઠળ રાસ ગરબાની તૈયારીઓ ઘણા દિવસ પૂર્વેથી થઈ રહી હતી એટલે સૌ કોઈ આ કાર્યક્રમની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. અંતે એ સમય આવ્યો જ્યારે ઝાંઝરની મીઠી રણકારની સાથે માતાજીના કુમારી સ્વરૂપનું દર્શન કરાવતી નાની નાની કુમારિકાઓએ ચણિયાચોળીમાં સજ્જ શૃંગાર કરીને કાર્યક્રમ સ્થળ પર પ્રવેશ કર્યો.

સૌપ્રથમ કુમારિકાઓએ કુ. દષ્ટિ દીપકકુમાર સોની દ્વારા કોરિયાગ્રાફ કરેલો રાસ "શુભારંભ"ની પ્રસ્તુતિ કરી. જેમાં ૧૦ કુમારિકાઓએ ભાગ લીધો હતો. સૌએ હર્ષપૂર્વક રાસને તાળીઓથી

**શ્રીમતી કિરણ દીપકકુમાર બારમેડા, મહિલામંડળ સચિવ**

બિરદાવ્યો. બીજો રાસ ગણેશવંદના અને માતાજીનો ગરબો હતો. જે બહેનો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો. શ્રીમતી નીતાબેન નીલેશભાઈ બુધ્ધભટ્ટીએ મહિલાઓ માટે આ રાસ કોરિયોગ્રાફ કરેલો. જેને જ્ઞાતિજનોએ ખૂબ ખૂબ તાળીઓથી વધાવ્યો.

ત્રીજો રાસ ઉર્જા શક્તિ અને ઉત્સાહના સંગમ સમો યુવક-યુવતીઓનો રાસ પ્રસ્તુત કરવામાં આવ્યો. રાસ ગરબામાં દરેક યુવક-યુવતીઓએ ભરપૂર ઉર્જા અને ઉત્સાહનો પરિચય આપ્યો. આમ આ ત્રણે રાસ-ગરબા પાટોત્સવ કાર્યક્રમને યાદગાર બનાવી રહ્યા.

આયોજન માટેના ખર્ચની સંપૂર્ણ જવાબદારી શ્રી પ્રકાશભાઈ જમનાદાસ મૈચા અને શ્રી અનિલભાઈ જમનાદાસ મૈચાએ લીધી હતી. એ માટે જ્ઞાતિ સમાજ તરફથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ.

આમ શ્રી મહાકાળી માતાજીનો પાટોત્સવ પ્રસંગ ખૂબ જ ભક્તિભાવ અને ધામધૂમથી ઉજવાયો.

રાસ ગરબામાં ભાગ લેનાર જ્ઞાતિ બહેનો, કુમારિકાઓ અને યુવક - યુવતીઓનો મહિલા મંડળ તરફથી ખૂબ ખૂબ આભાર અને અભિનંદન સાથે આશા રાખું છું કે દર વર્ષે આવો જ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આપ સૌ સહભાગી બનશો.

સાથે જ કાર્યક્રમની સફળતા બદલ અધ્યક્ષ શ્રી કૌશિકભાઈ કટ્ટા અને એમની સહયોગી ટીમ, યુવા મંડળ અને મહિલા મંડળનો ખૂબ ખૂબ આભાર અને અભિનંદન. ■

# બુધ્ધભટ્ટી પરિવારના મેઘબાઈ માં ની તિથિની ઉજવણી - ભુજ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ બુધ્ધભટ્ટી (દામાણી)ના સતી મેઘબાઈ માં ની તિથિ તા. ૨૭-૧-૨૦૧૬ના પોષ વદ-૪ બુધવારના રોજ દામાણી ભાઈઓએ ખૂબ જ ધામધૂમથી ઉજવી. આ વર્ષે દામાણી તેમજ મોમાઈમા ને નમતા ટંકશાળી બુધ્ધભટ્ટી ભાઈઓના કુટુંબીજનોએ પણ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં અમદાવાદથી અશોકભાઈ રતિલાલ બુધ્ધભટ્ટી તરફથી આર્થિક સહાય મળી હતી. જ્ઞાતિની વિવિધ પાંખો જેવી કે જ્ઞાતિ ટ્રસ્ટ કારોબારી પ્રમુખ તેમજ તેમની કારોબારી, યુવક મંડળ પ્રમુખ તેમજ તેમની કારોબારી તથા મહિલા મંડળના પ્રમુખ સાથે કારોબારી સભ્યોએ હાજરી નોંધાવી પ્રસાદ લીધેલ. સાંજે ૪.૩૦થી ૭ વાગ્યા સુધી તરૂણાબેન ગોસ્વામીની ભજન સંધ્યાનો લાભ સર્વે જ્ઞાતિજનોએ લીધેલ. સાથે ગરબાની રમઝટ પણ જમાવી હતી.

જ્ઞાતિના કાર્યકર ભાઈઓએ વ્યવસ્થા સંભાળી હતી. શ્રી રાજેશભાઈ મગનલાલ બુધ્ધબટ્ટી તેમજ શ્રી હરેશભાઈ રમેશભાઈ બુધ્ધભટ્ટીએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. સત્સંગના કાર્યક્રમની જવાબદારી રોહિણીબેન ભરતભાઈ બુધ્ધભટ્ટીએ સંભાળી હતી.

સાંજે સમસ્ત જ્ઞાતિના ભાઈ-બહેનોએ આરતી દર્શનનો લાભ લીધો હતો.

*– રોહિણી ભરત બુધ્ધભટ્ટી*

જ્ઞાતિ સમાચાર

# મારૂ કંસારા સોની 'કોટડિયા' પરિવારનો ચામુંડા માતાજીનો વાર્ષિક પાટોત્સવ

**શ્રીમતી મોહન આર. સોની - નખત્રાણા, કિશોર એલ. સોની - નખત્રાણા**

કોટડિયા પરિવારના કુળદેવી ચામુંડા માતાજીનો પાટોત્સવ મહા સુદ-૭ના ઉગેડી મધ્યે ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. દર વર્ષની જેમ સવારે ૧૧ વાગે પૂજા આરતી અને નૈવેદ્ય અર્પણ કરવામાં આવેલ. માતાજીની પૂજનવિધિ વડીલશ્રી લખમશી ઈશ્વરદાસ કોટડિયાએ કરેલ. પૂજા આરતી બાદ બહેનોએ માતાજીના ગરબા અને ગુણગાન ગાયા હતા.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે ભોજન પ્રસાદના દાતા મુંબઈના શ્રી લક્ષ્મીકાંત જેઠાલાલ તથા નારાણપરના મહેન્દ્રભાઈ અને નરેશભાઈ રહ્યા હતા. પરિવાર તરફથી આ ત્રણેયનું શાલ દ્વારા સન્માન કરવામાં આવેલ. અગાઉ ભોજન પ્રસાદના દાતા રહી ચૂકેલ શ્રી ચંપકભાઈ ગોપાલજી - નખત્રાણાનું પણ શાલ દ્વારા સન્માન કરવામાં આવેલ.

બપોરે ૧૨ થી ૧ વાગ્યા દરમ્યાન મંત્રીશ્રી કિશોરભાઈએ હિસાબો રજૂ કર્યા હતા અને પરિવારની મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ આર. સોનીએ તમામ પરિવારજનોને આવકાર્યા હતા અને દર વર્ષે આવી જ રીતે બહોળી સંખ્યામાં પરિવારજનો આવે એવી આશા વ્યક્ત કરી હતી.

મંત્રી શ્રી કિશોરભાઈએ પણ વર્ષમાં એક દિવસ આપણે માતાજીને અર્પણ કરી અચૂક હાજર રહીએ એવી વિનંતી કરી હતી. વડીલશ્રી લખમશીભાઈએ વર્ષો સુધી પરિવારની કામગીરી એકલા હાથે નિભાવી, હવે યુવાનો સક્રિય બને અને પરિવારનું કાર્ય કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

આવતા વર્ષે માતાજીના પાટોત્સવ માટે ભોજન પ્રસાદના દાતા તરીકે યુવાન શ્રી કલ્પેશ મોહનભાઈ - નખત્રાણા, ભરત લખમશી - નખત્રાણા, અશ્વિન દામજીભાઈ - વર્માનગર, અરવિંદ દયારામ - નખત્રાણાએ ઇચ્છા વ્યક્ત કરતાં પરિવારજનોએ તેમની આ લાગણીને વધાવી લીધી હતી.

આગામી જેઠ સુદ-૫ ના બાંડીયા મુકામે ક્ષેત્રપાળ દાદાના પાટોત્સવમાં ભોજન પ્રસાદના દાતા તરીકે શ્રી વેલજી ગોપાલજી, શ્રી ચંપકલાલ ગોપાલજી, શ્રી જેન્તીભાઈ ગોપાલજીએ સ્વૈચ્છિક ઇચ્છા દર્શાવતાં પરિવારજનોએ તેમની આ ઉમદા લાગણીને સહર્ષ સ્વીકારી હતી.

બપોરે ૨ વાગે ભોજન પ્રસાદ બાદ પૂજારી શ્રી ધીરજભાઈ ગોરનું સન્માન કરી સૌ છૂટા પડ્યા હતા. ■

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ (મુંબઈ)

શ્રી મારૂ કંસારા સોની મુંબઈ જ્ઞાતિનું વાર્ષિક સ્નેહમિલન તા. ૨૯-૧૧-૨૦૧૫ને રવિવારના રોજ 'ગોલ્ડન સ્ટાર હોલ', મુલુંડ (મુંબઈ) મધ્યે યોજાયેલ હતું.

કાર્યક્રમની શરૂઆત ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હિંમતભાઈ પોમલના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી. મહિલા મંડળની બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા. શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી. બાળકો દ્વારા ખૂબ જ સુંદર નૃત્ય તેમજ બહેનો દ્વારા ગરબા રજૂ થયા.

ચાંદનીબેને ટુંકમાં પણ ખૂબ જ સુંદર રીતે ભાષણ આપ્યું. વીણાબેન બગ્ગાએ હિંમતભાઈને અતિથિવિશેષ રૂપે પધારવા માટે તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો. લાઈફ મેમ્બર બનનારને સર્ટીફિકેટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું. જ્ઞાતિ તરફથી વિદ્યાર્થીઓનું જાહેરમાં સરસ્વતી સન્માન કરી શ્રી હિંમતભાઈ પોમલના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ હાઉસીના નંબરો જાહેર કરી ઇનામ આપવામાં આવ્યા. અંતમાં નિશાબેન ડોલર સોની તરફથી વિવિધ રમતો રમાડવામાં આવી. કાર્યક્રમનું સંચાલન શ્રી કાંતિભાઈ બીજલાણીએ ખૂબ જ સરસ રીતે કર્યું. અંતમાં અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા.

*ચાંદનીબેન બીજલાણી - પ્રમુખ*
*વીણાબેન બગ્ગા - ઉપપ્રમુખ, ડોલરભાઈ સાકરીયા - મંત્રી*

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

### ।। આમંત્રણ ।।

શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર (છ.ગ.) દ્વારા શ્રાવણ માસની ઉજવણીના દિવસે તા. ૦૧-૦૯-૨૦૧૬, ગુરૂવારના "અખિલ ભારતીય મારૂ કંસારા યુવક યુવતી પરિચય સંમેલન" તથા "અખિલ ભારતીય પદાધિકારી સંમેલન" આયોજીત કરવામાં આવેલ છે.

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા સમસ્ત ભારતમાં વસતા આપણા જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ છે. રાયપુર આવનારા સમસ્ત જ્ઞાતિજનોના રહેવાની તથા ભોજન વગેરેની વ્યવસ્થા શ્રી મારૂ કંસારા સોની સમાજ દ્વારા કરી અપાશે.

વધુ માહિતી માટે રાયપુર કંસારા સોની સમાજના પ્રમુખ કૌશિકભાઈ કટ્ટા (મો. ૯૪૦૬૧ ૨૧૩૯૯) તથા સચિવ નીતિનકુમાર પોમલ (મો. ૯૮૨૭૧ ૯૧૫૪૧)થી સંપર્ક કરવો.

***વિશેષ નોંધ : યુવક યુવતી પરિચય સંમેલન માટે રજીસ્ટ્રેશન ચાર્જ રૂા. ૧૫૦૦/- રાખેલ છે.***

## (૧) પ્રાકૃતિક રંગોની પ્રયોગશીલ ચિત્રકાર : પ્રવીણા મહીચા

*"She awakens nature with the touch of her brush....."*

*– Esther David*
*(Author and Art Critic)*




"એની પીંછીના સ્પર્શ માત્રથી કુદરત જાગી જાય છે." ખ્યાતનામ લેખક અને આર્ટ ક્રિટીક એસ્થર ડેવીડના આ શબ્દો પ્રવીણાની ચિત્રકલા વિશે ઘણું ઘણું કહી જાય છે.

છેલ્લા લગભગ ૩૦ વર્ષથી ચિત્રકળાની આરાધના કરતા પ્રવીણાબેને આ ક્ષેત્રે, એની કલાદષ્ટિથી લોકભોગ્ય કસબને સુપેરે સજાવ્યો છે. પ્રવીણાબેનનું ફલક કાપડ છે. જેના પર પ્રાકૃતિક રંગો દ્વારા કલાત્મક રેખાંકન એમની કલાસુઝ અને શક્તિને ઉજાગર કરે છે.

પ્રવીણાબેન હાલે ગાંધીનગરમાં કેન્દ્રિય વિદ્યાલયમાં આર્ટ ટીચર છે. ૪ સપ્ટેમ્બર, ૧૯૭૦ના રોજ અંજાર (કચ્છ)માં એમનો જન્મ થયો. ૧૯૯૧માં અમદાવાદની સી. એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટસમાં ચિત્રકળાનો ઉભ્યાસ કરવા ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીમાંથી સાઈકોલોજી (માનસ શાસ્ત્ર) વિષયમાં એમ.એ. કર્યું. તદુપરાંત તેઓ શિક્ષણના સ્નાતક (B.Ed.) પણ છે.

પ્રવીણાબેનને કલાનો વારસો તેમના પિતાશ્રી સ્વ. તનસુખ મહીચા તરફથી મળેલ છે. જેઓ પોતે વિખ્યાત ચિત્રકાર હતા અને રાષ્ટ્રીય ક્ષેત્રે અનેક ઍવોર્ડ તથા નામના પ્રાપ્ત કરેલ. હાલમાં પ્રવીણાબેન ગાંધીનગર રહે છે. તેમના પતિ શ્રી પ્રફુલ્લભાઈ સાકરીયા સ્ટેશનરી વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની બે પુત્રીઓ સાથેનો વહાલભર્યો પરિવાર છે.



*પ્રાકૃતિક રંગોનો સુંદર સમન્વય – એ પ્રવીણાબેનના ચિત્રોની વિશેષતા છે. પ્રસ્તુત ચિત્ર, ટૂંક સમયમાં યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધા માટે વિશેષરૂપે તૈયાર કરવામાં આવેલ છે.*

પ્રવીણાબેનને કળાક્ષેત્રે ઘણા પ્રતિષ્ઠિત ઍવોર્ડ મળ્યા છે. પ્રાકૃતિક રંગોના અવનવા પ્રયોગો દ્વારા ભારતીય સંસ્કૃતિની છબી ઉભારવા તેઓ સદૈવ પ્રયત્નશીલ રહ્યા છે. વડોદરાની ફાઈન આર્ટ ફેકલ્ટી, એલાયન્સ ફ્રેન્કાઈઝ, અમદાવાદ અને ફેશન ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ - ગાંધીનગર ખાતે તેમણે વર્કશોપ યોજેલ છે. ૧૯૯૫થી ૨૦૦૫ દરમ્યાન પ્રવીણાબેનના સોલો એક્ઝીબિશન્સ આર.વી. સાગર કૉલેજ, રવિશંકર આર્ટ ગેલેરી અને કન્ટેમ્પરરી આર્ટ ગેલેરી અમદાવાદ મધ્યે તેમજ નહેરુ સેન્ટર અને જહાંગીર આર્ટ ગેલેરી - મુંબઈ ખાતે તેમના 'સોલો એક્ઝીબિશન્સ' યોજાયા હતા. તદુપરાંત એમણે ૨૦૦૪થી ૨૦૧૪ દરમ્યાન હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર - અમદાવાદ, બજાજ આર્ટ ગેલેરી - મુંબઈ, ફાઈન આર્ટ ગેલેરી - વડોદરા, ચિત્રકલા પરિષદ - બેંગ્લોર, ગાંધર્વપુર આર્ટીસ્ટ વિલેજ - સાપુતારા અને ભારત સરકાર ટેક્ષટાઈલ મિનિસ્ટ્રી આયોજિત દિલ્હી હાટમાં વેજીટેબલ ડાઈંગ ડિસ્પ્લે તેમજ (ગાર્ડન વરલી) પ્રફુલ્લભાઈ શાહ સાથે, 'આયુ શક્તિ' સ્મિતા નરમ સાથે અને 'ગુજરી' (ગુજરાત હેન્ડિક્રાફ્ટ કોર્પોરેશન)માં મિસિસ કાંતા પટેલ (આર્કિટેક્ટ) સાથે અને મિસિસ લી (કોરિયા), મિસિસ માર્ગારેટ (કેનેડા) સાથે અને હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ મિનિસ્ટ્રી માટે દિલ્હીમાં અને ગાંધીનગર કલેક્ટર ઑફિસમાં આયોજિત ગ્રુપ શો માં ભાગ લીધો છે.

જીવન વૃક્ષ અને કલાવૃક્ષ પર એમનાં અનેક ચિત્રો છે. પ્રવીણાબહેન કહે છે કે, 'કલમકારી'નો આ વિષય ખૂબ જ મર્મપૂર્ણ છે. એક જ વૃક્ષ પર જુદા જુદા ફૂલો, વિભિન્ન પ્રકારના પાંદડાઓ અને પશુ પક્ષીઓ સાથે આગવું નયનરમ્ય વાતાવરણ પૂરું પાડે છે. જેમાં ધરતી, આકાશ અને પ્રકૃતિ એકબીજાનાં તાલે ઝુમે છે. પ્રવીણાબેન જણાવે છે કે વનસ્પતિજન્ય રંગોથી બનેલા ચિત્રો હાઈજીનીક વાતાવરણ ઊભું કરે છે. એમાં વપરાયેલા હરડે, બહેળા, હળદર, તમાલપત્ર આદિ વસાણા કિટાણુંઓ સામે રક્ષણ આપે છે. એમાં રહેલી કુદરતી સુગંધ ધૂપસળીનું કામ કરે છે.

*– હંસરાજ કંસારા*

## (૨) બહુમુખી પ્રતિભા : જીનલ સોલંકી

*કલા, સાહિત્ય અને શિક્ષણક્ષેત્ર બહુ આયામી પ્રતિભા ધરાવતી કુ. જીનલ સોલંકીથી 'જ્ઞાતિસેતુ'ના વાંચકો સુપેરે પરીચિત છે. હાલમાં કુ. જીનલે પોતાની શૈક્ષણિક કારકિર્દીની યશકલગીમાં ઉમેરો કરેલ છે. હાલમાં કુ. જીનલ સોલંકીની રાજકોટની પ્રતિષ્ઠિત જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજમાં આસિ. પ્રોફેસર તરીકે નિમણૂક થયેલ છે. કોમર્સ ક્ષેત્રમાં B.Com. અને M.Com. બંને પરીક્ષાઓમાં ગોલ્ડ મેડલ મેળવનાર કુ. જીનલ, પરિવાર તથા સમાજનું ગૌરવ છે.*



સતત હસતી, કાયમ ઉત્સાહી અને સખત ઉદ્યમી એવી જીનલ તા. ૨૩ જૂન, ૧૯૮૯ના રોજ શ્રી પ્રવીણભાઈ સોલંકી અને અ.સૌ. હંસાબેનના ઘેર જન્મી હતી. સોની પરિવારમાં અવતરેલી આ દીકરી પર માતા સરસ્વતીની હંમેશા કૃપા રહી છે. બહુમુખી પ્રતિભા ધરાવતી જીનલે શિક્ષણ અને કલાક્ષેત્રે અનેક આયામો હાંસલ કર્યાં છે. શાળા-કોલેજમાં કલા સાહિત્ય પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્ત રહીને તેણીએ અનેક સ્પર્ધાઓમાં ઈનામો જીત્યા છે તો યુનિવર્સીટીની પરીક્ષાઓમાં પણ અવ્વલ રહી છે. માર્ચ-૨૦૧૦ માં S.Y.B.Com.માં અને માર્ચ-૨૦૧૧ માં T.Y.B.Com.માં સમગ્ર કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયેલ. માત્ર અભ્યાસમાં જ નહીં પરંતુ

*તાજેતરમાં 'જ્ઞાતિસેતુ' સાથેની વાતચીતમાં જીનલ સોલંકીએ જીવનની મહત્ત્વની યાદગાર ક્ષણો તથા તેમના શોખ વિશે વિશેષરૂપે જણાવેલ.*

**મારા જીવનની યાદગાર ક્ષણો :**

★ B.Com. અને M.Com. માં યુનિવર્સિટી ફર્સ્ટ નંબર આવી રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલ મેળવવાની ક્ષણ.

★ નાટક 'કામરૂ'ના માંડવી, ભુજ, અમદાવાદ, વસો, ધ્રોલ, માધાપર, ગ્વાલિયર ખાતેની કુલ અલગ અલગ નવ વખત રજુઆતમાં પાંચ વખત પ્રથમ નંબર મેળવ્યો એ ક્ષણ.

★ ક્રાંતિતીર્થ ખાતે પ્રથમ સ્વાતંત્ર્ય પર્વનું ધ્વજવંદન મારા હાથે કરાયું તે ક્ષણ.

★ સદ્‌ભાવના મિશન વખતે તે વખતના મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રાપ્ત થયેલી શુભેચ્છાઓની ક્ષણ.

★ પ્રથમ કાવ્યસંગ્રહ (વર્ષ ૨૦૧૨) 'તોય આટલું કહેવાઈ ગયું' એ અદ્‌ભુત ક્ષણ.

★ પ્રથમ કાવ્યસંગ્રહ પછી 'વિઝ્યુઅલ આર્ટસ : એક દાયકાની રંગગાથા' એ પુસ્તકનું સંપાદન કર્યું. વિઝ્યુઅલ આર્ટસ, પ્રકાશિત 'કઠપૂતળી' એકોક્તિ સંગ્રહમાં બે એકોક્તિઓ લખી અને પુસ્તકનું ટાઈટલ 'કઠપૂતળી' પેઈન્ટીંગ કરીને બનાવ્યું.

મારા શોખના વિષયો :

★ મુખ્ય શોખ કવિતાઓ લખવી, કવિતાઓનું પઠન કરવું.

★ કાર્યક્રમોના સંચાલન કરવા.

★ શિક્ષક હોવાના નાતે વાંચન - લેખન મારો શોખ હોવો વ્યાજબી છે. પણ આ ઉપરાંત મને ખૂબ ઊંડો શોખ ચિત્રો દોરવા, રંગોળીઓ બનાવવી, આપણા જ કચ્છની જાણીતી કલા એવી મડવર્ક કરવું, મહેંદી કરવી. ટૂંકમાં કલાત્મકતા અને સુશોભન મારો પ્રિય શોખ છે.

★ મડવર્ક અંગેનો ફ્રી સેમિનાર માંડવી રોટરી ક્લબમાં કરેલ. સાથેસાથે મેં તૈયાર કરેલી મડવર્કની ફ્રેમનું પ્રદર્શન પણ ગોઠવેલ.

બસ, આ સિવાય તો જીવનની પળેપળની મોજ લઉં છું. ઘણું બધું કરવું છે હજી મને... બસ, આપ સૌના આશિષ ઝંખું છું.

મારી શિક્ષણ યાત્રાના દરેક મુકામ પર મારી સિધ્ધિઓને પ્રસિધ્ધ કરવા બદલ હું 'જ્ઞાતિસેતુ'ની આભારી છું. વિશેષમાં શરૂઆતમાં લખાયેલ કાલીઘેલી ભાષાની કવિતાથી ક્રમેક્રમે વિકાસ પામતી મારી કવિતાઓને પ્રસિધ્ધ કરી 'જ્ઞાતિસેતુ'એ મને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે.

શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં પણ હંમેશા અવ્વલ રહી છે. તેણીએ શાળા કોલેજમાં કલા સાહિત્ય સ્પર્ધાઓમાં જેવી કે, મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, વાંચન સ્પર્ધા, શિક્ષકદિન સ્પર્ધા, શ્રેષ્ઠ વિદ્યાર્થી સ્પર્ધા વગેરે અનેક સ્પર્ધાઓમાં ઈનામો જીત્યા છે. એટલું જ નહિ સતત ત્રણ વર્ષ સુધી કચ્છ યુનિવર્સિટી યુવા મહોત્સવમાં જુદી જુદી સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને તેણીએ સાબિત કર્યું છે કે કલા સાહિત્ય પ્રવૃત્તિમાં ભાગ લેવાથી અભ્યાસમાં કોઈ ખલેલ પહોંચતી નથી. તેણીએ વર્ષ ૨૦૦૮માં વકતૃત્વ સ્પર્ધામાં, વર્ષ - ૨૦૦૯ માં કાવ્ય પઠન સ્પર્ધામાં, વર્ષ ૨૦૧૦ માં એકાંકી નાટ્ય સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કર્યા છે. કચ્છ યુનિવર્સિટી તરફથી વર્ષ ૨૦૦૮ માં સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિદ્યાનગર ખાતે, વર્ષ ૨૦૦૯માં મુંબઈ યુનિવર્સિટી - મુંબઈ ખાતે, વર્ષ ૨૦૧૦માં જીવાજી યુનિવર્સિટી - ગ્વાલિયર ખાતે ઈન્ટર યુનિવર્સિટી યુવા મહોત્સવમાં ભાગ લીધો હતો.


ઈન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ અને ગુજરાત સમાચાર ટ્રસ્ટ, અમદાવાદ આયોજિત ૨૪મી રાજ્ય કક્ષાની આંતર કૉલેજ એકાંકી નાટ્ય સ્પર્ધા - ૨૦૧૦ - ૧૧ ની ફાઈનલમાં "કામરું" નાટકમાં કામિની દેવીની મુખ્ય ભૂમિકામાં ઉત્કૃષ્ટ અભિનય બદલ ગુજરાતના જાણીતા અભિનેત્રી દિશા વાકાણી ઉર્ફે દયા ભાભીના હસ્તે તેણીએ શ્રેષ્ઠ અભિનેત્રી (તૃતીય) નું પારિતોષિક મેળવી માંડવી શહેરની રંગભૂમિને રાજ્યકક્ષાએ ગૌરવ અર્પ્યું છે. કાવ્ય સર્જન અને ચિત્રકલામાં વિશેષ રૂચિ ધરાવતી યુવા પ્રતિભા એવી જીનલ ખૂબ સારી વકતા, ઉદ્ઘોષક અને અભિનેત્રી પણ છે.

*જીનલના કાવ્યો 'જ્ઞાતિસેતુ'માં નિયમિત પ્રકાશિત થાય છે. તે ઉપરાંત તે 'રસાસ્વાદ' કોલમ દ્વારા વાંચકોને ગુજરાતી ભાષાના પ્રાચીન કવિઓની કૃતિઓનો પરિચય કરાવે છે.*

*કુ. જીનલની સિધ્ધિઓ માટે 'જ્ઞાતિસેતુ' પરિવારને ગૌરવ છે.*

*– અતુલ સોની*

## ॥ ચતુર્થ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



**સ્વ. લાલજીભાઈ વેલજીભાઈ સાકરિયા**

**(ખેડબ્રહ્મા)**

***જન્મ : તા. ૦૧-૦૬-૧૯૫૭ ● સ્વર્ગવાસ : તા. ૨૯-૦૨-૨૦૧૨***

શ્રધ્ધાસુમન અર્પણ કરનાર....

**ગં.સ્વ. હરીકુંવરબેન લાલજીભાઈ સાકરીયા**

**ગં.સ્વ. રીટાબેન હસમુખભાઈ સાકરીયા**

**સ્વ. લાલજીભાઈ વેલજીભાઈ સાકરીયા પરિવાર**

## (3) શીતલબેન અરૂણભાઈ બુધ્ધભટ્ટી

સેવાકીય કાર્ય કરવાથી હંમેશાં મંગલમય વાતાવરણ સર્જાતું હોય છે. જે આપણા કુટુંબને, સમાજને અને સ્વયંને પણ ઉર્ધ્વ ગતિ તરફ દોરી જતું હોય છે. આવી સેવાની સુવાસ આપણી જ્ઞાતિની બહેનો પણ ફેલાવી રહી છે.

આજે આપણે શીતલબેન અરૂણભાઈ બુધ્ધભટ્ટીના સેવાકીય કાર્યો વિશે થોડી જાણકારી મેળવીએ. નારી તારા નવલા રૂપની કોલમના વાંચકો માટે એક એવી સ્ત્રીની વાત કરીએ જે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળના કારોબારી સભ્યપદે અનેક પ્રોજેક્ટના ચેરપર્સન રહી સારી કામગીરી બજાવી રહ્યા છે. જ્ઞાતિની સેવા સાથે તેઓ જાયન્ટ્સ ગ્રુપ ઑફ સાહેલી - ભુજના ખજાનચી તરીકે સેવા આપી રહ્યા છે અને વર્ષ ૨૦૧૫માં તેઓએ ફેડરેશન લૅવલે



ઍવોર્ડ મેળવેલ છે. આ ઍવોર્ડની સાથે યુનીટ લૅવલે સર્ટીફિકેટ પણ પ્રાપ્ત કર્યું છે. જાયન્ટ્સ ગ્રુપ ઑફ ભુજ સંસ્થા એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે અને તેના સેવાકીય ક્ષેત્રથી આપણે સહુ વાકેફ પણ છીએ.

શીતલબેન અરૂણભાઈ બુધ્ધભટ્ટી પ્રવીણ મોહનભાઈ પોમલના પુત્રી છે. H.S.C.ની સાથે સ્કુલ છોડી અને આગળ અભ્યાસ ના થઈ શક્યો. પરંતુ મહેંદી, પેઈન્ટીંગ્સ, સીલાઈ, કોમ્પ્યુટર, ફેશન ડિઝાઈનિંગ જેવા વિવિધ ક્લાસ કર્યા અને ફેશન ડિઝાઈનર સાથે હસ્તકળાના વિવિધ ક્લાસ કરાવ્યા. આજે પણ શીતલબેનને નવું નવું શીખવાની ખૂબ જ હોંશ છે.

*– લતાબેન સોલંકી*

## સાંપ્રત સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

*– બીના એસ. કંસારા*

સ્ત્રી, એ શક્તિ સ્વરૂપ છે. જન્મથી મૃત્યુ સુધીના સફરમાં તે પોતાના અનેક રૂપના દર્શન કરાવે છે. દીકરી, બહેન, પત્ની, માતા જેવા સંબંધોની સાંકળમાં ગુંથાઈ સમાજની સુંદર રચના કરે છે. કરુણા, ધૈર્ય, મમતા, સહનશીલતા, પ્રેમ, વિશ્વાસ જેવા અનેક ગુણોનો સાગર ભર્યો છે. સ્ત્રીઓ પૂજનીય છે, વંદનીય છે કેમકે તે સંસારની સર્જનકર્તા છે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓ દ્વારા જાગૃતિના થયેલા કામોનું આપણે વિહંગાવલોકન કરી રહ્યા છીએ. આરંભે વિરોધ, ત્યારબાદ ગૃહ ક્ષેત્રે પરિવર્તન અને આર્થિક સ્વાવલંબન માટે વ્યવસાય ક્ષેત્રે પ્રવેશ મેળવ્યો. રમતગમત, રાજકારણ, વિજ્ઞાન - ટેકનોલોજી, અવકાશ વિજ્ઞાન, શિક્ષણ, સંગીત, સાહિત્ય, અભિનય જેવા અનેક ક્ષેત્રોમાં વિરાંગનાઓએ પોતાની અલગ અસ્મિતાની આગવી ઓળખ આપી છે. ચાર દિવાલમાં કેદ રહેનારી નારી - સંરક્ષણ ક્ષેત્રે ઊંચા હોદ્દા પર પોતાનો પગ પેસારો કરી રહી છે. ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસમાં પણ સ્ત્રીઓ પોતાનું યોગદાન આપતી થઈ ગઈ છે.

સમાજમાં અહિંસાનો વિકાસ કેટલો થયો તે માપવો હોય તો સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ, એ અચૂક માપદંડ છે. સમાજનો અમુક વર્ગ આજે પણ સ્ત્રીઓને ભોગવાદની દૃષ્ટિએ જુએ છે. બળાત્કાર, ઘરેલુ હિંસા, સ્ત્રીભ્રૂણ હત્યા, દહેજ જેવા અનેક દૂષણોનો ભોગ સ્ત્રીઓ બનતી દેખાય છે. વૈશ્વિકીકરણના યુગમાં વિજ્ઞાન - ટેકનોલોજીના ભરમાર ઉપયોગથી સ્ત્રીઓનું શોષણ કરવું એ નવી પધ્ધતિ ગણી શકાય. ઈન્ટરનેટ મોબાઈલના માધ્યમ દ્વારા કરવામાં આવતી કનડગત, એ સ્ત્રીઓના શોષણનું આધુનિક રૂપ છે. વર્તમાન સમય સ્ત્રીઓ માટે ભલે વિકાસની તકો આપતો હોય પણ તેની લડત સમાજના આવા ભદ્ર તત્ત્વો પ્રત્યે સદાય રહેવાની જ ખરી. જે ગૌરવ લેવા કરતા ચિંતાની દૃષ્ટિ વધુ ઉપસાવે છે.


વર્તમાન સમયમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મિશ્ર પ્રતિભાવ ઉપસાવે છે. ગુજરાતનું મુખ્યમંત્રીપદ શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ ભારતના વિદેશ મંત્રાલયનું અધ્યક્ષ પદ સુષ્મા સ્વરાજ જેવી મહિલાઓ સંભાળે છે. જ્યારે સમાજનો એવો વર્ગ પણ છે જ્યાં સ્ત્રીઓની સ્થિતિ દયનીય ઉપસાવે છે. NCRB ના સર્વે રીપોર્ટ મુજબ દર ૯૦ મિનિટે બે સ્ત્રીઓ બળાત્કારનો ભોગ બને છે. કુલ પરીણિત સ્ત્રીઓમાં ૭૦% સ્ત્રીઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે. આવા આંકડાઓ ચિંતાની રેખા ઉપસાવવા માટે પૂરતા છે. સરકાર કાયદા દ્વારા સ્ત્રીઓને રક્ષણ આપવા માટે પ્રયત્નશીલ રહી છે પરંતુ પૂરતી જાગૃતિના અભાવે સ્ત્રીઓ આજે પણ શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત રહી જાય છે.

સમાજ પુરુષ પ્રધાન છે. ચર્ચા એ નથી કે પુરુષ પ્રધાન સમાજ હોવો જોઈએ કે નહીં પણ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સમાન દરજ્જાનું હોવું જોઈએ. એક સ્ત્રી તરીકે એવું ચોક્કસ કહી શકું છું કે એવા સોનેરી સૂરજની હું પણ રાહ જોઉં છું. બાકી એ ચોક્કસ કહીશ કે ગર્વ છે એક સ્ત્રી તરીકે જન્મ લેવાનો તે પણ એવી ભૂમિ - સમાજમાં જ્યાં એ લહેર વહે છે કે કલ્પનાના સૂરજનો સૂર્યોદય થઈ ગયો છે.

# સ્મરણાંજલી

## કલાગુરૂ

## કેશવજી માધવજી પોમલ



તેમની તસવીર
તેમની જીવનસાધનારૂપ
નકશી અને મીનાકારીના પ્રતિકરૂપ
કચ્છવર્કની નકશીદાર ફ્રેમમાં
સ્વ. : તા. ૨૮ માર્ચ, ૨૦૦૦

**ટી.એલ. કંસારા પરિવાર (અમદાવાદ) અને પોમલ પરિવાર (મુંબઈ)**

# આપણા પરિવારો : મણકો-૧૨ : પરાશર ગોત્રના પોમલ

**તુલસીદાસ કંસારા**

આપણા વડવાઓ જ્યારે મરૂભૂમિથી સ્થળાંતર કરીને કચ્છમાં વસવાટ કરવા લાગ્યા, ત્યારે દરેક યુગલને એકાદ ડઝન બાળકો થવા એ કંઈ નવી - નવાઈની વાત ન હતી. દરેક પરિવારોની વંશાવળીઓ જોતાં, આ બાબત તો ઉડીને આંખે વળગે છે. અને આમ જુઓ તો ત્યારે સંતતિ નિયમનનો કાયદો જ ક્યાં હતો? એ સમય તો બાર ગાઉએ બોલી બદલાય અને બાર ગાઉએ ગરાસદાર કે ગામધણી બદલાઈ જાય, પછી તે કચ્છ હોય કે સૌરાષ્ટ્ર. કચ્છ કલાધર નામક ગ્રંથમાં કારાણીજીએ નોંધેલ છે તે મુજબ આઝાદી સુધીનો ઈતિહાસ જોતાં, કચ્છના રાજાઓ ગૌપ્રતિપાળ - તેમને લાગતા એક ટાઈટલ મુજબ તેઓ ગાયોના રખેવાળ કે રક્ષક - હતા અને કચ્છના ઐતિહાસિક પાત્રો દ્વારા સતત લડાયેલ લડાઈઓનું મુખ્ય કારણ આ ગૌ-ધન કે ગાયોના સમૂહ - ધણને તે સમયમાં કચ્છી - સિંધી જેવી તળપદી બોલીમાં “ઓથ” તરીકે ઓળખાતા આ ધનને બચાવવાનું હતું. ત્યારે આવી ઓથોને વાળવા માટે તલવારો ખેંચવાનું તો જાણે ખૂબ જ સામાન્ય હતું. આવી બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિમાં વેપારધંધા કરતા સામાન્ય લોકો માટે તો ઈશ્વરમાં આસ્થા અને પોતાના ઘરની સંભાળ એજ મુખ્ય બાબત બની રહેતી, પછી ભલે તેઓ કમાવા માટે કે કુટુંબનું ભરણપોષણ કરવા માટે કચ્છની બહાર દરિયા રસ્તે આફ્રિકા સુધીની સફર ખેડતા હોય કે નજદીકમાં આવેલ કરાંચી કે મુંબઈમાં પોતાના ધંધા-ધાપામાં પરોવાયેલ હોય. આજે આપણે વાત કરવાની છે આવા એક કચ્છની દેવીમાં-આઈ આશાપુરામાં અતૂટ આસ્થા ધરાવતા વડીલની. આશાપુરામાં માત્ર રાજકુટુંબની જ દેવી ન હતી, પરંતુ દરેક કચ્છી માડુને તેમાં આસ્થા હતી, છે અને રહેવાની.

માં આશાપુરા વિશે કહેવાય છે કે અઢારમી સદીમાં સિંધના મિંયા ગુલામશાહ કલ્હોરાના સૈનિકોએ જ્યારે આ મંદિર ઉપર હુમલો કરેલ ત્યારે તેઓ અંધ બની ગયેલ અને ત્યારબાદ કલ્હોરાએ આ મંદિરને એક મોટો કાંસાના ઘંટ ચઢાવવાની માનતા માની ત્યારે તેઓ દેખતા થયેલ. અહીં આજે પણ સવાર સાંજ થતી આરતીમાં તે કાંસાના ઘંટનો ઘંટારવ તમે સાંભળી શકો છો. કચ્છના ક્રોમવેલ તરીકેની ઓળખ ધરાવનાર અને કચ્છમાં લોકશાહી સમાન બારભાયાનું રાજ સ્થાપવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર જમાદાર ફતેહમામદ પણ આ સ્થાનકમાં શ્રદ્ધા ધરાવતો હતો. અને તેણે પોતાની આસ્થાના પ્રતિક તરીકે માં ના મંદિરને ચઢાવેલ ૪૧ દીવડાઓવાળી ૨ કિલો ચાંદીની દીપમાલા મંદિરના ગર્ભદ્વારને આજે પણ શોભાવી રહેલ છે.

આવી જ ઊંડી શ્રદ્ધા ધરાવતા આ વડીલ તે સમયે મુંબઈની ઝવેરી બજારમાં એક નામાંકિત ઝવેરી તરીકેની ઓળખ ધરાવતા હતા અને કચ્છથી મુંબઈ જતા કોઈપણ જ્ઞાતિબંધુને તેમને ત્યાં એક-બે મહિના સુધી રહેવાની અને મસ્જિદ બંદરમાં તેમની પેઢીની બાજુમાં આવેલ લોજમાં બે ટાઈમ જમવાની વ્યવસ્થા તેમના જ ખર્ચે બારેમાસ રહેતી. હવે જ્યારે ભુજમાં રાજકુટુંબમાં કોઈપણ પ્રસંગ હોય ત્યારે ઝવેરી બજારમાં ડિમાન્ડ નીકળે અને આ પેઢીના વડીલ જરૂરી ઝવેરાત પોતાની શાખ પર લઈને દરિયા રસ્તે કચ્છને કિનારે માંડવી બંદરે ઉતરી, પોતાના નિયમ મુજબ વાટ પકડે માતા-ના-મઢની. ત્યારે તો ગાડા રસ્તે જવાનું, સાથે જોખમ હોય પરંતુ શ્રદ્ધા અને પોતાની ટેકને કારણે આવી કેટલીયે ખેપો તેમણે કરેલ હશે. પરંતુ આ વખતની ખેપમાં કુદરતે કંઈક બીજું જ વિચારેલ.

માંડવી બંદરે પગ મૂક્યો ત્યારે આ વડીલે આખે રસ્તે પોતાની ટેક પ્રમાણે પાણી પણ પીધું ન હતું. લાંબી થકવી નાખતી મુસાફરી પછી સાંજની આરતી વખતે માતાજીના દર્શન કરી વાળુ-પાણી કરીને ત્યાંની ધર્મશાળામાં જ નિયમ મુજબ રાતવાસો કર્યો. તે સમયમાં રાજા કે ગરાસદારના ભાઈ કે ભાયાતને લાગે કે પોતાને કોઈપણ કારણસર અન્યાય થયેલ છે તો તેઓ રીસાઈને વેર લેવા બહારવટે ચડી જાય. આવાજ કોઈ પશ્ચિમ કચ્છના બહારવટિયાની ટોળકીના એકાદ-બે ડાકુઓને બાતમી મળેલ કે મુંબઈના ઝવેરી આ સૂમસામ જગ્યાએ આવેલ માતાજીના મઢમાં રોકાયેલ છે અને સવાર પડતાં તો તેમનું ગાડું ભુજ તરફ જવાનું છે. એટલે મઢની હદની બહાર ભુજ જતા રસ્તે ઊંચી ટેકરી પર જઈને સંતાઈ ગયા. મળસ્કું થયું અને તેમની નજરે ચઢ્યું દૂરથી ધૂળ ડુમરીઓ ઉડાડતું આવતું એકમાત્ર ગાડું. તેઓ તો ફટાફટ ટેકરી પરથી નીચે ઉતરી રસ્તાની બન્ને બાજુ ગોઠવાઈ ગયા. શિકાર નજદીક આવ્યો એટલે આ બુકાનીધારીઓએ પોતાની તલવારો ખેંચી અને જીવ વહાલો હોય તો જે હોય તે આપી દેવાની ધમકી સાથે આ વડીલને લૂંટી લીધા.

એ જમાનામાં લોકો પોતાની શાખને વધારે મહત્ત્વ આપતા, અને જબાનનું મહત્ત્વ હતું. આજની તારીખમાં દેખાતી વાતવાતમાં ચાલાકી કરવાની કે કાયદાની છટકબારીઓના લાભ લઈને કોઈનું કરી નાખવાની દાનત ત્યારે અસામાન્ય હતી. ઘરની વહુવારૂઓએ પોતાના સ્ત્રીધન કાઢી આપ્યા, રહેણાકના મકાનો ગીરવી મુકાઈ ગયા, અને જાહોજલાલીમાં ઓટ આવી ગઈ, પરંતુ શાખ તેવી ને તેવી રાખવા માટે વડીલશ્રીએ શાંતિથી મુંબઈની વાટ પકડી પાઈ પાઈનું દેવું ચૂકવી આપ્યું. અલબત્ત, આ કુઠારાઘાતને કારણે વડીલશ્રીના નવ બાળકોનું કુટુંબ મુશ્કેલીમાં મુકાઈ ગયું, જેને તેમાંથી આર્થિક રીતે બહાર નીકળતા

અરધી સદીનો સમય લાગ્યો. તે દરમિયાનમાં તો દેશના ભાગલા પણ થઈ ગયા, પેઢીને શાંતિથી સંકેલી લેવી પડી અને કમનસીબે વડીલશ્રીએ આઘાતમાંથી પરત ન આવી શકતા, થોડા વરસો બાદ તેઓનો પણ દેહાંત થયો. આમ છતાં પણ આજની તારીખમાં તેમના પરિવારના ચોથી પેઢીના સભ્યો વાર તહેવારે માતા-ના-મઢ કે પછી ત્યાં ન પહોંચાય તો ભુજમાં આવેલ માં આશાપુરાના દર્શને જવાનું ચૂકતા નથી.

આ નવ સંતાનોમાંથી, એક ભાઈએ નાની વયે પોતાની ઊંડી સમજથી સમગ્ર પરિવારની જવાબદારી સ્વિકારી અને મીનાકારીમાં નામ કમાવ્યું, જેની સ્ટોરી તે સમયના જાણીતા પત્રકાર અનિક કોઠારીએ ૫ જુન, ૧૯૯૪ના 'કચ્છમિત્ર'માં "લુપ્ત થવાના ઉંબરે પહોંચી ચૂકેલી જગવિખ્યાત કચ્છી મીનાકારી" ના ટાઈટલ સાથે પ્રસિદ્ધ કરેલ. જેમાંના કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે. તેઓ આ વ્યક્તિત્વને કલાગુરૂ તરીકે નવાજતા લખે છે કે, ૬૫-૬૫ વરસો સુધી આ કલાને સાધતા કેશવજીભાઈની કલાસાધના ૮૦ વરસની ઉંમરે પણ ચાલુ જ છે. કચ્છની વરસોથી બંધ કરી દેવાયેલી જાણીતી કલા સંસ્થા (સ્કૂલ ઓફ આર્ટ) ના ૧૯૨૭-૨૮ ના વિદ્યાર્થી તરીકે કલા સંસ્થાના પ્રિ. દેવજીભાઈ કલ્યાણજી પાસેથી નકશીકામ (કચ્છવર્ક) શીખનાર તેઓ એકમાત્ર વિદ્યાર્થી હતા. અલબત્ત તેમના હાથ નીચે અનેક કારીગરો તૈયાર થયા. અંતમાં તેઓએ લખેલ છે કે કલા એમના શ્વાસોચ્છવાસમાં હતી. નિજાનંદનો નિયમ બની ગઈ હતી. તેઓ કહેતા કે ભગવાનને તો મેં જોયા નથી પરંતુ માંહ્યલાને સમજવા માંગુ છું, શુદ્ધ રાખવા મથી રહ્યો છું. કલા મારી સાધના છે, આનંદ છે.

આ માર્ચ મહિનાની ૨૯મી તારીખે ૨૦૦૦ની સાલમાં મુંબઈ ખાતે તેમનું અવસાન થયેલ. તેમની યાદગીરી રૂપે તેમનાજ મુખેથી સાંભળેલ તેમના પરિવારની આસમાની-સુલતાનીની વાત અહીં મુકેલ છે. તેમણે કચ્છના કલાપ્રેમી રાજવી માધુભા બાવાના સમયમાં ૧૯૪૫માં કચ્છ મ્યુઝીયમ-ત્યારનું ફર્ગ્યુસન મ્યુઝીયમમાં યોજાયેલા પ્રદર્શનમાં પોતાની કલાકૃતિ રજૂ કરેલ હતી અને તેમને પ્રથમ તેમજ શ્રી હરિલાલ બીજલાણીને દ્વિતીય સ્થાન મળેલ હોવાનું નોંધાયેલ છે. આપણી જ્ઞાતિમાં સંખ્યાની રીતે દ્વિતીય સ્થાન ધરાવનાર પોમલોમાંના આ પોમલ-કલાગુરૂએ ગઈ સદીના નેવુંના દસકામાં ભાગવત બેસાડેલ અને સારાયે સમાજને સમૂહ ભોજન કરાવેલ. તદુપરાંત તેમણે પોતાની બેઠક, મેડી પર આવેલ પોતાની માલિકીની દુકાન, સમાજને અર્પણ કરેલ.

- **હેલ્થ ફર્સ્ટ :**

તંદુરસ્ત સમાજ એટલે એવી વ્યક્તિઓનો સમૂહ, જેમાં પોતાના ભાઈઓ માટે કંઈક કરી છૂટવાની સદ્ભાવના હોય અને તન, મન કે ધન દ્વારા તે પ્રદર્શિત થતી હોય. ■

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'જ્ઞાતિસેતુ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | અમદાવાદ |
| ૨. | પ્રકાશનનો ગાળો | : | દ્વિ-માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | મુદ્રકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | મુદ્રક સ્થાન | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ. |
| ૪. | પ્રકાશકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | પ્રકાશકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | પ્રકાશકનું સરનામું | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ, C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |
| ૫. | સંપાદકનું નામ | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| | સંપાદકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સંપાદકનું સરનામુ | : | ૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. | અખબારની માલિકી | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | સરનામું | : | C/o. ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |

હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

***અમદાવાદ*** — ***મનુભાઈ વી. કોટડીયા***

***તા. ૧૫-૩-૨૦૧૬*** — ***પ્રકાશક અને મુદ્રક - 'જ્ઞાતિસેતુ'***

# સામાજીક અગ્રણી : શ્રી હેમેન્દ્રભાઈ કંસારા

અતુલ સોની - અમદાવાદ

*સમાજ, વ્યક્તિઓના સમૂહથી બને છે. સમાજના વિકાસ માટે ઘણી વ્યક્તિઓ પોતપોતાના ક્ષેત્રમાં કાર્ય કરતી હોય છે અને તેમના કાર્યોથી સમાજ ઉજળો બને છે. આપણા સમાજના નખત્રાણાના શ્રી હેમેન્દ્રભાઈ કંસારા, સેવાકીય પ્રવૃત્તિ સાથે સતત સંકળાયેલા રહે છે. રાજકીય ક્ષેત્ર હોય કે સામાજીક ક્ષેત્ર – તેમની નેતૃત્વ શક્તિ એક વિશિષ્ટ રૂપે નીખરતી રહે છે. હેમેન્દ્રભાઈ કંસારાનો પરિચય તેમના જ શબ્દોમાં 'જ્ઞાતિસેતુ'ના વાચકો માટે પ્રસ્તુત છે.*

- **વિદ્યાર્થી કાળ :**

પ્રાઈમરી અને માધ્યમિક શિક્ષણ નખત્રાણામાં મેળવેલ. તેની સાથે એન.સી.સી.ની પ્રવૃત્તિમાં જોડાયેલ અને સાથે સંઘ વિચારધારાનાં કારણે નખત્રાણાની સંઘની શાખામાં બાળ સ્વયંસેવક તરીકે નિત્ય શાખામાં જતો. તેની સાથે પ્રભાત શાખાની મુખ્ય શિક્ષકની જવાબદારી તેમજ નગર કાર્યવાહક સુધીની જવાબદારી નિભાવી.

બાલ, તરૂણ, કિશોર અને વ્યવસાયિક સ્વયંસેવક તરીકે જતા. કોલેજમાં જવાનું થતાં પરંતુ ભુજ - નખત્રાણા વચ્ચે અપ-ડાઉન કરવાથી કોલેજની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો સમય મળતો નહીં.



*શ્રી હેમેન્દ્રભાઈ કંસારા*

- **કોલેજકાળ :**

તે સમયે કોલેજ ગ્રેજ્યુએશન ચાર વર્ષે મળતું. એસ.એસ.સી. ૧૧ ધોરણથી કહેવાતી. પ્રથમ વર્ષ પ્રિ-કોલેજ અને ત્યારબાદ F.Y., S.Y. અને T.Y. થયા બાદ ગ્રેજ્યુએટ થવાતું.

કોલેજકાળ દરમિયાન પ્રથમ વર્ષે નવનિર્માણ આંદોલન શરૂ થયું. જેના કારણે કોલેજ વારંવાર બંધ રહેતી અને છેલ્લે પરીક્ષા દીધા વિના જ તમામ વિદ્યાર્થીઓને પાસ કરી દેવામાં આવેલ.

ત્યારબાદ F.Y. અને S.Y. સુધી અભ્યાસ કર્યો. પરંતુ T.Y. પૂરૂં થઈ શકેલ નહીં.

કોલેજકાળ દરમ્યાન પ્રથમ દષ્ટિએ મારે કાયદાકીય ડિગ્રી લેવા આર્ટસમાં જવાની ઈચ્છા હતી પરંતુ સાથેના બધા મિત્રોના આગ્રહનાં કારણે કોમર્સ ફેકલ્ટીમાં જોડાયો.

નવનિર્માણનું આંદોલન અને ત્યારબાદ કૌટુંબિક જવાબદારી વધતાં મારે ફરજીયાત સરકારી નોકરીમાં જોડાવાનું થયું. અને મેં રેવન્યુ ખાતામાં નોકરી સ્વીકારી. નોકરી અને કોલેજ બંનેનો સમય મળે પડે તેમ ન હતા. જેથી પાર્ટટાઈમ કોલેજ કરી S.Y.B.Com. સુધી અભ્યાસ કરી શક્યા.

પરંતુ નોકરી દરમ્યાન મને ઘણા અનુભવો પણ મળ્યા. રેવન્યુમાં જમીન, મહેસુલ, કાયદા, ફોજદારી કાયદા તેમજ સામાન્ય વહીવટના ઘણાં અનુભવ મળ્યા. તત્ સમયનાં આસિ. કલેક્ટર અને છેલ્લે ગુજરાત સરકારમાં ચીફ સેક્રેટરી બનેલ સુધીર માંકડ (I.A.S.)ના નીચે સ્વતંત્ર કામ કરવાનો અનુભવ આજે પણ યાદ આવે છે અને સાથે સાથે કાયદાકીય ડિગ્રી ન લઈ શકવાનો અફસોસ આજે પણ થાય છે.

વિશ્વાસ સાથે ચોક્કસ કહું તો હું વકીલ વ્યવસાયમાં સફળ વકીલ બની શક્યો હોત પરંતુ ઈશ્વરને કંઈક જુદું બનાવવાની ઈચ્છા હતી. ત્યારબાદ મને ક્યારે પણ સમય ન મળ્યો કે હું કાયદાકીય ડિગ્રીનો અભ્યાસ કરૂં.

પરંતુ સરકારી નોકરી અને બદલી બંને વચ્ચે મને બદલીનો સતત ભય રહેતો કારણકે મારા પિતાજીની નાદુરસ્ત તબિયતનાં કારણે હું તેમનાથી અલગ પડવા માંગતો ન હતો.

અને તેમની પણ ઈચ્છા ન હતી કે હું અલગ પડું. અને તેના કારણે નોકરી છોડવી પડી. પરંતુ નોકરી દરમ્યાન વહીવટી અને કાર્યપધ્ધતિ આજે પણ કામ આવે છે.

- **વ્યવસાયની જવાબદારી :**

નોકરી છોડ્યા પછી વ્યવસાયની જવાબદારી પણ આવી. વ્યવસાયમાં પિતાજીના વારસાગત વાસણનો વ્યવસાય હતો પરંતુ મને તેમાં રૂચિ ન હતી. તેમજ પિતાની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ પણ ધંધાની જવાબદારી નિભાવી શક્યા નહીં અને વાસણનો વેપાર બંધ કર્યો.

નોકરીમાં મળેલ અનુભવથી મેં તે સમયે ભલે કાયદાકીય ડિગ્રી ન મેળવી હોય છતાં હું જમીન મહેસૂલના કેસો લડતો. એટલું જ નહીં કાયદાકીય માર્ગદર્શન આપવાનું અને જમીન - મકાનના દસ્તાવેજો લખવાનું શરૂ કરેલ. એમાં મને સારી સફળતા મળી હતી.

તે સમયે નખત્રાણા તાલુકાના ખ્યાતનામ વકીલો સ્વ. જુગતરામ રાવલ, કરશનદાસ કુંવરજી ઠક્કર તથા દયારામ જીવરામ ઠક્કર જેવા વડીલો પણ મને માર્ગદર્શન આપતા અને તેમના માધ્યમથી કેસ પેપર્સ તૈયાર કરતો અને જમીન મકાનના દસ્તાવેજ માટે મને મારા મામા સ્વ. ગોવિંદજી ઉર્ફે બાબુભાઈ સોની માર્ગદર્શન પૂરૂં પાડતા.

- **વેપાર :**

સ્વતંત્ર વેપાર શરૂ કરવા નિર્ણય લીધેલ અને પ્રેસ અને પ્રિન્ટીંગનો વ્યવસાય શરૂ કરેલ. જેમાં પ્રથમ બધા ભાઈઓ જોડાયા. ત્યારબાદ ક્રમશઃ બધા ભાઈઓ વિવિધ વ્યવસાયમાં જોડાતા આજે હું સ્ટેશનરી અને પ્રિન્ટીંગની જવાબદારી નિભાવી રહ્યો છું.

- **રાજકારણ :**

વિદ્યાર્થીકાળથી સંઘની વિચારશ્રેણીથી જોડાયેલો હોઈ પ્રથમ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની કામગીરી કરી. મોરબીમાં આવેલ ભયાનક પૂરથી થયેલ તારાજી અને જાનહાનિમાં આર.એસ.એસ.ના કાર્યકર્તાઓ દ્વારા થયેલ બચાવ કામગીરીનો પ્રથમ ફોટોગ્રાફ પ્રદર્શન લોકોની જાણકારી માટે મુકેલ હતો.

અને ખરેખર થયેલ તારાજી જોઈ લોકો દ્વારા પણ મોરબી રાહતફંડમાં ઉદારતાથી ફંડ આપવામાં આવેલ. જે રાજકારણની દિશામાં જવાનું પ્રથમ પગલું હતું.

મૂળ તો રાજકારણમાં જવાની પ્રેરણા, મારા પિતાજી સ્વ. મોહનલાલ માધવજી કંસારા પાસેથી મળી કારણકે તેઓ પણ સ્વતંત્ર પક્ષમાં જવાબદારી નિભાવતા હતા અને એક વખત જિલ્લા પંચાયતની ચૂંટણી પણ લડ્યા હતા.

ત્યારપછી ક્રમશઃ વિધિસર રાજકારણમાં પ્રવેશ લઈ તે સમયે જનસંઘ - ત્યારબાદ જનતાપાર્ટી અને ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ સંગઠનોમાં વિવિધ જવાબદારી નિભાવી. આજે પણ જીલ્લા ભાજપમાં જવાબદારી નિભાવું છું.

મને તાલુકા પંચાયતની ચૂંટણીમાં લડવાનો મોકો મળેલ અને મેં નખત્રાણા તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી.

- **સામાજિક જવાબદારી :**

રાજકીય સાથે સામાજીક જવાબદારી નિભાવવાનો અવસર પણ મળ્યો હતો. વેપારી હોઈ વેપારને લગતા અનેકવિધ પ્રશ્નોનો અભ્યાસ કરી જુદી જુદી જગ્યાએ રજુઆત કરી. પરિણામલક્ષી કાર્ય કરવાની તક મળી. અને મેં નખત્રાણા ચેમ્બર્સ ઑફ કોમર્સમાં મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી.

કચ્છ ચેમ્બર્સ ઑફ કોમર્સનાં મંત્રી તરીકે, ફેડરેશન ઑફ કચ્છ ચેમ્બર્સ એસોસિએશનનાં ઉપપ્રમુખ તરીકે, ગુજરાત બુક સેલર્સ એન્ડ સ્ટેશનરી એસોસિએશનના એક્ઝીક્યુટીવ મેમ્બર તરીકે તેમજ કચ્છ જીલ્લા સ્ટેશનરી બુકસેલર્સનાં ઉપપ્રમુખ તરીકે પણ જવાબદારી નિભાવું છું. અને નખત્રાણા કોમર્શિયલ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના ચેરમેન તરીકેની જવાબદારી નિભાવું છું.

તેની સાથે જ્ઞાતિમાં પણ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા જ્ઞાતિ મહામંડળ ટ્રસ્ટમાં સહમંત્રી તરીકેની જવાબદારી નિભાવું છું. તેમજ શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટમાં મહામંત્રી તરીકે જવાબદારી નિભાવું છું.

તેમજ નખત્રાણાનાં વિવિધ સામાજીક સંગઠનો અને ટ્રસ્ટમાં પણ જવાબદારી નિભાવું છું. ■

*એકલો ચાલુ, સહારો ના ખપે; માર્ગ છો ભૂલું, સિતારો ના ખપે.*
*પાનખરને આવકારું હર્ષથી; કાયમી કેવળ બહારો ના ખપે.*

**– શિલ્પીન થાનકી**

## ગઝલ : કહેજે કોઈ પૂછે તો

*હૃદયમંથન પછી જો કાંઈ સૂઝે તો,*
*એનું માપી જો અંતર તું કહેજે કોઈ પૂછે તો.*

*નમનમી આંસુએ આવી કર્યા છે પાંપણો ભીના,*
*પ્રણયમાં પાંગર્યું જીવતર કહેજે કોઈ પૂછે તો.*

*થવા દીધી નથી મેલી હજી તેં તારી ચાદરને,*
*વણાયું કેમ એ વસ્તર કહેજે કોઈ પૂછે તો.*

*ઘણા એવા 'હું છું ને' કહેનાય હકીકતમાં*
*સમય પર થાય છૂમંતર કહેજે કોઈ પૂછે તો.*

*ન ડૂબી કેમ ગઈ મઝધારે હજી આ નાવડી તારી*
*મળ્યો નાવિક ત્યાં સધ્ધર કહેજે કોઈ પૂછે તો.*

*ઘટઘટાવી ગયો છે જે છલોછલ જામ જીવનનો*
*'રાહી' એનું સફળ જીવન કહેજે કોઈ પૂછે તો.*

**સરસ્વતી સોલંકી "રાહી"**

# પંચમઢી

પ્રો. રસિકભાઈ મહીચ્છા

ગયા અંકમાં આપણે તીર્થરાજ અમરકંટકની યાત્રા કરી. હવે આ વખતે આપણે સાતપુડા પર્વતમાળામાં આવેલી "સાતપુડાની મહારાણી" તરીકે સુવિખ્યાત પંચમઢી જઈશું. પંચમઢી, એ મધ્યપ્રદેશનું એકમાત્ર પણ સુંદર હિલ સ્ટેશન છે. હોસંગાબાદ જિલ્લામાં આવેલું આ હવા ખાવાનું મથક અંદાજિત ૧૦૦૦ મીટર ઊંચાઈ ધરાવતું મધ્ય ભારત અને વિંધ્યાચલ પર્વતમાળામાં સૌથી ઊંચું સ્થળ છે. ૧૩૫૦ મીટર ઊંચાઈવાળું ધુપગઢ તેનું સૌથી ઊંચું શિખર છે. પંચમઢી ટુરીસ્ટ માટે ખૂબ આકર્ષક સ્થળ છે. એટલું જ નહિ પરંતુ ટ્રેકિંગ, ફિશીંગ, પ્રાકૃતિક શિબિર અને સાહસિક એક્ટીવિટી જેવી કે પર્વતારોહણ અને હાઈકિંગ માટે પણ ખૂબ સરસ સ્થળ છે.

## ● સંરક્ષિત બયોસ્ફીઅર પ્રદેશ :

યુનેસ્કોએ ભારતમાં કુલ ૧૮ સંરક્ષિત બયોસ્ફીઅર રીજિયન જાહેર કરેલા છે જેમાં પંચમઢી પણ એક છે. દરેક સંરક્ષિત બયોસ્ફીઅર પ્રદેશમાં વસવાટ કરતા પ્રાણીઓ, વનસ્પતિઓ, ભૌગોલિક વિશિષ્ટતાઓ અને માનવ જીવનને જતન કરીને જાળવી રાખવામાં આવે છે. તેના પર થતા વિવિધ પ્રકારના અતિક્રમણને કાયદાની રૂએ અટકાવવામાં આવે છે. તેની ઈકોસિસ્ટમને સુરક્ષિત રાખવામાં આવે છે. દરેક સંરક્ષિત બયોસ્ફીઅર પ્રદેશની સરહદ પર બફર ઝોન રાખવામાં આવેછે. આ ઝોનમા માર્યાદિત આર્થિક પ્રવૃત્તિઓને અને તેના માટે જરૂરી ન્યુનતમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભા કરવાની સંમતિ આપવામાં આવે છે. આ પ્રમાણે કચ્છનું મોટું રણ પણ ડેઝર્ટ બાયોસ્ફિયર તરીકે સુરક્ષિત કરવામાં આવ્યું છે. પંચમઢી બયોસ્ફીઅર રીજિયનમાં હોસંગાબાદ, છિન્દવાળા અને બેતુલ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## ● પંચમઢીનું પ્રાકૃતિક જૈવ-વૈવિધ્ય :

પંચમઢીની ઈકોસિસ્ટમ ખૂબજ વિશાળ જૈવ-વૈવિધ્ય (Biodiversity) ધરાવે છે. વાઘ, ચિંકારા, ચિતાઓ, સાબર અને હરણો મુખ્ય છે. આ સિવાય નીલગાય, વરૂઓ, ખિસકોલીઓ અને વિવિધ પ્રકારના સાપો અને લિઝાર્ડ જેવાકે કાચંડા અને છીપકલીઓ પણ જોવા મળે છે. પંચમઢીના જંગલોમાં સાગ, સાલ અને જંગલી ફળો જેવાકે જાંબુ, બદામ અને બોરના પણ ઘણા વૃક્ષ આવેલા છે.

બ્રિટીશરાજ પહેલા પંચમઢી ગોંદ રજવાડામાં આવતું હતું. જેમ્સ ફોર્સીથ નામના બ્રિટીશ અમલદાર ૧૮૫૭માં સાતપુડા પર્વતોમાંથી થઈને ઝાંસી તરફ તેમના લશ્કરી દળો લઈ જતા હતા ત્યારે તેને પંચમઢીનો પઠાર નજરે પડ્યો અને તેને બ્રિટીશ લશ્કરી અધિકારીઓ માટે મધ્ય ભારતનું હિલ સ્ટેશન તરીકે વિકસાવી શકાય એવો વિચાર આવ્યો. ત્યારબાદ તેણે ત્યાં હિલ સ્ટેશનની સગવડતાઓ ઉભી કરી અને સેનેટોરિયમ બનાવ્યું. પંચમઢી શહેર બહુ મોટું નથી. લગભગ દસેક હજારની વસ્તી હશે. તે લશ્કરનું મોટું થાણું છે. તે ઘણી બટાલિયન્સનું હેડક્વાર્ટર છે. સિવિલિયન પોપ્યુલેશન ઓછી છે અને શહેરનો વહીવટ પંચમઢી કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા ચલાવાય છે. અહીં હવાઈમથક છે પરંતુ સિવિલિયન પ્લેનોની અવરજવર નથી.

## ● પંચમઢી કેવી રીતે જઈ શકાય?

રાજકોટ - અમદાવાદ થઈને જતી સોમનાથ - જબલપુર ટ્રેનમા ઈટારસી-જબલપુર રૂટ પીપરિયા રેલવે સ્ટેશને ઉતરી જવાનું. ત્યાંથી પંચમઢી ૪૮ કિલોમીટર થાય છે. ત્યાં જવા માટે ફોર વીલર - જીપ, ઇનોવા અથવા પ્રાઈવેટ બસો પીપરિયા રેલવે સ્ટેશનથી મળી રહે છે. પંચમઢીમાં રહેવા માટે દરેક પ્રકારની હોટેલો અને ગેસ્ટ હાઉસીસ આવેલા છે. નાસ્તા, પાણી તથા ભોજન માટે ઘણા પ્રકારના રેસ્ટોરન્ટ અને ધાબાઓ આવેલા છે. જેમાં પંજાબી, ગુજરાતી અને મહારાષ્ટ્રિયન ફૂડ મળી રહે છે.

## ● પંચમઢીમાં ટુરીસ્ટ આકર્ષણ :

પંચમઢીમા આમ તો બારેમાસ ટુરીસ્ટની આવનજાવન રહે છે. તેમ છતાં ચોમાસા પછી સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન જવું સારૂં રહે છે. લગભગ દરેકને બજેટમા પરવડી શકે એવી હોટેલો મળી રહે છે. દશથી પંદર કિલોમીટરની રેન્જમા ઘણા સ્થળો જોઈ શકાય એવું છે. ત્યારબાદ દૂર-સુદુર જંગલોમાં પણ પરિભ્રમણ અને ટ્રેક કરવાના સુંદર પોઈન્ટ આવેલા છે. જ્યાં ટ્રેકર્સ, પર્વતારોહકો અને પ્રકૃતિના શોખીન માટે સ્વર્ગ છે. પંચમઢીમા ફરવા માટે ખુલ્લી જીપો બહુ ચાલે છે, જેને જીપ્સી કહે છે. તેમાં ફરવાની ખૂબ મજા આવે છે. જો તમે પોતાનું વાહન લઈ ગયા હો તો પણ જીપ્સી કરી લેવી સારી પડે છે. કારણ કે જીપ્સી ડ્રાઈવર ગાઈડ પણ કરે છે કારણ કે જંગલના રસ્તાઓથી પરિચિત હોય છે. પચમઢીમાં ફરવા માટે મહત્વના સ્થળો આ પ્રમાણે છે.

## ૧. પાંડવ ગુફાઓ :

મહાભારતના સમયમા પાંડવો જ્યારે ૧૪ વર્ષ માટેનો અજ્ઞાત વનવાસ ગાળતા હતા ત્યારે અહીં જંગલો અને પર્વતો વચ્ચે આવેલી પાંચ ગુફાઓમાં વસવાટ કરતા હતા એવી લોકવાયકા છે. આ પુરાણકાલીન સ્થળ ગણાય છે. જ્યાં પાંચ



પાંડવ ગુફાઓ

પાંડવોની ગુફાઓ આવેલી છે. અહીં જ્યારે પાંડવો ગુપ્ત વેશમાં વનવાસ ભોગવતા હતા ત્યારે અર્જુને હીજડાના રૂપમાં નાગરાજ વાસુની કન્યા નાગમતિને સંગીત શીખવ્યું હતું. પાછળથી તેની સાથે લગ્ન પણ કરી લીધા હતા. આ સ્થળ પણ આકર્યોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા હેઠળ સુરક્ષિત છે. અહીંથી ૧૫ કિ.મી. દૂર નાગવારી ગામ આવેલું છે. જ્યાં નાગરાજ વાસુ રહેતો હતો. આ પાંચ પાંડવોની ગુફા પરથી પંચમઢી નામ પડ્યું છે એવું માનવામાં આવે છે. આ ગુફાઓ પાસે સુંદર ગાર્ડન પણ બનાવ્યું છે.

## ૨. પ્રિયદર્શિની પોઈન્ટ

૧૮૫૭માં કેપ્ટન ફોર્સીથ નામના અંગ્રેજ અમલદારે સૌ પ્રથમ આ વ્યુ-પોઈન્ટ શોધી કાઢ્યું હતું. અહીંથી પંચમઢીના પહાડો વચ્ચે અત્યંત મનોરમ્ય અને રોચક વ્યુ મળે છે. ૧૯૬૪માં શ્રીમતિ ઇંદીરા ગાંધીએ આ સ્થળની મુલાકાત લીધા બાદ તેનું નામ પ્રિય-દર્શિની પોઈન્ટ પડી ગયું છે. મુખ્ય રસ્તાથી આ વ્યુ પોઈન્ટ જોવા માટે થોડું ચાલવું પડશે પરંતુ આ વ્યુ પોઈન્ટ જોવાની મજા આવે છે.

## ૩. જટાશંકર અને મહાદેવની ગુફઓ

જટાશંકર અને મહાદેવની અલગ અલગ ગુફાઓ આવેલી છે. જટાશંકરની ગુફામાં ભગવાન શંકરે તેની જટા ખોલી હતી અને ભષ્માંસુરથી બચવા માટે અહીં સંતાઈ ગયા હતા. ભગવાન શંકરે ભષ્માસુરને વરદાન આપ્યું હતું કે તે જેના માથા પર હાથ મુકશે તે બળીને ભસ્મ થઈ જશે. જેની ખાતરી કરવા જેણે વરદાન આપ્યું હતું તે જ શંકર ભગવાનના માથા પર હાથ મુકવા આવ્યો હતો. અહીં ગુફામાં બારેમાસ પાણી વહે છે અને તે ક્યાંથી આવે છે તેની ખબર પડતી નથી.

મહાદેવની ગુફામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની મૂર્તિઓ છે. તે ઉપરાંત મહાદેવનું લિંગ અને ગણેશજીની મૂર્તિ પણ આવેલી છે. પાણી ભરેલું મોટું કુંડ પણ છે. અહીંથી ગુપ્ત મહાદેવ જવાનો રસ્તો પણ છે. ગુપ્ત મહાદેવ જવાનો રસ્તો ખૂબ સાંકડો હોવાથી એકી સાથે વધુમા વધુ છ થી આઠ વ્યક્તિઓ દર્શન કરવા જઈ શકે છે.

## ૪. બી ફોલ અથવા જમુના પ્રપાત

અહીં ૧૫૦ ફૂટની ઊંચાઈએથી પાણીના સફેદ દૂધ જેવા ધોધ મળે છે. જ્યારે ધોધ પડે છે ત્યારે સુંદર મનોરમ્ય દશ્ય રચાય છે. પરંતુ અમારા નસીબમાં એવું જોવાનું લખ્યું ના હતું. કારણ કે છેલ્લા ચોમાસામાં ખૂબજ ઓછો વરસાદ થવાથી ધોધ સૂકાઈ ગયા હતા.

આ સિવાય અન્ય ધોધ જેવા કે અપ્સરા વિહાર, ડચ ફોલ અથવા જલાવતરણ અને રજત પ્રયાત પણ આવેલા છે. તેઓ પણ ખૂબ સુંદર છે.

## ૫. હાંડી-ખો

અહીં ૩૦૦ ફૂટ ઊંડી 'વી' આકારની ખીણ આવેલી છે. ખીણમાં ગીચ જંગલો આવેલા છે. પર્વતો, ખીણ અને જંગલોના સુંદર પ્રાકૃતિક દશ્યો રચાય છે. હાંડી નામના એક અંગ્રેજે અહીં ખીણમાં પડતું મૂકીને આત્મહત્યા કરી હતી. તેથી આ સ્થળને હાંડી ખો કહે છે.

## ૬. અપ્સરા વિહાર



પંચમઢીથી ૧૩ કિલોમીટર દૂર આવેલું આ સુંદર સ્થળ પણ ખૂબ સરસ છે. એક કુદરતી રીતે રચાઈ ગયેલા નાનકડા પાણીના કુંડમાં સતત ધોધ પડે છે તે જોવાની ખૂબ મજા પડે છે. ત્યાં નહાવાનો આનંદ પણ લેવા જેવો છે.

## ૭. રાજેન્દ્રગીરી

આ શિખર છે અને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિએ અહીં મુલાકાત લીધી હતી તેથી તેનું નામ રાજેન્દ્રગીરી પડ્યું છે. અહીંથી સમગ્ર સાતપુડા પર્વતોની રેન્જ દશ્યમાન થાય છે.

## ૮. ધુપગઢ

ધુપગઢ દૂર છે પરંતુ ટ્રેકિંગના શોખીન યુવાનો માટે સુંદર

ટ્રેક છે. જો ગ્રુપ હોય તો લીલીછમ વનરાઈ વચ્ચેથી ચાલીને જવાનો વિશેષ આનંદ આવે છે. સાથે સાથે પ્રકૃતિને પણ માણી શકાય છે. શિખર પર જવા માટે ટ્રેકિંગ કરીને જવું પડે છે. જો કે હવે રોડ થઈ ગયો છે એટલે જીપ્સીથી પણ જઈ શકાય છે.

**૯. ચૌરાગઢ**

ચૌરાગઢ ધુપગઢ પછી બીજા નંબરનું ઊંચું શિખર છે. ટોપ પર ભગવાન શંકરનું મંદિર છે. ગોંદ રાજવી સંગ્રામસિંહ દ્વારા બાંધવામાં આવેલ ચૌરાગઢનો કિલ્લો પણ છે.

**૧૦. સાતપુડા નેશનલ પાર્ક**

૧૯૮૦મા પંચમઢીના કેટલાક જંગલના વિસ્તારોને સાતપુડા નેશનલ પાર્ક તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં મહાદેવ, ધુપગઢ તથા પર્વતો અને ખીણોના પ્રદેશનો સમાવેશ થાય છે. આ રાષ્ટ્રીય અભયારણ્યમાં પ્રકૃતિવિદોને આનંદ સાથે જ્ઞાન મેળવી શકાય તેવી પ્રાકૃતિક શિબિરોનું આયોજન શકાય છે. સાગ અને વાંસના જંગલો, ઊંડી ખીણો, પર્વતાવલિઓ, રૂમઝુમ કરતા ઝરણાઓ અને પાણીના પડતા ધોધના દર્શન કરીને મન તૃપ્ત થઈ જાય છે. ચિંતા, વાઘ, દીપડા, રીંછ જેવા રાની પશુઓનું આ અભયારણ ઘર છે. ખાસ શોખીનો એક્ષપર્ટ ગાઈડની મદદ લઈને જંગલ સફારીનો આનંદ મેળવી શકે છે.

આ સિવાય પણ પંચમઢી વિસ્તારમાં ફરવાલાયક ઘણા સ્થળો આવેલા છે. અમે પંચમઢીમાં ત્રણ દિવસ ફર્યા બાદ બપોરે બે વાગે ઉપડતી સોમનાથ જબલપુર એક્સપ્રેસ ટ્રેન પકડી લીધી. ■

# रोगी - योगी - भोगी

*नंदकिशोर कंसारा - जोधपुर*

ये क्या तुकबन्दी हुई?

हाँ, यह तुकबन्दी भी है जिसमें मनुष्य जीवन के गहरे रहस्य छिपे हैं ।

★ विश्व मानको (WORLD STANDARDS) के अनुसार एक स्वस्थ मनुष्य का वजन, जितना इंच उसकी ऊंचाई (Height), उतना Kg उसका वजन होना चाहिये । उदाहरणार्थ अगर किसी की ऊंचाई 5’6” है तो ऊंचाई हुई 66” (इंच) तो सुत्र अनुसार अगर उसका वजन 66 Kg. है तो वह स्वस्थ है।

और अगर वजन इससे कम या ज्यादा हुआ तो - मनुष्य अस्वस्थ गिना जायेगा।

Practically एवं अनुभव के आधार पर उपरोक्त सुत्र में बदलाव इस प्रकार है :

★ बचपन में पूरी हाईट गेन करने के बाद अगर वजन Standard Weight (SW) से (–) 10% है तो वह स्वस्थ है।

★ भरपूर जवानी एवं बढी उम्र में अगर वजन SW का (+) 10% है तो वह स्वस्थ है।

***और अगर वजन + 10% से कम या ज्यादा है तो?***

★ अगर वजन SW से -10% से भी ज्यादा कम है तो वह शरीर (रोगी) अस्वस्थ है।

★ अगर वजन SW से + 10% के अन्दर है तो वह सरीर (योगी) स्वस्थ है?

★ और अगर वजन SW से +10% से भी ज्यादा है तो वह शरीर (भोगी) अस्वस्थ है।

***अगर शरीर योगी न होकर रोगी या भोगी भी हो तो क्या फर्क पडता है?***

★ जीवन में अगर हम सफलता चाहते हैं तो ही फर्क पडता है अन्यथा नहीं।

★ अगर (योगी) स्वस्थ है तो हम अपना ध्यान पूर्णतया सफलता प्राप्ति की और लगा सकते हैं जबकि रोगी / भोगी अवस्था में ध्यान को पूर्णतया केन्द्रित करना संभव नहीं है।

***अत: जीवन में सफल होना है तो योगी बने।***

***योगी कैसे बने?***

★ रोगी अवस्था वाले अपने मन से राग, द्वेष, इर्ष्या, शत्रुता, अहंकार आदि कषाय हटा दे, योगी बनेंगे।

★ भोगी अवस्था वाले अपने मन से भोग का स्वाद, सुख, सुविधा का इतना त्याग करे ताकि वो योगी बने।

अत: सफलता के लिये योगी बनें, समाज में सहयोगी बनें। धन्यवाद।

LOVE ALL – CARE ALL

*આપણા પ્રેમની શક્તિ બીજાને માટે જેમ જેમ વપરાતી રહે છે તેમ તેમ આપણામાં નવી શક્તિ અને નવો પ્રેમ પ્રગટ થતો રહે છે.*

# સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત

બીના એસ. કંસારા - ભુજ

માણસનું જીવન જેટલું કુદરતના સાંનિધ્યમાં, એટલી એની જીવનશૈલી સ્વાસ્થ્યને ઉપકારક; જેટલો પ્રકૃતિથી વિમુખ, એટલો એની સ્વાસ્થ્યને હાનિકારક દેવામાં વધારો. પ્રકૃતિની ગોદમાં ઉછરતા પહેલાના વખતના મોટાભાગના લોકોનો ખોરાક, વ્યવસાય, ઊંઘ વગેરે બાબતો સ્વાસ્થ્યપોષક હતી, જ્યારે આજના તાણભર્યા જીવનધોરણમાં માણસ બિન સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી ધરાવે છે. આવી જીવનશૈલી પોતાના દ્વારા જ ઊભી કરવામાં આવી છે. વિજ્ઞાન - ટેકનોલોજીને કારણે કુદરતનો બેફામ ઉપયોગ જ પોતાના માટે ઘાતક પુરવાર કર્યો છે. આધુનિકરણની હોડમાં માનવીએ આકાશ, પાતાળ, સમુદ્ર, જંગલ, નદીઓ, વૃક્ષો, પર્વતો વગેરેને નિચોવી લીધા છે. તે બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકીએ કે માનવીએ પોતાના સ્વાસ્થ્ય પર ઘાતક હુમલો કર્યો છે.

પ્રદૂષણની માત્રાનો જે પ્રમાણે વધારો થઈ રહ્યો છે તે આવનારી પેઢી માટે કપરો કાળ ન બને. આપણે પ્રદૂષણને ડગલે ને પગલે વધારતા જઈએ છીએ. જેની સીધી અસર આપણા શરીર પર થાય એ સહજ બનતી ઘટના છે. શ્વાસ મારફતે પ્રદૂષિત હવા, પાણી મારફતે દૂષિત પાણી, ખોરાક મારફતે દૂષિત ખોરાક આપણા સ્વાસ્થ્ય પર ઘાતક હુમલો કરે છે. અસ્વચ્છ હવા, પાણી, ખોરાક, સ્થળ આપણને શારીરિક, માનસિક, બૌધ્ધિક અને સામાજિક સ્તરે નીચા પાડી દે છે.

એક સ્વસ્થ સમાજની રચનાનો પાયો માનવીની સ્વસ્થ વિચારસરણી અને ઉત્તમ જીવન ધોરણ પર રહેલ છે. આવા પાયાના વિચાર પર આધાર રાખીને આપણી સરકારે સ્વચ્છતા અભિયાનની ચળવળને વેગવંતી કરી. જેના ભાગરૂપે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીજીના ૧૫૦મા જન્મદિને એમને ભેટ સ્વરૂપે "સ્વચ્છ ભારત"નું ઉમદા કામ હાથ પર ધર્યું છે. તેમની સાથે ગંગા સ્વચ્છતા અભિયાન પણ વેગમાં આગળ વધી રહ્યું છે. આવા ઉમદા અભિયાન અર્થે ઘરે ઘરે શૌચાલય બનાવવા, ગંદા પાણીનું નિકાલ, ઘન કચરાનો નિકાલ કરવો જેવી અનેક બાબતોને આવરી લેવામાં આવી છે.

ભારત દેશમાં ૭૨% લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે, બાકીના ૨૮% લોકો શહેરી વિસ્તારમાં. અર્થાત્ ભારત ગામડાઓમાં વસતો દેશ છે. ૫૦%થી વધુ વસતિ ગામડાની પીવાના પાણી માટે કૂવાનો કે હેન્ડપંપનો ઉપયોગ કરતી હોય છે. પરંતુ પીવાના પાણીના સ્તરની ગહેરાઈ વધતા સ્થાનિક નદી, તળાવ કે સરોવરના પાણીનો ઉપયોગ પીવામાં કરતા સ્વાસ્થ્ય માટે ગંભીર પ્રશ્ન ઊભો કરે છે કારણકે એ પાણીના સ્ત્રોતનો ઉપયોગ પશુઓના નાહવાના - પીવાના પાણી તરીકે તેમજ ત્યાં જ કપડા ધોવા જેવા અનેક કામમાં લેવાતો હોય છે. જેનો ઉપયોગ બીમારીને આમંત્રણ આપ્યા સમાન છે. આપણે શહેરી જીવનની વાત કરીએ તો ત્યાં અનેક પ્રકારના પડકાર છે જે આપણા સ્વાસ્થ્ય માટે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. પ્રદૂષિત હવા, દૂષિત પાણી, ભેળસેળયુક્ત ખોરાક, કચરાના નિકાલનો અભાવ જેવી અનેક બાબતોનો સીધો પ્રહાર સ્વાસ્થ્ય પર થાય છે. જેને પરિણામે આપણું શરીર અનેક બીમારીઓનું ઘર બનતું જાય છે.

માનવી વિચારશીલ પ્રાણી છે. માનવીએ જે પ્રમાણે વિજ્ઞાન - ટેકનોલોજીનો વિકાસ કરી કુદરતને પ્રદૂષિત કરી છે, એ જ ટેકનોલોજીનો ઉપયોગ કરી જળસ્રોતને શુધ્ધ કરી વપરાશ યોગ્ય બનાવવો જોઈએ. ઘન કચરો અને પ્રવાહી કચરો અલગ કરી તેનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. સાથે તેનો પુનઃ ઉપયોગ થઈ શકે તેવી પધ્ધતિઓનો વિકાસ કરવો જોઈએ. પરમાણું પરીક્ષણ જેવી પ્રવૃત્તિને ગંભીર ગમી તેના પ્રત્યે પગલા લેવા જોઈએ. જેથી વાતાવરણમાં થતી તેની અવળી અસરને રોકી શકીએ. પશુઓના ઘાણને ગોબર ગેસ પ્લાન્ટ દ્વારા ઉપયોગમાં લઈ કુદરતી ખનીજ સંપત્તિનો બચાવ કરી શકીએ.

ઉપર્યુક્ત ચર્ચા વિશાળ ક્ષેત્રને આવરી લેતા મોટા પગલાની થઈ, પણ કોઈ પણ કાર્યની શરૂઆત 'સ્વ'થી થતી હોય છે. આપણે આપણા આંગણાની સફાઈ કરીએ તો શેરીને આંગણું સમજીએ, જેનું પરિણામ સ્વચ્છ સોસાયટીના રૂપમાં જ નહીં, સ્વચ્છ ગામના રૂપમાં દેખાશે. માખી - મચ્છરના ઉપદ્રવથી બચીને અનેક બીમારીનો ભોગ બનતા અટકી જઈશું. પીવાના પાણી તેમજ વાતાવરણમાં પ્રદૂષણ ઊભું ન થાય તેના પ્રત્યે જાગૃત થઈએ અને સમાજમાં આવી જાગૃતિ 'સેવા' સ્વરૂપે ઊભી કરીએ. રૂઢીગત વિચારસરણી જેવી કે નદીઓમાં દેહવિસર્જન, અસ્થિ વિસર્જનને ત્યાગીએ. પ્રદૂષણ નિયંત્રણ અર્થેના કાયદાઓનું ચુસ્ત પાલન કરવું અને કરાવવું જોઈએ. નિયમિત આરોગ્ય કેમ્પના આયોજન દ્વારા વિવિધ રસીઓ અંગેની જાગૃતિ દ્વારા પોસ્ટરો, માહિતીપ્રદ ફિલ્મોના માધ્યમ દ્વારા વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં સ્વચ્છતા અને સ્વસ્થતા અંગે ફેલાવો કરવો જોઈએ.

૧૯૯૪માં ગુજરાતના સુરત શહેરમાં અસ્વચ્છતાને કારણે પ્લેગ ફેલાયેલો. મ્યુનિસિપલ કમિશનર એસ.આર. રાવની સખત મહેનતના કારણે સુરત શહેર ભારતનો બીજા નંબરનો સ્વચ્છ શહેર બની ગયો. આ ઉદાહરણ એક શહેર પૂરતું સીમિત ન રહે અને વિશ્વમાં ભારત સ્વસ્થ અને સ્વચ્છ બની રહે એવા સહિયારા પ્રયાસ કરવા જોઈએ.

આપણે સૌ આપણા રાષ્ટ્ર પ્રત્યે પ્રતિબંધિત છીએ કે સુંદર અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરીએ. જેના સંદર્ભે ઉમાશંકર જોષી દ્વારા રચિત પંક્તિ ટાંકવાની ઈચ્છા થઈ છે :


*ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ,*
*ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરે મુજ સપનાઓનો દેશ.*

# તુલસીદાસજી

જીનલ સોલંકી

હમણા જ ૨૧મી ફેબ્રુઆરીએ માતૃભાષા દિન ઉજવાયો. કેટલું દુઃખ થાય છે કે આપણી ભાષાને બચાવવા માટે આપણે દિન ઉજવવા પડે?? આપણે ખરેખર આટલા આધુનિક બની ગયા...?? આ રીતે જો ચાલતું રહ્યું તો મને લાગે છે આપણી પેઢીને આપણા રામાયણ, ગીતા જેવા ગ્રંથો અંગ્રેજીમાં ભાષાંતર કરીને ભણાવવા ન પડે...

આજે દરેક ક્ષેત્રે શિક્ષણ અંગે એમ જ સંભળાય છે કે હવે પહેલા જેવું ભણતર રહ્યું નથી... આ પહેલાં જેવું ભણતરમાં જે અત્યારે ખૂટે છે તે છે માત્ર ને માત્ર મૂલ્યનિષ્ઠ શિક્ષણ. અત્યારનું પરીક્ષાલક્ષી શિક્ષણ મૂલ્યલક્ષી શિક્ષણ પર હાવિ થતું જાય છે. આ કડવી વાસ્તવિક્તા આપણે સ્વીકારવી જ પડશે.



રેખાંકન : જીનલ સોલંકી

ખેર, મારે તો આ માધ્યમથી આપણને સૌને આપણા વારસા તરફ લઈ જવાનો મોકો મળે છે. એ માટે કાયમ હું અતુલભાઈ સોનીની ઋણી રહીશે.

આજે મારે રસાસ્વાદ અને પરિચય કરાવવો છે સંત તુલસીદાસજીનો.

ચિત્રકુટ જિલ્લામાં રાજાપુર ગામે આત્મારામ દુબે નામના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણના ઘરે સંવત ૧૫૫૪ના શ્રાવણ શુક્લ સાતમના દિવસે સંત તુલસીદાસ માતાના ગર્ભમાં ૧૨ મહિના રહીને જન્મ્યા હતા. શ્રી નરહર્યાનંદજીએ તેમનું નામ 'રામબોલા' રાખ્યું હતું અને તેને અયોધ્યા લઈ ગયા હતા. ત્યાં યજ્ઞોપવિત સંસ્કાર વખતે વગર શીખવાડ્યે આ બાળકે ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરી પોતાની પ્રખર બુધ્ધિના દર્શન કરાવ્યા.

શ્રી રામ સાથે તુલસીદાસજીનો મેળાપ કઈ રીતે થયો એ જોઈએ તો કાશીમાં તુલસીદાસજી રામકથા કહેતા હતા. ત્યાં એક દિવસ તેમને એક પ્રેત મળ્યું, જેણે તેમને હનુમાનજીનું સરનામું આપ્યું. હનુમાનજીને મળી તુલસીદાસજીએ તેમને શ્રી રઘુનાથજીના દર્શન કરાવવાની પ્રાર્થના કરી. હનુમાનજીએ કહ્યું, 'રામ તમને ચિત્રકુટમાં દર્શન આપશે.' આથી તુલસીદાસજીએ ચિત્રકુટ જઈને રામઘાટ પર પોતાનું આસન જમાવ્યું. ત્યાં તેમણેએક ખૂબ જ સુંદર રાજકુમારને ઘોડા પર સવાર થઈ ધનુષ - બાણ લઈ જતા જોયો. તુલસીદાસજી તેમને જોઈ મુગ્ધ થઈ ગયા પણ તેમને ઓળખી ન શક્યા. પાછળથી હનુમાનજીએ ભેદ સમજાવ્યો અને સાંત્વન આપ્યું અને કહ્યું, 'પ્રાતઃકાલ ફરી શ્રી રામના દર્શન તમને થશે.' એટલે પ્રાતઃકાલ શ્રી રામ બાળકના વેશમાં તુલસીદાસજી પાસે આવે છે અને કહે છે, 'બાબા, અમને ચંદન આપો.' હનુમાનજીને લાગ્યું ફરી તુલસીદાસજી ભૂલ ન કરે શ્રીરામને ઓળખવામાં... આથી હનુમાનજી પોપટનું રૂપ ધારણ કરી અને એ સમયે દોહો બોલે છે :

***"ચિત્રકુટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીર***
***તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુબીર."***

*ત્યાં તો...*

તુલસીદાસજી શ્રી રામની છબી નિહાળી શરીરનું ભાન ભૂલી ગયા. ભગવાને પોતાના હાથથી ચંદન લઈ પોતાના તથા તુલસીદાસજીના મસ્તક પર લગાડ્યું અને અંતર્ધ્યાન થઈ ગયા.

આવા આપણા તુલસીદાસજીને આપણે સૌ રામચરિત માનસના રચયિતા તરીકે ઓળખીએ છીએ. આ રામચરિત માનસ ગ્રંથ એમણે ૧૬૩૩માં બે વર્ષ સાત મહિના અને ૨૬ દિવસમાં પૂર્ણ કરેલ. આ સિવાય તુલસીદાસજીએ ઘણાં પદ્યોની રચના કરેલી છે. આપણે તે માણીએ...

૧. ***"મુખિયા મુખુ સો ચાહિએ, ખાનપાન કહું એક***
***પાલક પોષઈ સકલ અંગ તુલસી સહિત વિવેક."***

તુલસીદાસ કહે છે કે મુખી એટલે વડો મુખ (મોઢા) સમાન હોવો જોઈએ. જેમ મુખનું કામ ખાઈ પીને શરીરના બધા અંગોને શક્તિ પહોંચાડવાનું છે એવું જ કામ મુખીનું હોવું જોઈએ. ખૂબ સરસ રીતે તુલસીદાસજીએ મુખીને મુખ સાથે જોડીને વાત સમજાવી છે.

૨. ***"દયા ધર્મ કા મૂલ હૈ પાપ મૂલ અભિમાન***
***તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટ મેં પ્રાણ."***

ધર્મનું મૂળ 'દયા' અને પાપનું મૂળ અભિમાન છે. ધર્મની આવી ખૂબ ટુંકા શબ્દોમાં સચોટ વ્યાખ્યા તુલસીદાસજી જ કહી શકે. એટલે જ તુલસીદાસજી કહે છે જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી દયા ન છોડો.

૩. *"આવત હી હરસે નહીં નૈન નહિં સ્નેહ*
*તુલસી તહાં ન જાઈએ કંચન બરસે મેહ."*

તમારા આગમનથી કોઈ રાજી ન થાય કે તેની આંખમાં સ્નેહ ન આવે તો એ જગ્યાએ જવું નહીં. એમ તુલસીદાસજી કહે છે. પછી ભલે એ ઘરમાં સોનાનો વરસાદ કેમ ન થતો હોય...!!

૪. *"રામનામ મનિદીપ ધરું જીહ દેહરી હાર*
*તુલસી ભીતર બાહેરહું જો ચાહસિ ઉજિઆર."*

તુલસીદાસજી કહે છે કે મનુષ્ય જો અંદર અને બહાર બંને બાજુ અજવાળું રાખવા માંગતો હોય તો મનુષ્યએ તેના મુખરૂપી હારની જીભરૂપી ડેલી પર રામનામનો મણિદીપ રાખવો જોઈએ.

આવા મહાન સંત તુલસીદાસજીના અન્ય પદ્યોની રચનાઓ અચૂક ક્યાંકથી વાંચજો એવી આશા સહ...

## ગઝલ

(રઝજ છંદ)

ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા

*ખૂણે તને પડકાર છે આવી શકે તો આવ તું,*
*શબ્દો તણો આ ભાર છે, આવી શકે તો આવ તું.*

*જ્ઞાની અને પંડિતની વાતો અહીં વાગોળતા,*
*ઢાઈ અક્ષર છે પ્રેમના વાંચી શકે તો આવ તું.*

*પાતાળ પણ નાનું પડે જો માપવા બેસો તમે,*
*એ પેટના ઊંડાણને માપી શકે તો આવ તું.*

*હૂંડી લઈને શબ્દોની ઊભો રહ્યો છું દ્વાર પર,*
*સ્વીકારવા ઓ શામળા આવી શકે તો આવ તું.*

*આ ઘૂંટ કડવો જિંદગીનો તોય એમાં છે મજા,*
*અણમોલ છે આ આયખું, આવી શકે તો આવ તું.*

**સરસ્વતી સોલંકી "રાહી"**

## વિચારમંચ

## સમજણના સૂર

**શાંતાબેન બારમેડા - અંજાર**

સમય સમયની બલિહારી કે સમય બળવાન છે. આ તો એક કહેવત છે પણ સાચું જ કહ્યું છે કે સમય સાથે ચાલવું એ જ સમજદારી છે.

જે સમય આજે નીકળી જશે તે ફરી પાછો આવશે નહીં. સમય ઘણો બળવાન છે એવું સમજીને જ્ઞાની લોકો હંમેશા સમયનો સદુપયોગ કરે છે. આપણે આજનો યુગ કહો કે વખત કહો, સમયને ઓળખી શકતા નથી અને આપણું ધાર્યું કરીએ છીએ. અને જ્યારે આપણા ધાર્યા કરતા કામ વિપરીત થાય, કામ બગડે ત્યારે આપણે નસીબને દોષ દઈએ છીએ. ઘરમાં સાથે રહેતી ચાર વ્યક્તિ હોય કે દસ હોય, દરેકના વિચારો અલગ અલગ હોય છે. ક્યારેક વિચારોનું વમળ થાય કે ગેરસમજ થાય છે ત્યારે આનું પરિણામ બધાએ ભોગવવું પડે છે. ઘરના મોભી હોય તેને ઘણું સહન કરવું પડે છે. કાર્ય બગડ્યા પછી ડહાપણ આવે એ નકામું છે. એવી જ રીતે આજની સ્વચ્છંદી યુવા પેઢી જે પોતાનું ધાર્યું કરે છે અને આનો ભોગ મા-બાપને ભોગવવો પડે છે. દીકરી ભણે અને પછી નોકરી કરે પણ સદ્નસીબે સાસરૂં સારૂં મળ્યું તો ઠીક, નહિંતર દીકરીને જ ભોગવવું પડે છે. અને બંને પક્ષને બદનામી મળે છે. છુટાછેડાની નોદત આવે છે. આવી ઘટના આપણી જ નાતમાં બને એવું નથી, પણ બીજી જ્ઞાતિમાં પણ બને છે એવું સાંભળવા મળે છે. મેં એક ન્યુઝ પેપરમાં વાંચ્યું અને લેખકે સ્પષ્ટ લખ્યું છે દીકરીનો બાપ કે દીકરાનો બાપ હોય, દહેજ પ્રથા કે છુટાછેડા પછી જે રકમ લેવાય છે તેનો ઉલ્લેખ કરતાં લેખકે લખ્યું છે કે એ પૈસો તમારી પાસેકેટલો ટકશે? આવા રૂપિયા કુદરતી મારગ કરે છે. પૈસા લે છે તેને પરેશાન થવું પડે છે કારણકે જે વ્યક્તિ પૈસા આપે છે તેની હાય જરૂર લાગે છે. પછી તે ગરીબ હોય કે શ્રીમંત, કોઈ ખુશીથી તો પૈસા ન જ આપે. અને સત્ય લખ્યું છે આવા રીવાજો સમાજમાં થાય છે પણ સમાજમાં ઘણી એવી વ્યક્તિઓ છે જે સમજે છે અને સમાજમાં આવા નિયમોનો વિચાર કરે કે આપણે કાંઈ પણ લેશું તો શાયદ આપણે પણ તેનો સામનો કરવો પડે. સમાજ વિચારે તો આવા રિવાજો બંધ થાય. નિયમો આપણે જ કર્યા છે ને સુધારવા પણ આપણે જ પડશે. કારણકે આજની પેઢી કે આવતીકાલની યુવા પેઢીના જીવનમાં સુધારો આવશે. સગાઈ તૂટે કે છુટાછેડા થાય, પરેશાન તો બે પક્ષના માવતરને જ થવું પડે છે. માટે સંતાનોના ભવિષ્યનો ખ્યાલ રાખી અને સુધારો લાવવો જરૂરી છે. માટે સંતાનોને સ્વચ્છંદી બનતા રોકો. ઘરમાં સુધારો, એ જ સમાજમાં સુધારો – સૌ કોઈ જાણે છે.

# 'સ્વ'ને શોધું શબ્દોમાં

હંસરાજ કંસારા

## એક અનોખો કાવ્ય સંગ્રહ




વીસમી સદીનો ઉત્તરાર્ધ અને એકવીસમી સદીના આ પ્રારંભના વર્ષોમાં જો કોઈ એક શબ્દ ભારતીય વ્યોમમાં સતત પ્રકાશિત રહ્યો હોય તો તે છે – 'મહિલા સશક્તિકરણ.' આ સમયગાળા દરમ્યાન ભારતીય મહિલાએ એના 'સ્વ'ને સમજવા અને સ્થાપિત કરવા સતત અને બહુવિધ સંઘર્ષ કરતી રહી છે. એના પ્રતિબિંબો વિવિધ ક્ષેત્રે જોવા મળે છે. એમાંનું એક ક્ષેત્ર છે, સાહિત્ય. આધુનિક સાહિત્યમાં - આજની મહિલાએ પરંપરાથી ભિન્ન એવી એક અલગ છબી ઉજાગર કરી છે. 'સ્વ'ને શોધું શબ્દોમાં – કાવ્ય સંગ્રહ એનું એક ઉદાહરણ છે. આ સંગ્રહમાં ગુજરાતની ૮૮ કવયિત્રીઓના ૨૪૮ જેટલાં કાવ્યોનો આ 'ગુલદસ્તો' ગુજરાતી રસિકોએ જોવા જાણવા અને માણવા જેવો છે.

આ કાવ્ય સંગ્રહની એક વિશેષતા છે એનું પ્રકાશન સૌજન્ય રાજકોટ શહેર પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી - રાજકોટ દ્વારા રાજકોટ શહેર પોલીસના સહયોગથી આ સંગ્રહ પ્રકાશિત થયો છે. છેલ્લા આઠ વર્ષોથી સાહિત્યિક, સાંસ્કૃતિક અને કલાક્ષેત્રે કાર્યાન્વિત સન્નારીઓને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવા સદૈવ તત્પર 'વામા' સંસ્થાએ આ સંગ્રહનું સંપાદન કર્યું છે, જે એની બીજી વિશેષતા છે.

ગુજરાતના વિવિધ સ્થળોનું પ્રતિનિધિત્વ કરતી આ સંગ્રહની કવયિત્રીઓમાં ભુજનાં લતા સોલંકી, સુધા ઝવેરી અને બિંદીયા જાની, પુષ્પાબેન વૈદ્ય અને અરૂણા ઠક્કર, ગાંધીધામના દક્ષા સંઘવી, માધાપરના બિંદીયા જાની અને કાજલ ઠક્કર, હેમશીલા શાહ, માતાના મઢ અને ડૉ. મંજુલાબેન આચાર્ય નખત્રાણા એમ આઠ કવિયત્રીઓ આપણા કચ્છની છે. અને એમાં પણ આપણા સમાજના 'લતાબેન સોલંકી'ને પણ સ્થાન મળ્યું છે જે આપણા સહુ માટે વિશેષ ગૌરવપ્રદ છે.

શ્રધ્ધા રાવલ અને હર્ષા રાવલ એમના સંપાદકીયમાં લખે છે કે, 'આ કવિતાઓમાં અનેક વિષયોની ગહનતા છે.' કોઈ કવિતા તોફાની અલ્લડ યુવતી જેવી છે... તો કોઈ શાંત જળ સરખી છે. કોઈ તેજાબી તોખાર તો કોઈ ઠંડી સુંવાળા મલમ જેવી... છે.

સંપાદકીયમાં લતાબેન સોલંકીના કાવ્ય 'ઘર માંદું પડ્યું...' માટે કહે છે કે ઘર એ તો સ્ત્રીનું સ્વર્ગ છે. આ સ્વર્ગ પણ માંદું પડે છે તે પરિકલ્પનામાં વાસ્તવિક મનોભાવોને વણવામાં આવ્યા છે.

તો દક્ષા સંઘવીની અહં બ્રહ્માસ્મિ વેદમંત્ર સાર્થક કરતી આ પંક્તિ :

*"આંખ સપના, પાંખ ઈચ્છા,*
*હું જ પીંચ્છા હું જ પહેરું મને*
*હું જ પંખી, વ્યોમ પણ હું*
*હું જ દાણા, હું જ વેરું છું મને."*

તો ડૉ. નેહા આચાર્ય પોતાને જ કહે છે, ***'ભણી લે, ગણી લે, જાણી લે ને બનાવ તારી ખુદની ઓળખ.'***

બીનીતા પુરોહિત તો જાતને જ પ્રશ્ન પૂછે છે કે, ***'ક્યાં સુધી હું કોઈના પગલાં ઉપર ચાલ્યા કરું? મારે ખુદ મારા પગલા પાડવા છે, માર્ગ પર.'***

આ સંગ્રહની એક અન્ય વિશેષતા એ છે કે કુલ ૮૮ કવિયત્રીઓમાંથી ૩૨ કવિયત્રીઓ ગૃહિણીઓ છે અને ૨૨ મહિલાઓ અધ્યાપીકા છે.

### શબ્દ સિધ્ધા



*તા. ૨૯-૧-૨૦૧૬ના રોજ રાજકોટ મુકામે 'શબ્દ સિધ્ધા' કાવ્ય સંગ્રહ વિમોચન સમારોહ યોજાયેલ. પોલીસ અને પ્રજા વચ્ચે સંવાદિતા સાધવાના હેતુસર સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે યોજાયેલ મુશાયરામાં આપણા સમાજના કવિયત્રી શ્રીમતી લતાબેન સોલંકી (ભુજ) સહિત નામાંકિત કવિઓ દ્વારા કાવ્ય પઠન કરવામાં આવેલ.*

સંપાદિકા બહેનો કહે છે કે, "સામાન્ય સ્કુલ સુધીનું શિક્ષણ ધરાવતી સ્ત્રી હોય કે ડૉક્ટર, કલેક્ટર, સી.એ., પ્રોફેસર, ઍડવોકેટ, શિક્ષિકા, કલાકાર કે કોલમિસ્ટ લેખિકા જેવી હાઈ પ્રોફાઈલ સ્ત્રી હોય, દરેકની શાહીનો રંગ એક જ છે. દરેક કાવ્યમાં લાગણી તત્ત્વનું પ્રાધાન્ય છે... સ્ત્રી, પુત્રી, પત્ની, માતા, મિત્ર, દાદી, નાની એમ અનેક સ્વરૂપીણી છે. આ જ ભાવ તેમના કાવ્યોમાં નિરૂપાયા છે."

ટુંકમાં, આ સંગ્રહની પ્રત્યેક કૃતિ ઉલ્લેખનીય છે.

આપણા સમાજની કવિયત્રી, લતાબેન સોલંકીનું આ સંગ્રહમાં સમાવિષ્ટ એક કાવ્ય અત્રે પ્રસ્તુત છે.

**વેકેશનનો ચેપ**

*ઘર માંદું પડ્યું*
*દાદા ડૉક્ટરને બોલાવી લાવ્યા*

*કહ્યું! આ હસવાનું ભૂલી ગયું છે*
*ગુમસુમ ગુમસુમ રહે છે*
*જુઓ જરા થયું છે શું?*

*ડૉક્ટરે આંગણામાં ધૂળ ચડેલી સાઈકલ જોઈ*
*રૂમમાં વ્યવસ્થિત પડેલી વીડિયો ગેમ જોઈ*
*ભીંત પર આછા થયેલા પેન્સિલના લીટા જોયા*

*મોજા ઊતારી જમીન પર પગ મૂક્યા*
*બારસાંગની નાળ તપાસી, ઉંબરાના ધબકારા માપ્યા*
*બારીઓની આંખો જોઈ, છતની જીભ તપાસી*

*પછી કહ્યું!*
*બાબત થોડી ગંભીર છે*
*આને તો વેકેશનલ ઈન્ફેક્શન છે*

*જરા મોબાઈલ ફોન લાવો*
*પૌત્ર પૌત્રીના નાનીને ઘેર ફોન લગાવો*
*એના સ્પીકરનો અવાજ ઊંચો રાખો*
*બાળકોની ધમાચકડીનો અવાજ ઘરને સંભળાવો*
*બની શકે તો M.M.S. બતાવો*
*ટી.વી. પર ભજન-કથા-કીર્તન જ નહીં*
*બેથી ત્રણવાર ટોમ એન્ડ જેરીના શો બતાવો*

*આ ડોઝ રોજ ત્રણ ટાઈમ આપો*
*June 15th સુધી ઘરની તબિયત ટનાટન થઈ જશે.*

*પણ દાદા-દાદી તમે ઢીલા કેમ લાગો છો?*
*આ વેકેશનલ ઈન્ફેક્શન ચેપી છે?*
*હા!*
*તો એ અમને પણ?*

★

અને છેલ્લે આ સંગ્રહની એક ખાસ વાત...
આ પુસ્તક અણમોલ છે. એનું કોઈ મૂલ્ય નથી.

---

**સામાન્ય જ્ઞાન**

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

**૧૯.** આર્યભટ્ટ શું હતા?
(A) ખગોળશાસ્ત્રી (B) વૈજ્ઞાનિક
(C) સર્જન (D) શિક્ષણશાસ્ત્રી

**૨૦.** ક્ષ-કિરણોના શોધક....
(A) પિટમેન (B) વોટ
(C) જે.સી. પેરિયર (D) રોન્ટજન

**૨૧.** નડાલ કઈ રમત સાથે સંકળાયેલ ખેલાડી છે?
(A) ગોલ્ફ (B) હોકી
(C) ચેસ (D) ટેનિસ

**૨૨.** ગુજરાતમાં સુવર્ણ જયંતીની ઉજવણી, ૧લી મે, ૨૦૧૦નો કાર્યક્રમ કયા શહેરમાં યોજાયો હતો?
(A) ગાંધીનગર (B) રાજકોટ
(C) અમદાવાદ (D) સુરત

**૨૩.** રાજા ટોડરમલ અકબરના દરબારમાં કયું ખાતું સંભાળતા?
(A) નાણાં (મહેસુલ) (B) સંરક્ષણ
(C) ગૃહ (D) રાજ્ય વહીવટ

**૨૪.** ચંદ્રગુપ્ત મૌર્યના ગુરૂનું નામ શું હતું?
(A) જીવક (B) સુખદેવ
(C) ચરક (D) ચાણક્ય

**૨૫.** જૈન તીર્થ મહુડી તેના કયા પ્રસાદ માટે પ્રસિધ્ધ છે?
(A) મોહનથાળ (B) મગસ
(C) સુખડી (D) ચુરમું

*જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.*

# સામાન્ય જ્ઞાન

**સંકલન : પ્રફુલ્લ કંસારા**

*ગત અંકથી શરૂ થયેલ આ વિભાગને સારો પ્રતિસાદ મળેલ છે. વિદ્યાર્થીઓને વિનંતી કે નીચે આપેલ પ્રશ્નોના સાચા જણાય તે વિકલ્પ પર પેન્સિલ વડે નિશાની કરી અને અંતમાં આપેલ જવાબો સાથે સરખાવે.* ***All the Best.***

*– તંત્રી મંડળ*

**૧.** સીયાચીન ગ્લેશિયર ક્યાં આવેલ છે?
(A) જમ્મુ (B) લડાખ
(C) સિક્કીમ (D) ગઢવાલ

**૨.** "જોગનો ધોધ" કયા રાજયમાં છે?
(A) આંધ્રપ્રદેશ (B) કર્ણાટક
(C) કેરલ (D) તામિલનાડુ

**3.** જનસંખ્યાની ગીચતાનો અર્થ શું થાય છે?
(A) દર ૧૦૦ કિ.મી.માં રહેતા વ્યક્તિઓની સંખ્યા
(B) દર જિલ્લામાં રહેતા વ્યક્તિઓની સંખ્યા
(C) દર રાજયમાં રહેતા વ્યક્તિઓની સંખ્યા
(D) દર કિ.મી.ના ક્ષેત્રમાં રહેતા વ્યક્તિઓની સંખ્યા

**૪.** વરાળ એન્જિનના શોધક કોણ હતા?
(A) ક્રિન્સેસ (B) જેમ્સ વોટ
(C) રૂડોલ્ફ ડીઝલ (D) હેરીસન

**૫.** ડાયનેમાઈટના શોધક...
(A) જ્યોર્જ સેલી (B) પ્રિસ્ટલી
(C) આલ્ફ્રેડ નોબેલ (D) બ્રુસનેલ

**૬.** કાઝી રંગા - રાષ્ટ્રીય ઉદ્યાન કોના માટે પ્રસિધ્ધ છે?
(A) હરણ (B) રીંછ
(C) ગેંડા (D) હાથી

**૭.** સાલારજંગ મ્યુઝીયમ ભારતના કયા શહેરમાં આવેલું છે?
(A) હૈદ્રાબાદ (B) બેંગ્લોર
(C) નવી દિલ્હી (D) ચેન્નાઈ

**૮.** ભારતે સૌપ્રથમ અણુધડાકો કર્યો તે સ્થળનું નામ....
(A) ટ્રોમ્બે (B) શ્રી હરિકોટા
(C) પોખરણ (D) થુમ્બા

**૯.** આવર્ત કોષ્ટક મુજબ નીચે આપેલા તત્ત્વોમાંથી સૌથી હલકું કયું?
(A) નાઈટ્રોજન (B) ઑક્સિજન
(C) ક્લોરીન (D) હાઈડ્રોજન

**૧૦.** અશોક ચક્રમાં કેટલા આરા હોય છે?
(A) ૨૦ (B) ૨૨
(C) ૫૦ (D) ૨૪

**૧૧.** વિશ્વનાથન આનંદ નીચેનામાંથી કઈ રમત સાથે સંકળાયેલો છે?
(A) હોકી (B) ગોલ્ફ
(C) ટેનિસ (D) ચેસ

**૧૨.** કોકીલ કંઠી ગાયિકાનું બિરૂદ નીચેનામાંથી કોને ફાળે જાય છે?
(A) અલકા યાજ્ઞિક (B) શ્રેયા ઘોસાલ
(C) લતા મંગેશકર (D) આશા ભોંસલે

**૧૩.** પહેલા નાણા આયોગના અધ્યક્ષ કોણ હતા?
(A) કે.સી. પંત (B) પ્રણવ મુખર્જી
(C) મોન્ટેકસિંહ અહલુવાલિયા (D) સતીષ નિયોગી

**૧૪.** રાષ્ટ્રપતિ દ્વારા કઇ જાતિની બે (૨) વ્યક્તિની નિમણૂક લોકસભામાં કરી શકાય?
(A) એંગ્લો ઇન્ડિયન (B) ખ્રિસ્તી
(C) પારસી (D) શંથાલ

**૧૫.** કોઈપણ રાજયના ગવર્નરના મૃત્યુ કે રાજીનામાથી ખાલી પડેલ જગ્યાનો કાર્યભાર કોણ સંભાળે છે?
(A) મુખ્ય ન્યાયાધીશ (હાઈકોર્ટ) (B) સ્પીકર
(C) મુખ્યપ્રધાન (D) હાઈકોર્ટના કોઈપણ જજ

**૧૬.** દયાનંદ સરસ્વતીનું જન્મસ્થળ કયું?
(A) સિધ્ધપુર (B) પોંડિચેરી
(C) કલકત્તા (D) ટંકારા

**૧૭.** સેન્સેક્સ અને નિફ્ટીમાં સૌથી મોટો કડાકો કયા વર્ષમાં થયો હતો?
(A) ૨૦૦૮ (B) ૨૦૦૯
(C) ૨૦૦૭ (D) ૨૦૧૦

**૧૮.** બીજી પંચવર્ષીય યોજનાનો સમયગાળો કયો હતો?
(A) ૧૯૫૧-૬૧ (B) ૧૯૬૧-૬૬
(C) ૧૯૫૬-૬૧ (D) ૧૯૬૯-૭૪

**(અનુસંધાન : જુઓ પાના નં.-30 ઉપર)**

# સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો

**સંકલન : ચીમનભાઈ શાંતિલાલ લાલાણી ● રસુલભાઈ પઢિયાર**

*આપણા દેશમાં અવારનવાર કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર તરફથી વિવિધ સહાયકારી યોજનાઓ જાહેર થતી હોય છે. જરૂરિયાતવાળા લોકોને માટે આવી સહાયનો લાભ કેવી રીતે મેળવવો એજ મોટો સવાલ હોય છે. આ ઉપરાંત અરજી સાથે કેવા પ્રકારના પુરાવા રજુ કરવા તે અંગે પણ જાણકારી હોતી નથી. સરકાર દ્વારા મળતી વિવિધ સહાય અંગેની ઉપયોગી વિગતોનો આ લેખ પ્રસ્તુત છે. આશા છે આપણા સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓને માટે ઉપયોગી બની રહેશે.*

*ભચાઉના ઍડવોકેટ શ્રી સી.વી. કંસારાએ મોકલાવેલ આ લેખ 'કંસારા ટાઈમ્સ'ના સૌજન્ય સાથે પ્રસિદ્ધ કરેલ છે.*

*– તંત્રી મંડળ*

**(૧) વિધવા સહાય યોજના :**

રૂ. ૭૫૦/- તથા ૨ બાળકોને બાળક દીઠ ૧૦૦/- + ૧૦૦/- = કુલ રૂ. ૯૫૦/- (દર મહિને)

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) પતિના મરણનો દાખલો, (૨) વિધવાની ઉંમરનો દાખલો, (૩) તેના બધા જ બાળકોના જન્મના દાખલા (શાળાના), (૪) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૫) વિધવાના ફોટા નં. ૪, (૬) રૂ. ૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું "૨૧ વર્ષનો પુત્ર નથી" તેવું (૭) આવકનો દાખલો, (૮) બધી જ ઝેરોક્ષ ખરી નકલ કરાવવી, (૯) મામલતદાર ઓફિસે વિધવા પેન્શન ફોર્મ ભરી રજુ કરવું, (૧૦) સોગંદનામું મામલતદાર ઓફિસે અથવા જિલ્લા જનસેવા કેન્દ્રએ પણ થાય છે, (૧૧) ૨૦ વર્ષથી મોટો પુત્ર હોય તેમને પેન્શન નહિ મળે.

*નોંધ :* વિધવા સહાય યોજના ફોર્મ અને આવકનું ફોર્મ મામલતદાર કચેરીમાંથી મળે અને ત્યાંજ જમા કરાવવાના રહેશે.

**(૨) રાષ્ટ્રીય કુટુંબ યોજના :**

રૂ. ૨૦,૦૦૦/-ની સહાય (કુટુંબના મુખ્ય કમાવનારનું અવસાન થાય તો).

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) પતિના મરણનો દાખલો, (૨) જન્મનો દાખલો, (૩) વિધવા તથા તેના બધા બાળકોના જન્મના દાખલા, (૪) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૫) વિધવાના ફોટા નંગ-૨, (૬) બી.પી.એલ. કાર્ડ હોવું જરૂરી (૭) ફોર્મમાં સોગંદનામું છે, તે મુજબ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરાવવું, (૮) ૨૧ વર્ષનો પુત્ર હોય તો પણ સહાય મળે છે, (૯) બે વર્ષની મુદતમાં ફોર્મ ભરવું, (૧૦) પતિની ઉંમરનો દાખલો જરૂરી છે.

*નોંધ :* ફોર્મ મામલતદાર ઓફિસે મળે છે અને ત્યાં જ જમા કરાવવાનું થાય છે.

**(૩) વૃદ્ધ પેન્શન યોજના :**

૬૦ વર્ષે રૂ. ૪૦૦/- જેને પુત્ર ન હોય તેવા સ્ત્રી પુરૂષને મળે છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) ઉંમરનો દાખલો, (૨) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૩) ફોટા - ૨, (૪) લાઈટબીલની ઝેરોક્ષ, (૫) આવકનો દાખલો.

*નોંધ :* આ યોજનાના ફોર્મ મામલતદાર ઓફિસે મળે છે અને ત્યાંજ જમા કરાવવાના હોય છે.

**(૪) અપંગ પેન્શન (અંધ, અપંગ ૪૫ વર્ષે) :**

જેને ૮૦% અપંગતા હોય તેને મળે. અંધને ૧૦૦% અંધતા હોય તોજ તેને લાભ મળે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) ઉંમરનો દાખલો - ઉંમર ૪૫ વર્ષ કે તેથી વધારે હોવી જોઈએ. (૨) ડોક્ટરી સર્ટીફિકેટ, (૩) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૪) ઓળખકાર્ડ, (૫) આવકનો દાખલો, (૬) ફોટા-૨

*નોંધ :* આ યોજના માટે જે તે ગામની જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલમાંથી સર્ટીફિકેટ કઢાવવાનું હોય છે અને એ સર્ટીફિકેટના આધારે જિલ્લાની સમાજ સુરક્ષા ઓફિસેથી ઓળખકાર્ડ (જે બસની મુસાફરી માટે મફત મળે છે) કાઢી આપવામાં આવે છે.

**(૫) સંત સુરદાસ પેન્શન યોજના :**

૮૦% અપંગતા હોય તેવા ૧ થી ૪૪ વર્ષના અપંગને રૂા. ૪૦૦૦/- મળે છે. (અંધ પેન્શન - મંદ બુદ્ધિ પેન્શન - અપંગ - મુંગા - બહેરા પેન્શન)

અંધ ૧૦૦% હોય તેને મળે છે. બહેરા - મૂંગા ૯૦% હોય તેને મળે છે. ઉંમર વર્ષ ૧૮ થી ઓછાને રૂ. ૨૦૦/- તથા ૧૮ વર્ષથી વધારેને રૂ. ૪૦૦/-

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) ઉંમરનો દાખલો, (૨) ૮૦% અપંગતાનું ડૉક્ટરી સર્ટી., (૩) ઓળખકાર્ડ (બસ મુસાફરી કાર્ડની ઝેરોક્ષ), (૪) ફોટા નંગ - ૨, (૫) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૬) ઉંમર ૧ થી ૪૪ વર્ષ હોવી જોઈએ, (૭) આવકનો દાખલો.

*નોંધ :* આ યોજનાના ફોર્મ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીએથી મળે અને જરૂરી પુરાવાઓ સાથે ત્યાંજ જમા કરાવવાના હોય છે.

**(૬) અપંગતાનું સર્ટી :**

જિલ્લાની સરકારી હોસ્પિટલમાં નિર્ધારીત કરેલા દિવસે કાઢી આપવામાં આવે છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) અપંગના ત્રણ રંગીન ફોટા, (૨) ઉંમરનો દાખલો, (૩) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૪) રેશનીંગ કાર્ડ (અંધ-મંદબુદ્ધિ-અપંગ અને બહેરા-મુંગા).

**(૭) દિવ્યાંગ માટે બસમાં મુસાફરી માટેનું કાર્ડ :**

સરકારી હોસ્પિટલમાં ડોક્ટરે કાઢી આપેલા સર્ટી.ના આધારે થાય છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) સરકારી હોસ્પિટલના ડોક્ટરે જે અપંગતાનું સર્ટી આપ્યું હોય તે, (૨) રંગીન ફોટા નંગ - ૩ (નાના-૨, મોટા - ૧ પોસ્ટકાર્ડ જેવો ફોટો), (૩) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૪) ઉંમરનો દાખલો, (૫) આવકનો દાખલો, (૬) લોહીના ગ્રુપના દાખલો, (૭) આ દાખલાઓ સમાજ સુરક્ષા ઓફિસ ખાતે રજૂ કરવાથી બસમાં મુસાફરીનું કાર્ડ કાઢી આપે છે.

**(૮) દિવ્યાંગ માટે રેલવેમાં મુસાફરી કાર્ડ :**

સરકારી હોસ્પિટલના ડોક્ટરે જે અપંગતાનું સર્ટી. આપેલ હોય તેના આધારે થાય છે. ક્ષમતા તપાસીને સર્ટી. આપે છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) તેનું ફોર્મ સરકારી હોસ્પિટલ જિલ્લા કક્ષાએથી મળે છે. અંધ, અપંગ, મંદ-બુદ્ધિ, બહેરા-મુંગા, વગેરે અલગ અલગ ફોર્મ હોય છે. (૨) ફોર્મમાં એક ફોટો લગાડવો. (૩) અપંગતાનું સર્ટી આપનાર ડોક્ટરની સહી-સિક્કા થવાથી ફોર્મ તૈયાર થાય છે.

નોંધ : આ સર્ટીફિકેટના આધારે સર્ટીફિકેટની એક ઝેરોક્ષ કોપી ટિકિટબારીએ રજૂ કરવાથી જ્યાં જવું હોય (ટ્રેનમાં) ત્યાં સુધીની સર્ટીફિકેટવાળી વ્યક્તિને આખી ટિકિટ અને સાથે મુસાફરી કરતી વ્યક્તિને અડધી ટિકીટ ફીમાં મળે છે. જ્યારે પણ રેલવેમાં મુસાફરી કરવાની હોય ત્યારે આ સર્ટીફિકેટની ઝેરોક્ષ આપવાની હોય છે.

**(૯) કુંવરબાઈનું મામેરૂ :**

દીકરીના લગ્નપ્રસંગે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય મળે છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) કંકોત્રી, (૨) પતિ-પત્નીના ઉંમરના દાખલા, (૩) બંનેનો સંયુક્ત ફોટો, (૪) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૫) આવકનો દાખલો, (૬) મ્યુનિસિપાલિટી પાસેથી લગ્ન થયાનો દાખલો, નગરપાલિકા વિસ્તાર માટે નગરપાલિકામાંથી, ગ્રામ્ય વિસ્તાર માટે તલાટી મંત્રી પાસેથી લાવવો. (૭) પતિની ઉંમર ૨૧ વર્ષથી વધારે અને પત્નીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં. (૮) ૨ વર્ષની સમય મર્યાદામાં ફોર્મ ભરી રજૂ કરવું.

*નોંધ :* સમૂહલગ્નમાં લગ્ન થાય તો (સાત ફેરા યોજના હેઠળ) રૂ. ૧૦,૦૦૦/- બીજા મળે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) સમૂહલગ્નમાં સામેલ થવું, (૨) સમૂહલગ્ન રજીસ્ટર ઓફિસે નોંધાવવા, (૩) સમૂહલગ્નમાં ૧૧ કે તેથી વધારે લગ્ન હોવા જોઈએ. (૪) રેશનીંગ કાર્ડ, (૫) જન્મના દાખલા, (૬) સમૂહલગ્ન આયોજકો મારફત સમાજ કલ્યાણ ખાતા વિકસતી જાતિમાં રજૂઆત કરવાની હોય છે.

**(૧૩) તબીબી સહાય :**

ટી.બી. ૫૦૦ રૂપિયા કેન્સર ૧૦૦૦ રૂપિયા, રક્તપિત્ત ૬૫૦ રૂપિયા, એઈડ્સ ૫૦૦ રૂપિયા.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :** (૧) ઉંમરનો દાખલો, (૨) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, (૩) ડોક્ટરી રીપોર્ટ (૪) ડોક્ટરે લખી આપેલ ભલામણને આધારે મળે (૫) જાતિ આવકનો દાખલો, (૬) ફોટા નંગ - ૨

*નોંધ :* તબીબી સહાય માટેના ફોર્મ સમાજ કલ્યાણ ખાતા (વિકસતી જાતિ) માં મળે છે અને આ ફોર્મમાં જ જે તે સરકારી ડોક્ટરની સારવાર કરતા હોય અને ટ્રીટમેન્ટ ચાલુ હોય તેના સહી સિક્કા અને તેની ભલામણ ફોર્મમાં નોંધાય છે. ફોર્મ ભરી અને સમાજ કલ્યાણ ખાતા (વિકસતી જાતિ) માં જ જમા કરાવવાનું હોય છે. મળતી સહાય બેંકના એકાઉન્ટમાં જમા થાય છે.

**(૧૪) મકાન વિહોણાઓને મકાન સહાય :**

રૂ. ૪૫,૦૦૦/- મકાન ચણવા માટે સહાય મળે છે.

**જરૂરી આપવા પડતા પુરાવાઓ :**(૧) પોતાના નામે પ્લોટના કાગળો, (૨) ઉંમરનો દાખલો, (૩) રેશનીંગ કાર્ડ ઝેરોક્ષ, (૪) પોતાના નામે ગામમાં કોઈ મકાન નથી તેવો નગરપાલિકાનો દાખલો, (૫) પ્લાન એસ્ટીમેટ, (૬) પોતાના નામે ખુલ્લો પ્લોટ હોવો જોઈએ.

*નોંધ :* હવે રૂ. ૭૦,૦૦૦/- મળે છે. બે હપ્તામાં મળે છે. આ યોજનાના ફોર્મ પણ જિલ્લા સમાજ કલ્યાણ ખાતામાંથી મળે છે અને ત્યાં જ જમા કરાવવાના હોય છે.

### (૧૫) સિનિયર સીટીઝન કાર્ડ :

૬૦ વર્ષના સ્ત્રી પુરૂષ માટે અમીર ગરીબ સૌ માટે.

ફાયદાઓ : (૧) સિનીયર સીટીઝન કાર્ડથી રેલવેમાં ૪૦% કન્સેશન મળે, (૨) વિમાનમાં ૫૦% કન્સેશન, (૩) બેંકમાં અડધો ટકા વધારે વ્યાજ મળે છે.

### (૧૬) ગુજરાત અકસ્માત વીમા યોજના તથા અકસ્માતથી મૃત્યુ/કાયમી/અશાંત : અપંગ થયેલને સહાય :

***કોને-કોને ફાયદો મળે :*** (૧) ખાતેદાર ખેડૂત, (૨) ખેત મજૂર, (૩) અસંગઠિત કામદાર કામયોગી, (૪) પ્રાથમિક/માધ્યમિક/ઉ. માધ્યમિક શાળાના વિદ્યાર્થી, (૫) કોલેજના વિદ્યાર્થીઓ, (૬) આઈ.ટી.આઈ. ના વિદ્યાર્થી, (૭) અમરનાથ યાત્રીઓ, માટેનું વીમાકવચ (૮) સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતા વ્યક્તિઓ માટેનું વીમાકવચ, (૯) સ્પોર્ટસ હોસ્ટેલમાં રહેતા ટ્રેઈનીઝ માટેની વીમા યોજના, (૧૦) પોલીસ ખાતાની જુદી જુદી કેડરના અકસ્માત વીમા યોજના, (૧૧) સફાઈ કામદાર, (૧૨) નિરાધાર/વિધવા તથા (૧૩) તાજા વિકલાંગ કાર્ડ ધરાવતા વિકલાંગો (૧૪) હીરા કારીગર, વગેરે

***નોંધ :*** વિદ્યાર્થીઓએ આ યોજનાનું ફોર્મ શિક્ષણાધિકારીની કચેરીએથી મળે અને ત્યાં જ જમા કરાવવાનું હોય છે. મજૂર વર્ગ, શ્રમ કરતા હોય તેવા તથા કારીગર વગેરે માટે જિલ્લામાં શ્રમ અધિકારીની ઓફિસમાંથી ફોર્મ મળે છે અને ત્યાં જ રજૂ કરવાનું હોય છે. ખેડૂતને માટે જિલ્લા ખેતીવાડી અધિકારીની ઓફિસેથી વારસદારે રૂબરૂ સહી કરી ફોર્મ ભરી આપવાનું હોય છે. જે તે વિભાગમાં સર્વિસ કરતા હોય તે ઓફિસમાં ફોર્મ ભરી ત્યાં જ રજૂ કરવાનું હોય છે.

***ખાસ નોંધ :*** ફોર્મ ભરવાની મુદત ૯૦ દિવસની જ હોય છે. આ અકસ્માત યોજનામાં પીએમ (પોસ્ટમોર્ટમ) કરાવવું ફરજિયાત છે. આ અકસ્માત યોજનામાં મૃત્યુ થયું હોય તો વારસદારને સહાય મળે છે. પરંતુ બચી ગયા હોય જીવતા રહ્યા હોય પરંતુ એક અંગ કાયમી ખોટ આવી હોય તો ૫૦૦૦૦ (પચાસ હજાર મળે છે.) અને બે અંગમાં કાયમી ખોટ આવી હોય તો એક લાખ મળે છે.

આ તમામ સહાયોની માહિતી માટે ચીમનભાઈ શાંતિલાલ લાલાણી - શિહોર (મો. ૯૪૨૮૮ ૫૭૧૩૬) પર ફોન દ્વારા માહિતી લઈ શકાશે. આપના ગામમાં કામ કરતી સેવાભાવી સંસ્થાઓ પણ આ કાર્યમાં મદદરૂપ બની શકે છે. ઉપરોક્ત યોજનાઓની માહિતીઓમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

***પ્રેષક : સી. વી. કંસારા - ભચાઉ***

### મા જેવી થઈ ગઈ

*મને લાગે છે કે*
*હું મારી માં જેવી થઈ ગઈ છું*
*હરતી ફરતી એમ્બ્યુલન્સ જેવી થઈ ગઈ છું.*

*છોકરાને લાગી છે ધૂન*
*ધૂમ સ્ટાઈલના બાઈકની*
*જ્યારે જ્યારે લઈ નીકળે*
*ત્યારે ત્યારે ઉંબરા પર*
*બે સ્વસ્તિક વચ્ચેનું સ્ટેચ્યુ થઈ ગઈ છું*
*મને લાગે છે કે હું મારી મા જેવી...*

*ઠાવકી દીકરી કોલેજ જતા કહી ગઈ*
*ચિંતા ના કરતી, જલદી પાછી આવું છું.*
*એના પાછા ફરતા પગરવ સાંભળતા*
*ડેલીએ કાન ટીંગાડું છું*
*મને લાગે છે કે હું મારી મા જેવી...*

*ગળાડૂબ રહે ધંધામાં ધણી*
*નથી કરતા વૉક કે કસરત*
*ખાવાપીવામાં કેટલું ટોકું?*
*પાલવના છેડે બી.પી.ને*
*એસિડીટી ગોળી બાંધી ફરૂં છું*
*મને લાગે છે કે હું મારી મા જેવી...*

*વહુ દીકરો ગયા ચાકરીએ*
*ધાવણો દીકરો મેલીને*
*એના પારણાની દોરી ખેંચતા*
*મારા અસ્તવ્યસ્ત તન-મનને*
*ધીમ ઝપકી આપી જગાડું છું*
*મને લાગે છે કે હું મારી મા જેવી...*

*દિવસ વિત્યો ને રાત પડી*
*સૌને દૂધના પ્યાલા આપું છું*
*બહુત ગઈ થોડી બચી કહી*
*મારા દૂધનો પ્યાલો*
*હોઠેથી પાછો ઠલવી નાખું છું.*
*મને લાગે છે કે હું મારી મા જેવી...*

***લતાબેન સોલંકી - ભુજ***

**જવાબો :** (૧) B, (૨) B, (૩) D, (૪) B, (૫) C, (૬) C, (૭) A, (૮) C, (૯) D, (૧૦) D, (૧૧) D, (૧૨) C, (૧૩) D, (૧૪) A, (૧૫) A, (૧૬) D, (૧૭) A, (૧૮) C, (૧૯) A, (૨૦) D, (૨૧) D, (૨૨) C, (૨૩) A, (૨૪) D, (૨૫) C.

# રજોનિવૃત્તિ (મેનોપોઝ) પછી તંદુરસ્ત જીવવાની ચાવીઓ

ડૉ. ઈલાબેન માનસેતા, M.D. (Gynecology)

ઉંમર વધવાની સાથે સ્ત્રીઓમાં જુના રોગોનો વિકાસ થવાની શક્યતાઓ વધી જાય છે. પોતાની જીવન ક્રિયાઓ અને નિયમોથી જીવનનો બચાવ અને તેની ગુણવત્તામાં વધારો કરવો એ મહત્ત્વનું છે. પ્રૌઢાવસ્થામાં રોગોને અટકાવીને તંદુરસ્તી જાળવવી એ ખૂબ અગત્યનું છે.

રજોનિવૃત્તિ (મેનોપોઝ) સ્ત્રીઓના જીવનનું એક અનિવાર્ય ચક્ર છે અને એક મહત્ત્વપૂર્ણ પીરિયડ છે. આ પ્રજનન શક્તિનો અંતનો સમય છે. જ્યારે આ તબક્કામાં પ્રજનન હોર્મોન ઓછા થવાના કારણે શરીરમાં ઘણા બધા ફેરફાર થઈ જાય છે. તે સમયે ઘણી બધી મહિલાઓને જુદા જુદા અનુભવો થાય છે.

જ્યારે કોઈપણ મહિલાને ૪૫ વર્ષ કે તેની આજુબાજુ ૧૨ મહિના કે તેનાથી વધારે સમય માટે માસિક રક્તસ્રાવ બંધ થઈ જાય ત્યારે તેને પ્રાકૃતિક રજોનિવૃત્તિ (મેનોપોઝ) કહેવાય છે.

અમેરિકા અને યુરોપના દેશોમાં ૫૦-૫૨ ની ઉંમરમાં રજોનિવૃત્તિ આવે છે. જ્યારે ભારતમાં ૪૫-૪૭ વર્ષની ઉંમરે રજોનિવૃત્તિ આવે છે. અત્યારે તો ઘણાને ૪૦-૪૨ વર્ષની ઉંમરે પણ રજોનિવૃત્તિ (મેનોપોઝ) આવે છે.

આ પીરિયડ એ ઘણો જ અગત્યનો પીરિયડ છે. આ વખતે દરેક મહિલાએ પોતાનું સ્વાસ્થ્ય સારું રહે તથા તેની અસર કુટુંબ કે પોતાના રોજિંદા જીવન પર ન પડે તેનો ખ્યાલ રાખવો જોઈએ. આ જીવનનું એક ચક્ર છે. તેને પણ હળવાશથી સ્વીકારો તો કોઈ જ તકલીફ નહીં પડે.

આ સમયે શરીરમાં શું શું ફેરફાર તથા તકલીફો થાય તે વિષે આપણે ચર્ચા કરીએ :

(૧) અનિયમિત વધુ પડતો રક્તસ્રાવ (Bleeding)

(૨) ગરમીનો બફારો (hot flushes) રાત્રિ દરમ્યાન વધારે પરસેવો.

(૩) અચાનક હૃદયના ધબકારા વધી જવા.

(૪) વારંવાર પેશાબ થવો. પેશાબ રોકી ન શકાય. ઉધરસ કે છીંક ખાતી વખતે પેશાબ થઈ જવો (infection)

(૫) સાંધા અને માંસપેશીઓમાં દુઃખાવો.

(૬) માનસિક પરિવર્તન જેમ કે ચીડિયાપણું, નિરાશા, આત્મવિશ્વાસમાં ઘટાડો, મન ન લાગવું.

(૭) થાક લાગવો.

રજોનિવૃત્તિ (મેનોપોઝ) એ પ્રાકૃતિક બદલાવ છે. જેનાથી બચી શકાતું નથી. પરંતુ આ સંબંધિત રોગોથી બચીને આયુષ્યકાળ અને જીવનની ગુણવત્તામાં વધારો કરી શકાય છે. આ સમય દરમ્યાન સંપૂર્ણ શારીરિક તપાસ જરૂરી છે.

રજોનિવૃત્તિ (મેનોપોઝ) પછી હાર્ટ એટેક અટકાવવા માટે લોહીનું દબાણ (બ્લડ પ્રેશર) નોર્મલ રહે તે જોવું ખૂબ જ જરૂરી છે. જેથી Strokeનું જોખમ ૩૦% થી ૪૦% સુધી ઓછું કરી શકાય છે. ખોરાક અને દૈનિક ક્રિયામાં પરિવર્તન કરીને ૧૨% થી ૧૪% હૃદયના રોગો ઓછા થઈ શકે છે.

મેનોપોઝ દરમ્યાન હોર્મોન થેરાપીનો ઉપયોગ કરી હૃદયના રોગોથી બચી શકાય છે. પરંતુ ૬૦ વર્ષ પછી અને રજોનિવૃત્તિનો સમય ૧૦ વર્ષથી વધારે હોય તો હોર્મોન થેરેપીથી ફાયદો નહીં થાય.

મેનોપોઝ દરમ્યાન ખાસ કરીને Osteoporosis અને Ostoartheritis (હાડકાં પોલાં થવા) નું જોખમ વધુ હોય છે. ૭૦% કરોડરજ્જુનો દુખાવો, પડી જવાથી તરત ફ્રેક્ચર થવું સામાન્ય થઈ જાય છે. આ માટે જીવનપ્રક્રિયા તથા ખોરાક એ મહત્વની રણનીતિ છે. સાથે દરરોજ હળવી કસરત, યોગાસન તથા ચાલવાની નિયમિત ટેવ પાડો.

પોષણયુક્ત ખોરાક ખૂબ જ જરૂરી છે. આ દરમ્યાન દરરોજનું ૧૨૦૦ મિ. ગ્રામ કેલ્શિયમ અને જરૂરી વિટામિન ‘ડી’ કે જે શરીરનું કેલ્શિયમ જાળવવામાં મદદ કરે છે. ૬૦% લોકોમાં સૂર્યકિરણો ન મળવાથી વિટામિન ‘ડી’ નું પ્રમાણ ઓછું જોવા મળે છે. હોર્મોન થેરેપી પણ પ્રથમ ૧૦ વર્ષમાં મદદ કરી શકે છે.

આ સમય દરમ્યાન દરરોજ રાત્રે તમારી મુઠ્ઠી જેટલા સોયાબીન પલાળી સવારે કૂકરમાં બાફી સલાડ (ટમેટા, કાકડી, ગાજર વગેરે) સાથે મીક્ષ કરી તમારા ટેસ્ટ મુજબ બનાવી લઈ શકાય. અથવા તો ઘઉંના લોટમાં મીક્ષ કરી તેની રોટલી, મુઠિયા વગેરેમાં પણ લઈ શકાય.

મેનોપોઝ વખતે જે હોર્મોન્સ (estrogen) બંધ થઈ જાય છે, તે માટે સોયાબીન ખૂબ જ મદદ કરે છે અને સોયાબીનને લીધે hot flashes, osteoporesis અટકાવી શકાય છે.

- **માનસિક ફેરફારો :**

ડિપ્રેશન એ મેનોપોઝ દરમ્યાન કેન્સર કરતાં પણ ચિંતાનો વિષય અત્યારે બધાંને સતાવી રહ્યો છે. યાદશક્તિ ઓછી થઈ (Alzemier) જવી. આ બધાંથી બચવા માટે સકારાત્મક વિચાર (Positive Attitude), મનોરંજન, સામાજિક કાર્ય, હળવી કસરત, મગજની જેવી કે દૈનિક પેપરમાં આવતા Crossword Puzzle, સુડોકુ કરવા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)

# સેવ ગર્લ ચાઈલ્ડ – બેટી બચાઓ

**બંસી જે. બુધ્ધભટ્ટી, (YCC પ્રમુખ - મુંબઈ)**

બધાને મારા જય શ્રી કૃષ્ણ! આજે મને તમારા બધા સાથે પ્રગતિ, દુનિયા અને આ દુનિયામાં રહેતી દીકરીઓ વિશે કંઈક શૅર કરવું છે. આપણો દેશ ઘણી પ્રગતિ કરી રહ્યો છે અને આગળ પણ પ્રગતિ કરશે. પણ વિચારવાની વાત એ છે કે આજે પણ આપણી દીકરીઓને એટલું સન્માન અને એ દરજ્જો નથી મળ્યો જે મળવો જોઈએ.

આજે પણ દેશના ઘણા હિસ્સામા ગર્ભમાંના બાળકનું લિંગ પરીક્ષણ કરાવીને દીકરીઓને ગર્ભમાં જ મારી નાખવામાં આવે છે, કાં તો પછી એને જન્મ આપ્યા પછી મારી નાખવામાં આવે છે. આજે પણ દીકરીઓને બોજ સમજવામાં આવે છે અને આજે પણ દહેજના ડરથી દીકરીઓ ઉપર ઘણી ક્રૂરતા થાય છે. મારો સવાલ એ છે કે દહેજ આપવુંજ શા માટે? મા બાપ પોતાની દીકરીને પાળી પોષીને મોટી કરે અને બીજાને સોંપી દે છે. એજ દીકરી બીજાના ઘરે જઇ એને પોતાનું ઘર બનાવે છે, એમના વંશને આગળ વધારે છે અને એમના સુખ:દુખ અને એમની રહેણી-કરણીને અપનાવે છે. જ્યારે કન્યાદાન જેવું ઉત્તમ દાન તમે દીકરાવાળા ને આપ્યું જ હોય તો દહેજ શા માટે આપવું?

આજે દીકરીઓ ડૉક્ટર, એન્જિનિયર, ટીચર, પાઈલટ, સાયન્ટીસ્ટ અને શિક્ષણના અનેક ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે. દેશના ઘણાય એવા હિસ્સામાં હજી પણ દીકરીઓને શિક્ષાથી દૂર રાખવામાં આવે છે જેના કારણે એનું માનસિક, સામાજિક અને આર્થિક વિકાસ રોકાઈ જાય છે. એક શિક્ષિત સ્ત્રી આજે પોતાના પરિવાર, બાળક, સમાજને ઘણું આગળ લઈ આવી શકે છે અને પોતાનો વિકાસ તો છે જ એમાં! જેમ પહેલેથી જ કહેવામાં આવે છે કે એક પુરુષ શીખેલો હોય તો એ એક્લો જ શિક્ષિત કહેવાય છે પણ જો એક સ્ત્રી શિક્ષિત હોય તો એ આખા સમાજને શિક્ષિત કરે છે! આજે દીકરા અને દીકરી એક બરાબર જ છે. બલકે હું એમ કહીશ કે દીકરી જે કરી શકે છે, એ દીકરાઓ નથી કરી શકતા. દીકરીઓ ઘર પણ સાંભળી જાણે છે અને બહાર કરિયર પણ બનાવી જાણે છે.

થોડા દિવસ પહેલા મેં ઈન્ટરનેટ પર એક બહુજ ઈમોશનલ ફોટો જોયો હતો જેમા લખેલું હતું : “જો આ દુનિયામાં લગ્ન પછી પણ દીકરીઓને મા-બાપ સાથે રહેવાનો રિવાજ હોત તો આ દુનિયામાં વૃદ્ધાશ્રમ જ ના હોત.” ખરેખર લેખકના ઈમોશન્સ સમજવા જેવા છે. શિક્ષણ, એ દીકરીઓનો પણ અધિકાર છે. એને શિક્ષાથી દૂર રાકવી નહીં.

આપણા દેશમાં સ્ત્રી સાથે છેડછાડ, eve teasing, રેપ કેસીસ ઘણા વધી ગયા છે. આ બધું રોકવા માટે જાગૃત થવું અને એક્સન લેવું બહુજ જરૂરી છે. જે દેશમાં માતાજીને પૂજવામાં અને માનવામાં આવે છે કે માતાજી જે કરી શકે એ કોઈ જ ના કરી શકે, એવા દેશમાં બીજી બાજુ એક સ્ત્રીને કહેવામાં આવે છે કે, “તુ શું કરી શકીશ?”, “તું ઘરે બેસ અને કિચન સંભાળ” આવી વિચારધારણા કેમ?

સ્ત્રી શક્તિ એટલે શું? જ્ઞાનની દેવી - “મા સરસ્વતી”, ધનની દેવી - “મા લક્ષ્મી” મહિસાસુર જેવા રાક્ષસનો વધ કરનાર “મા આશાપુરા”, ભગવાન કૃષ્ણના નામની આગળ બોલાય છે રાધા, નારાયણના પહેલા બોલાય છે લક્ષ્મી, રામના પહેલા બોલાય છે સીતા, જગતપિતા શિવ કહે છે કે “હું શક્તિ વગર અધૂરો છું.” જ્યારે ભગવાને પોતે સ્ત્રીને આટલું સન્માન આપ્યું છે અને એમનામાં કોઈ ભેદભાવ નથી તો આપણી માનવજાતિમાં આવો ભેદભાવ શા માટે?

આજે પણ ઘણા લોકો દીકરાઓના જન્મ માટે માનતાઓ માને છે! આ કેવો ન્યાય કે દીકરી કોઈને નથી જોઇતી, પણ વંશ વધારવા વધૂ બધાને જોઈએ છે. પોતાનો જમાઈ જો દીકરીને માન આપે અને સુખી રાખે તો ગમે, પણ જો એજ બધું પોતાનો દીકરો વહુ માટે કરે તો ના ગમે. આ કેવો અન્યાય? દીકરો ભણી આગળ વધે, વિદેશ જાય, તરક્કી કરે તો ઘમંડ થાય પણ એજ દીકરી કરે તો એના ઉપર ઘમંડ કેમ નહી? બહુ ઓછા લોકોને ખબર હશે કે આનંદીબાઈ ગોપાલરાઓ જોશી પહેલી ઈન્ડિયન સ્ત્રી હતી જે U.S.A. જઈ, મેડિસીનની ડિગ્રી લઈ ડૉક્ટર બન્યા હતા.



જો લોકો સ્ત્રી/દીકરી પ્રત્યેની પોતાની વિચારધારણા બદલે તો ઘણું બદલાઈ શકે છે અને ઘણો વિકાસ થઇ શકે છે. આજ વિષય પર શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમાં પ્રથમ વાર એક મ્યુઝીકલ ડ્રામા કરવામાં આવ્યું હતું. મુંબઈમાં આપણા જ્ઞાતિ ના સ્નેહ સંમેલન-૨૦૧૫મા મુંબઈના યુવા મંડળ યુથ ક્રિએટીવ કમ્યુનિટી (YCC) એ “બેટી બચાઓ - Save Girl Child” મ્યુઝીકલ ડ્રામાની રજુઆત કરી હતી. જેની કોરિયોગ્રાફી અને સ્ક્રિપ્ટીંગ મેં – બંસી બુધ્ધભટ્ટીએ કરી હતી. આ ડ્રામાના કલાકારો હતા : નિકીતા બુધ્ધભટ્ટી, બંસી બુધ્ધભટ્ટી, કાજલ બુધ્ધભટ્ટી, કવિતા બુધ્ધભટ્ટી, વર્ષા બુધ્ધભટ્ટી, વૈશાલી શાહ, કરણ કોટડિયા, સાગર બુધ્ધભટ્ટી, કુણાલ બુધ્ધભટ્ટી, મૌલિક પોમલ.

આ અમારી YCCની એક નાની કોશિશ હતી – દેશમાં થતી ઘટનાઓની જાગરૂકતા વધારવા. જો તમારો સાથ સહકાર મળતો રહેશે તો અમે અલગ - અલગ વિષય અને ideas લઈને કંઈક અલગ કરવાની કોશિશ કરશું જેથી આપણી જ્ઞાતિનું નામ રોશન થાય.

## જંગલમાં મંગલ (૧)

લતાબેન સોલંકી

(ગતાંકથી ચાલુ)

જંગલના બધા પશુ પક્ષીઓ મેળામાં મહાલવાની ને આનંદ મેળવવા મેળાની રાહ જોવા લાગ્યા. જોતજોતામાં મેળાનો દિવસ આવી પહોંચ્યો. સ્ટોલ ધારકોએ સ્ટોલ શણગાર્યા. પંડાલ બંધાવ્યા, ખુરશી ટેબલ ગોઠવ્યા... સૌથી પહેલો સ્ટોલ કાગડા કાકાનો હતો. મીઠાઈનો સ્ટોલ... લાઉડ સ્પીકર પર કાગડીકાકી બધાને વેલકમ કરતા બોલતા હતા, 'આવો... આવો... મનભરીને મીઠાઈ આરોગો... મોહનથાળ... લાડુ... ગુલાબજાંબુ, જલેબી, મેસુક... આવો આવો... મીઠું મોં કરતા જાવ. અમારી મીઠાઈ ખાઓ ને મેળામાં ફરવાની ઍનર્જી મેળવતા જાઓ... એકવાર ખાશો તો વારંવાર ખાવાની ઇચ્છા થશે. આવો... આવો...

મોજીલા માકડાનો પરિવાર... ચીં ચીં કરતી ચકલીના બચ્ચા... કાળીયાર ઘુવડ, શિયાળ જેવા બધા પ્રાણીઓએ મીઠાઈના સ્ટોલમાં જલેબી, લાડુ, બરફી, પેંડા, ગાંઠિયા, ચવાણાની લિજ્જત માણી.. વાહ, કાગડાકાકા... સરસ મીઠાઈ છે, સ્વાદિષ્ટ મીઠાઈ છે... કહી પ્રસંશા કરી... હરખચંદ હરણના રમકડાના સ્ટોલ પર તો પ્રાણીઓના બચ્ચાઓની ભારે ભીડ જામી હતી. ચાલણ ગાડી, બેટબોલ, હોકી સ્ટીક, ફ્લાઈંગ ડિશ, ગુલાંટ ખાતો વાંદરો, ઢીંગલા - ઢીંગલી, કેરમ, ચેસ, મોટર, બસ, ગાડું, ઉડતો પોપટ, વિમાન... હરખચંદ હરણનો સમસ્ત પરિવાર હસતે મોઢે રમકડા બતાવતો ને બાળકો હોંશે હોંશે લઈ રાજી થતા... ઘેલજી ઘુવડ અને કામઠા કાંકીડાનો જાદુનો શો જોવા લાંબી લાઈનો લાગી હતી. ચકલીના બચ્ચામાંથી કાગડો બની જાય, ખાલી ટોપીમાંથી રમકડા નીકળે... સિંહ વાંસળી વગાડે તો હરણ થઈ જાય. બિસ્કીટના થોકડે થોકડા પેકેટ ખાલી હાથમાંથી નીકળે એવા જુદા જુદા ખેલ કામઠા કાકીંડાને ઘેલજી ઘુવડે બતાવી પ્રાણીઓને ખુશ કર્યા. ચકડોળનું નામ સાંભળી સસલાના બચ્ચાઓ તો દોડવા માંડ્યા. ખિસકોલી, શિયાળ, બિલાડી, વાઘના બચ્ચા પણ ચકડોળમાં વારાફરતી ગોઠવાયા. ચકડોળ ગોળ ગોળ ફરતું ગયું અને બચ્ચાઓની કિલકારીઓથી મેળો ગાજી ઉઠ્યો. વાલીમા વાઘણના જમ્પિંગ શો માં વાંદરા, બિલાડી, સિંહ, ચિત્તા, કાળીયાર હરણના બચ્ચાઓ જમ્પ લગાવતા જાય ને વાલીમા વાલીમા મજા પડે છે કહેતા જાય... હરજી હાથી અને ઉત્તમચંદ ઊંટના હોર્સ રાઈડિંગ અને કેમલ રાઈડિંગમાં જંગલી ગધેડા, ચીતલ હરણ, જીરાફના બચ્ચા સાથે મોર, કોયલ, ઘુવડ, સસલા, વરૂના બચ્ચાઓએ પણ સવારી કરી. સવારી કરી ગાતા જાય, 'ચાલ ચાલ મારા ઘોડા, ચાલ ચાલ મારા ઊંટડા... લઈ ચાલ અમને નદીએ નહાવા ને જંગલમાં ફરવા... ચાલ ચાલ...'

મેળામાં હરતા ફરતા ભૂખ લાગે તો બધા પોપટલાલના સ્ટોલમાં પહોંચતા જ્યાં પોપકોર્ન, ભાખરી - શાક, પૂરી, દહીં, પરોઠા, દહીં - દૂધ, લસ્સી, છાશ, પરોઠા, ખારી ભાત, સુખડી, રોટલો, માખણ, ઑળો... એવી તો કેટકેટલી વાનગીઓનું મેનું હતું. જે આરામથી આસન પર બેસી પાટલા પર થાળી પીરસાતી તો પોપટલાલ મેનાબેન સહુને આગ્રહ કરી કરી જમાડતા... અને કહેતા કોઈ પણ એઠું મૂકશો નહીં. અન્નનો બગાડ કરશો નહીં. છતાં ગલબા શિયાળે એઠું મૂક્યું. ગલબા શિયાળને અડધો કલાક ત્યાં વાસણ સાફ કરવાની સજા મળી. તે પછી તો ગલબો શિયાળ જ બધાને સમજાવવા લાગ્યો કે એઠું મૂકવું પાપ છે. ડાહ્યાલાલ ડોબરમેનના ડોગ શો માં કૂતરાઓ જુદા જુદા કરતબ દેખાડતા હતા. બળતી રીંગમાંથી સલામત કૂદવું, સાઈકલ ચલાવવી, ફુટબોલ રમવું, સૂંઘીને બિસ્કીટનું પેકેટ લાવવું... આવા તો હજી અનેક શો મેળામાં છે.

બીજા શો વિશે આવતા અંકે. ■

## 'ચા'ની વિવિધ રેસીપી

*– રોહિણી બુધ્ધભટ્ટી*

### ૧. લેમન ગ્રાસ ટી

લેમન ગ્રાસની બે-ત્રણ દાંડી કાપીને, ધોઈને તેના નાના-નાના ટુકડામાં કાપી, એક કપ ઉકળતા ગરમ પાણીમાં નાખીને પાણીનો રંગ બદલાય ત્યાં સુધી મૂકી રાખો. ત્યારબાદ તેમાં લીંબુનો રસ અને થોડી ખાંડ નાખીને પીવો.

### ૨. ગ્રીન ટી

ચા ની તાજી પત્તીઓને વરાળ આપીને ગ્રીન ટી તૈયાર કરવી જોઈએ. ગ્રીન ટી બનાવતી વખતે તેના પાણીને વધારે ન ઉકાળો. આનાથી ચાની સોડમ ઓછી થઈ જાય છે. આ ચા માં થોડા લીંબુના ટીપા નાખીને પી શકાય છે. સ્વીટનેસ માટે મધનો ઉપયોગ કરો. તેમાં નાસપતિનાં ટુકડા, સફરજનના ટુકડા કે ફુદીનાનો રસ પણ ઉમેરી શકાય છે.

### ૩. ફુદીનાની ચા

ફુદીનાના પાનને સારી રીતે સૂકવી લો. ત્યારબાદ તેને બંને હાથે ભૂંસીને ભૂકો કરી નાખો. આ ભૂકો એરટાઈટ ડબ્બામાં ભરી લો. ચા પીવી હોયત્યારે ગરમ પાણીમાં બે ચમચી ભૂકો નાખીને ગાળી લો. તેમાં થોડું મધ ઉમેરો એટલે ચા તૈયાર. ■

**મીતા'સ કોર્નર**

# હસવું, હસાવવું અને હસી કાઢવું!!

**મીતા એન. સોલંકી**

આ જિંદગીને તમારે કેવી રીતે જીવવી છે એ મહદ્ અંશે તમારા હાથમાં છે. સમસ્યાઓ તો પારાવાર છે, તો હતાશ થઈને બેઠા રહીશું? રડશું? બીજાની સિમ્પથી મેળવવા માટે બિચારા બની રહીશું? આમ કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે?

ના, બિલકુલ નહીં આવે!

તો? દાંત કચકચાવીને લડવું પડશે, સંઘર્ષ કરવો પડશે અથવા તો સમસ્યા છે એમ સ્વીકાર્યા વગર તેને હસી કાઢવી પડશે!

ઘણી વ્યક્તિ સમસ્યા વિશે વિચારવાનું ટાળી બીજા પર દોષનો ટોપલો ઢોળી દે છે. આમ કરી પોતાનો જ જીવન વિકાસ રૂંધે છે. વિચારનારી વ્યક્તિ જ હંમેશાં વધારે વિકાસ કરે છે.

સુખી તો બધાને થવું છે પણ વિચારો મેનેજ નથી કરતા આવડતા. આ થૉટ મેનેજમેન્ટનો અભાવ દુ:ખ જન્માવે છે. સ્ટ્રેસ મેનેજ અને ટાઈમ મેનેજ કરતા પણ થૉટ મેનેજમેન્ટ આવડી જાય તો સમગ્ર જીવન સુંદર રીતે મેનેજ કરી શકાશે.

મહાન વ્યક્તિઓના જીવનમાં ખળભળાવી મૂકે તેવી સમસ્યાઓમાં પણ સમતા કેળવી થૉટ મેનેજ કરવાની 'હેબીટ'ને કારણે ભાંગી પડતા નથી. તમારી પાસે સારો ધંધો, વ્યવસાય, નોકરી કે પૂરતા પ્રમાણમાં પૈસા પણ છે તોય જીવનમાં શાંતિ અને સુખનો અનુભવ ન કરી શકતા હો તો આ થૉટ મેનેજમેન્ટના અભાવને કારણે જ છે. વિચારોને અને ઇચ્છા - અપેક્ષાઓને નિયંત્રણમાં રાખવાની કલા બહુ જરૂરી છે.

વધુ પડતી ભાગદોડ - ઝડપ પણ સ્ટ્રેસ જન્માવે છે. થોડી ધીમી સ્પીડ સારી છે.

મુખ પર ગંભીરતાનો મુખવટો પહેરીને ફર્યા કરવાથી સમસ્યા હળવી નથી થતી. હળવા બની મળવા જેવા બની રહીએ. પોતાના ખરાબ વિચારો - ઈર્ષ્યા - અદેખાઈ - નેગેટીવીટીના વાઈબ્રન્સ (તરંગો) તમારી આંખમાં આવી જાય છે. ન બોલ્યા વિના જ એનું પ્રતિબિંબ તમારા ચહેરા અને આંખમાં ડોકાઈ આવે છે. તેનું પ્રતિબિંબ તમારી સામેવાળી વ્યક્તિને 'વંચાઈ' જ જાય છે.

મારા મત મુજબ આ વિચારોનું નિયમન, નામનો વિષય સ્કુલના ભણતરમાં આવી જવો જોઈએ. અને તેને એક 'વિષય' તરીકે સ્થાન આપવું જોઈએ. જેથી કરીને બાળકો વહેલી તકે વિચારોને મેનેજ કરતા શીખી લે અને સમગ્ર લાઈફમાં સ્યુસાઈડ જેવા વિચારોથી દૂર રહે. અને નકારાત્મક પરિસ્થિતિમાં હતાશા ન અનુભવે!

ઘણી વ્યક્તિઓના મુડ સ્વિંગ થતા વાર નથી લાગતી. ઘડીકમાં મુડ બદલાઈ જાય. બાહ્ય પરિસ્થિતિ તેમનો મુડ બનાવે અને બગાડે. આવી વ્યક્તિઓના મૂળમાં 'થૉટ મેનેજમેન્ટ'ની ખામીને કારણે જ થાય છે.

કોઈ પણ મહાન સમસ્યાઓના મૂળ આ મગજના મૂળમાં જ છે. એટલે કે વિચારરૂપી બીજમાં જ છે. વિચાર સારા, તો સમસ્યા હળવી! અસુખ - સુખ, અજંપો અને શાંતિ — બધું જ આપણામાં જ છે.

- **સીક્સર :**

અંધારાને ગાળો દેવા કરતાં એક મીણબત્તી સળગાવવી સારી!! ■

---

## મેનોપોઝ પછી તંદુરસ્ત જીવન જીવવાની ચાવીઓ

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

મેનોપોઝ પછી કેન્સર થવાની શક્યતા વધારે જોવા મળે છે. તે માટે ૪૦ વર્ષની ઉંમર પછી જેવા Memography, Pepsmear ટેસ્ટ કરાવી લેવા. મેનોપોઝ પછી રક્તસ્રાવ થવો કે યોનિમાંથી પાણી પડવું (Vaginal discharge) વગેરે તકલીફ હોય તો તરત જ તપાસ કરાવવી જરૂર હોય છે.

મેનોપોઝ પછી ચયાપચય (metabolism)ની ક્રિયા પર પણ અસર પડે છે.

આપણે એવું માનીએ છીએ કે મેનોપોઝ પછી વજન વધે છે. આ ખરેખર બરાબર નથી. પણ એનું મુખ્ય કારણ estrogen (hormone) નું અચાનક ઓછું થઈ જવાને કારણે પેટની ચરબી વધવા માંડે છે, જે ઇન્સ્યુલીન metabolism માટે જરૂરી હોય છે. તેને અટકાવવા માટે કાર્યપદ્ધતિમાં ફેરફાર, શારીરિક કસરત, ઓછી કેલેરીવાળા આહાર તે જ મુખ્ય વિકલ્પ છે. આ દરમ્યાન ડાયાબિટીસ થવાનું પણ જોખમ રહે છે.

મેનોપોઝ પછી રોગોથી બચવા માટે આટલું ખૂબ જ જરૂરી છે. નિયમિત હળવી કસરત, સ્વાસ્થ્યપ્રદ આહાર, વજન પર નિયંત્રણ, નિયમિત કેન્સર માટે પરીક્ષણ, મનને હંમેશા પ્રવૃત્તિશીલ રાખવું અને પોતાને ગમતી પ્રવૃત્તિઓ કરવાની.

મેનોપોઝ, એ જીવનનો એક તબક્કો છે. તેને હર્ષથી વધાવી, હકારાત્મક વિચારશૈલી (Positive attitude) રાખી અને સ્વસ્થ જીવન જીવો. કાલના તંદુરસ્ત જીવન માટે આજથી જીવનક્રિયામાં પરિવર્તન કરીએ.

***સૌજન્ય : 'લોહાણા પ્રકાશ'***

# શ્રધ્ધાંજલિ

**મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે ।**
**મરે છે માનવી પોતે પણ તેના કામ જીવે છે ॥**




## સ્વ. કાંતિલાલ (પોપટલાલ) નાગજીભાઈ બારમેડા

રામશરણ : ૩ માર્ચ ૨૦૧૬

મૂળ વિથોણના હાલ અમદાવાદ રહેતા અમારા
સ્વ. કાંતિલાલ (પોપટલાલ) નાગજીભાઈ બારમેડા ઉ. આ. ૭૮
તે વેલજીભાઈ, હિરાગૌરીબેનનાં નાનાભાઈ, કેશવલાલના મોટાભાઈ
તથા રાજેન્દ્રભાઈ, ગીરીશભાઈ, સ્વ.હીનાબેન, રીટાબેનનાં પિતાશ્રી,
તથા રૂપલ, ધવલ, અંકિતા, દીના, દીતી, મનનનાં દાદાશ્રી,
તથા મલય, રીના, કોમલ, નિરાલીનાં નાનાશ્રી
તે મિહિરનાં પરદાદાશ્રી, અને ઉર્વીનનાં પરનાનાશ્રી
તા. ૩-૩-૨૦૧૬નાં રામશરણ પામેલ છે.

RNI No. : Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.



Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00